ગોળીબારની મુસાફરી

લેખક-
સૌ. હંસા મહેતા



ગોળીબારની મુસાફરી





દિવસમાં દસ વખત લોકોના આનંદ અને અજાયબી વચ્ચે મારા ખેલ ભજવાતા.
- પૃ. ૧૧૬

ગોળીબારની મુસાફરી



સંપાદક
તથા પ્રકાશક
સૌ. હંસા મહેતા

સંયુક્ત પહેલી આવૃત્તિ • જેઠ ૧૯૯૬

કિંમત રૂ. ૧-૮-૦

મુદ્રક • બચુભાઇ પોપટભાઇ રાવત કુમાર પ્રિન્ટરી, રાયપુર, અમદાવાદ
પ્રકાશક • સૌ. હંસા મહેતા, દીનનો બંગલો, કિંગ એડવર્ડ રોડ, મુંબાઈ–૧૨

અર્પણ

ચિ. હર્ષરાજને

સૌ. હંસાબ્હેન મહેતા કૃત પુસ્તકો

ૐ

બાળવાર્તાવલિ

(ચોથી આવૃત્તિ છપાય છે)

•

બાળવાર્તાવલિ ભાગ ૨ જો

•

બાવલાનાં પરાક્રમ

(ત્રીજી આવૃત્તિ કુમાર પ્રિન્ટરીમાં છપાય છે)

•

ગોળીબારની મુસાફરી ભાગ ૧ લો અને ૨ જો

•

રૂકિમણી

(સયાજી બાલપુસ્તકમાળા)

•

અરુણનું અદ્દભુત સ્વપ્ન

•

ત્રણ નાટકો

બે બોલ

'ગુલિવર્સ ટ્રાવેલ્સ' એ મૂળ અંગ્રેજી પુસ્તકના પહેલા બે ભાગના અનુવાદો મેં પુસ્તક દ્વારા, અલગ અલગ, ગોળીબારની મુસાફરી ભાગ ૧ લો અને ૨ જો એ રીતે અનુક્રમે પ્રસિદ્ધ કર્યા હતા. આજે એ બંને ભાગને એક પુસ્તકમાં પ્રગટ કરતાં આનંદ થાય છે.

પહેલા ભાગની બે આવૃત્તિઓ અને બીજા ભાગની એક આવૃત્તિ ખલાસ થઈ તે એ પુસ્તકોની બાલપ્રિયતા બતાવે છે. મુસાફરી એટલે સાહસ અને કંઇક અદ્ભુતતા; એટલે સાહસપ્રેમી બાળકોને આવાં પુસ્તકો ગમે એમાં નવાઈ નથી. આપણા દેશમાં આજે સાહસિક સ્ત્રીપુરુષોની ખૂબ જ જરૂર છે. સાહસનું પોષણ સાહિત્ય દ્વારા જ કરી શકાય. આપણા બાળસાહિત્યમાં સાહસને પોષનારાં આવાં પુસ્તકોની ઊણપ છે. એ ઊણપ કંઈક અંશે પૂરવાને અને સાહસનું એવું પુસ્તક ગુજરાતનાં બાળકોને આપવાની દૃષ્ટિએ જ આ મૂળ અંગ્રેજી પુસ્તકનો અનુવાદ કરવા પ્રેરાઇ હતી.

આ પુસ્તકમાં મૂળ પુસ્તકનું શબ્દે શબ્દ ભાષાંતર નથી. આખી પીઠિકા દેશને અનુકૂળ બદલી છે. બીજા ભાગમાં તો પ્રકરણ છઠ્ઠું તદ્દન નવેસરથી લખ્યું છે.

આશા છે કે આ પુસ્તકની આવૃત્તિ પણ જલદી ખતમ કરી ગુજરાતનાં બાળકો પુસ્તક પ્રત્યેનો પ્રેમ દાખવશે.

તા. ૩૦–૫–૪૦ હંસા મહેતા

દીનનો બંગલો · કિંગ એડવર્ડ રોડ
મુંબઇ–૧૨

આટલી છાપભૂલો સુધારી લેજો

પાનું	૧૩	લીટી	૨૧	ઘંટી	ને બદલે	ઘૂંટી	જોઈએ
,,	૧૯	,,	૧૧	ભાવવક્કર	,,	ભારવક્કર	,,
,,	૨૫	,,	૧૩	તયાર	,,	તૈયાર	,,
,,	૧૧૭	,,	૩	પસા	,,	પૈસા	,,
,,	૧૧૯	,,	૯	આખ	,,	આખા	,,
,,	૧૨૨	,,	૧૪	કઢગી	,,	કઢંગી	,,
,,	૧૨૫	,,	૭	ઓરસચોરસ	,,	ચોરસ	,,
,,	૧૨૬	,,	૧૦	ચીનીનીને	,,	ચીનીને	,,

અનુક્રમણિકા

ભાગ બીજો

ચિત્રોનો ક્રમ

ગોળીબારની મુસાફરી

ભાગ પહેલો

પ્રકરણ પહેલું

મારું ઓળખાણ

તાપી નદીના સુંદર તટ પર આવેલું સુરત બંદર ઇસ્વી સનની ૧૭મી સદીની આખરે જાહોજલાલીની ટોચ પર હતું. મોગલ શહેનશાહતનાં અનેક મુખ્ય શહેરોમાંનું એક, સુરત મહત્ત્વનું નગર હતું. સારા હિંદુસ્તાનનું એ ભવ્ય બજાર હતું. ત્યાં દેશદેશાવરનાં વહાણો વેપાર અર્થે આવતાં. દુનિયામાં બનતી સર્વ ચીજોની ત્યાં આપલે થતી. હિંદુસ્તાનનું દરેક જાતનું સુતરાઉ કાપડ; યુરોપ તથા ચીનમાં બનેલી સર્વ ચીજો; હીરા, મોતી, માણેક તેમજ બીજાં અનેક કીમતી રત્નો; કસ્તુરી, અંબર, અબરખ, ધૂપ, પારો, લાખ, ગળી, રાતો રંગ અને પૂર્વની તેમજ હિંદની ઔષધિઓ; વગેરે ભાતભાતની ચીજો સુરતના બજારમાં મળતી.

આ લક્ષ્મીમહોર્યા શહેરમાં મારો જન્મ વિક્રમ સંવત ૧૭૩૧—ઈ. સ. ૧૬૭૫માં થયો હતો. અમે ખરેખરા તો ગોપીપરાવાસી, પણ મારા પિતાને બંદરના જકાત ખાતામાં નોકરી, એટલે અમે નદીકિનારે કિલ્લાની નજીકમાં જ રહેતા. આથી નાનપણથી જ હું તાપીમાતાનો ભક્ત બન્યો. મારા ધામા જ રાજાઓવારે. ખારવાના છોકરાઓ સાથે રહી હું તરવામાં પણ એક્કો

બન્યો, એટલે ગરમીની મોસમમાં તો અમે પાણીમાં જ પડી રહેતા. અસંખ્ય વહાણો રાજાઓવારે આવતાં તથા માલ લાવતાં અને લઈ જતાં. એ વહાણો ગણવાની ને જોવાની બહુ જ મજા પડતી.

જાતજાતના લોકો, એમના ચિત્રવિચિત્ર પહેરવેશ, એમની ભાષા વગેરે જોવા સાંભળવાની બહુ જ ગમ્મત પડતી. આગળ જતાં તો હું કેટલીયે પરદેશી ભાષાઓ સાંભળીને શીખ્યો હતો. વહાણ બાંધનારાઓનાં મોટાંમોટાં કારખાનાંઓ બંદર ઉપર હતાં. એની મુલાકાત પણ અમારી બાળટોળી લઈ આવતી. નવું વહાણ તૈયાર થયે પાણીમાં પધરાવતા તે જોવા પણ અમે હાજર જ! ઘણીવાર મછવામાં બેસી અમે સુંવાળી ગામ લગી પણ જઈ આવતા. ત્યાં તો કેટલાંયે મોટાંમોટાં વહાણો નાંગરેલાં જોતા. આવા મોજીલા વાતાવરણમાં ઉછરવાથી મારો સ્વભાવ પણ મોજીલો બન્યો હતો. વહાણના નાખુદાઓ, ટંડેલો તથા ખલાસીઓનાં પરાક્રમો સાંભળીસાંભળી મને પણ દરિયાઈ સફરે જવાનું બહુ મન થતું; અને ભવિષ્યમાં વહાણવટી જ બનવું એવો મેં સંકલ્પ કર્યો હતો.

ગોળીબાર એ કંઈ મારું ખરું નામ નહોતું. હું જન્મ્યો એ અરસામાં મરાઠાઓએ ઉપરાછાપરી સુરત ઉપર દરોડા પાડેલા અને શહેરને લૂંટેલું. આથી ઘણા શહેરીઓ બંદુક રાખતા. મારા પિતા પણ બંદુક રાખતા. મારી માતાને સુવાવડનો પ્રસંગ હતો એટલે અમે ગોપીપરાના ઘરમાં રહેતાં. મારા પિતા પણ રાતરાતના ત્યાં જ રહેતા. એક રાત્રે એમને કંઈ ભણકારો પડ્યો કે મરાઠાઓ આવ્યા. એમણે ઊંઘમાંથી ઝબકી બંદુક લઈ ખૂબ

ગોળીબાર કર્યા. આથી પડોશીઓ ગભરાઇને દોડી આવ્યા. બીજે દિવસે બધાએ એમને ખૂબ બનાવ્યા. ત્યારથી એ ગોળીબારના નામે જ ઓળખાવા લાગ્યા. સુરતના લોકોને નામ પાડતાં વાર લાગતી નથી. રામબોલો, ભાખરો, જીથરો, જીરાખાઉ એવીએવી અટકો આવી જ રીતે પડી હશે.

અમે મૂળ મુત્સદ્દીવર્ગના, એટલે મારું શિક્ષણ પણ એવા જ પ્રકારનું. ફારસી એ દરબારી ભાષા હતી, એટલે હું તે બહુ જ સારી રીતે લખતાંવાંચતાં શીખ્યો હતો. મારા પિતાની ઇચ્છા તો હતી કે હું કોઇ સરકારી નોકરીમાં દાખલ થઇ જાઉં. પરંતુ મારે તો વહાણવટું કરવું હતું, એટલે તાપીનો કિનારો છોડવો કેમ ગમે? આખરે મારી ઇચ્છાને આધીન થઈ મારા પિતાએ ભલામણ કર્યાથી અંગ્રેજી કોઠીમાં મને માસ્તર તરીકે નોકરી મળી. જે જુવાન અંગ્રેજો પરદેશથી તાજા આવતા તેમને હું ફારસી તથા ગુજરાતી શીખવતો. સાથે હું દુભાષિયાનું કામ પણ કરતો. જાતજાતના લોકોના સહવાસમાં આવી હું પણ વલન્દા, ફિરંગી, અંગ્રેજી વગેરે અનેક ભાષાઓ થોડીથોડી શીખ્યો હતો. દુભાષિયા તરીકે હું અનેક નૌકાપતિઓ (કપ્તાનો)ના સમાગમમાં પણ આવ્યો. એમને મોંએ પણ દરિયાની નવાઇઓ વિષે સાંભળીસાંભળી મને સફરે જવાની તીવ્ર ઇચ્છા થવા લાગી.

એક નૌકાપતિને મારી આ ઇચ્છા જણાવતાં એણે મને સલાહ આપી કે જો હું દાક્તરી જ્ઞાન મેળવું તો વહાણના દાક્તર તરીકે મને જવાના પ્રસંગો મળે. અંગ્રેજી કોઠીમાં બે દાક્તરો

રહેતા: એક અંગ્રેજ અને બીજો દેશી. એમની પાસે રહી મેં અભ્યાસ કરવાનો નિશ્ચય કર્યો. મારા પિતાએ પણ ખુશીથી પરવાનગી આપી. ત્રણચાર વર્ષ હું આ બંને દાક્તરો પાસે રહ્યો અને જેટલું શીખાય તેટલું શીખ્યો. જ્યારે મને લાગ્યું કે હવે મારાથી એ કામ થઈ શકશે ત્યારે મારા પિતાને કોઈ વહાણમાં નોકરી અપાવવા વિષે કહ્યું. એમને જકાત ખાતામાં રહીને અનેક વહાણવટીઓ અને શેઠીઆઓ સાથે સારી દોસ્તી થએલી, એટલે એક શેઠીઆને ભલામણ કરતાં તરત જ મને નોકરી મળી.

મારી આવી પરદેશ જવાની તૈયારી પર મારા સસરાને બહુ જ અણગમો હતો. પણ મારી હઠીલાઈ આગળ શું કરે? મારું લગ્ન તો હું પંદર વર્ષનો હતો ત્યારે એક નવ વર્ષની કન્યા સાથે થયું હતું. એક વખત લગ્ન થઈ ગયા એટલે છોકરીવાળાને પૂછે પણ કોણ! મારા ઉપડવાનો દિવસ પાસે આવ્યો. વિક્રમ સંવત ૧૭૫૫ (ઇ. સ. ૧૬૯૯)ના વૈશાખની શરૂઆતમાં અમે 'જળમૃગ' વહાણમાં જાવા સુમાત્રા વગેરે તરફ જવા ઉપડ્યા.

પ્રકરણ બીજું

તોફાન

સિંહલદ્વીપ છોડ્યા પછી અમને એક જબરું તોફાન નડ્યું. અમારો રસ્તો ચૂકી અમે ખૂબ દક્ષિણ તરફ ઘસડાયા.

પછી છ મહિના લગી અમારું વહાણ આમથી તેમ જમીનના દર્શન વિના ભટક્યું. ખાવાની તંગી ને મહેનતને લીધે અમારા બાર ખલાસીઓ મરણ પામ્યા. બીજા બધા પણ મુડદાલ હાલતમાં હતા. દીવાળી પર જીવતા હોઇશું કે કેમ તેની પણ શંકા હતી.

એટલામાં એક દિવસ સવારના પહોરમાં એક ખડક દેખાયો. પવન જોરથી ફૂંકાતો હતો, એટલે ગમે તેટલી મહેનત કર્યા છતાં પણ અમે સીધા એ ખડક તરફ જ ઘસડાયા.

વહાણ ખડક સાથે એટલા જોરથી અફળાયું કે એના બે કકડા જ થયા! હું અને પાંચેક ખલાસીઓ એક નાના મછવામાં કૂદી પડ્યા, અને ખડક તથા ભાંગેલા વહાણ સાથે મછવો અથડાય નહિ તેની સંભાળ રાખી મહા મહેનતે એક બાજુ પર નીકળી ગયા. જ્યાં લગી જોર હતું ત્યાં લગી અમે હલેસાં માર્યાં.

પછી તો દરિયાના તરંગો જ્યાં લઇ જાય ત્યાં ગયા સિવાય છુટકો જ નથી, કરી હાથ જોડી અમે બેઠા. થોડી વારમાં તો પવનનો એવો સૂસવાટો આવ્યો કે અમારો મછવો ઊંધો જ વળ્યો.

મારા સિવાય બીજાઓનું શું થયું તેની મને ખબર નથી. ઘણુંખરું તો બધા નાશ પામ્યા હશે. પણ હું તરતોતરતો નસીબ દોરે ત્યાં—પવન અને મોજાં ઘસડે ત્યાં—ઘસડાયો.

દરિયાનું તળિયું જોવા હું ઘણીવાર મારા પગ નીચે લંબાવી જોતો; પણ જમીન લાગે જ શેની?

છેવટે હું થાકીને લોથ થયો અને જીવવાની આશા મૂકી. ભોગજોગે એ જ અરસામાં મારા પગ તળિયાને અડકયા અને હું છાછરા પાણીમાં આવ્યો છું એમ લાગ્યું. તોફાન પણ ઓછું થયું હતું. લગભગ એક માઈલ લગી તો હું છાછરા પાણીમાં ચાલ્યો.

સાંજ પડવા આવી ત્યારે હું કિનારે પહોંચ્યો. કિનારા પર પણ હું અરધોક માઈલ ચાલ્યો, પણ કોઈ મનુષ્ય નજરે પડયું નહિ. કદાચ હું પોતે જ એવો થાકી ગયો હતો કે મારી આંખે કોઇ દેખાયું નહિ હોય. થાકથી તથા હવામાંના ઉકળાટને લીધે મને ખૂબ ઊંઘ આવવા લાગી. જમીન પર કૂણું અને રેશમ જેવું સુંવાળું ઘાસ હતું તેના પર હું પડયો, અને થોડી વારમાં તો જિંદગીમાં કદિ નહિ પડયો હોઉં એવી ઘસઘસાટ ઊંઘમાં પડયો.

પ્રકરણ ત્રીજું

લીલીપુટનો અતિથિ

જ્યારે હું જાગ્યો ત્યારે સવારનું ઝાંઝરકું થવા આવ્યું હતું. મેં ઊઠવા માંડ્યું ત્યા તો મારા શરીરને જકડીને બાંધેલું જોયું! હું જરાયે હાલી પણ ન શક્યો. હું ચત્તોપાટ સૂતો હતો. જોયું તો મારા બંને હાથ ને પગ જમીન સાથે જકડી લેવામાં આવ્યા હતા. મારા વાળ પણ એવી જ રીતે જમીન સાથે બાંધી લીધા હતા. પાતળી દોરી વડે મારું આખું શરીર બાંધી લીધેલું લાગ્યું.

હું માત્ર આકાશ તરફ જ જોઈ શકતો હતો. સૂર્યનારાયણ પણ ધીમેધીમે તપવા લાગ્યા. એનું તેજ મારી આંખને પીડવા લાગ્યું. એટલામાં મારી આસપાસ કંઇ ગણગણાટ સંભળાવા લાગ્યો.

થોડી વારે મારા ડાબા પગ પર કંઈક સળવળાટ થયો. કોઇ જીવડું ચાલતું હોય એમ મને લાગ્યું. એ જીવડું ચાલતુંચાલતું મારી છાતી પર થઇ મારી દાઢી લગી આવી પહોંચ્યું.

એ શું છે એ જોવાને મ આંખો જેટલી નીચી થાય એટલી નીચી કરી. ત્યાં મેં શું જોયું? એક છ આંગળનું વહેંતિયું!

એના હાથમાં ધનુષબાણ હતાં અને ખભે એણે ભાથો બાંધ્યો હતો. એ પહેલા આવનારની પાછળ લગભગ ચાળીસ એવાં વહેંતિયાં

આવતાં હોય એમ મને લાગ્યું.

આવડી નાની મનુષ્યાકૃતિઓ જોઈ મને બહુ જ નવાઇ લાગી. સાથે એટલી રમૂજ લાગી કે મારાથી જોરથી હસી પડાયું.

મારા હસવાનો અવાજ સાંભળી આ વામનજીઓ એવા તો ગભરાયા કે જીવ લઈને નાઠા. ગભરાટમાં કેટલાએકે મારા શરીર પરથી નીચે ભુસ્કો માર્યો. એમાં કોઇના હાથ ભાંગ્યા તો કોઈના પગ ભાંગ્યા. એમ કંઈ ને કંઈ ઈજા થઈ.

થોડી વાર હું ફરી ચુપચુપ પડી રહ્યો એટલે એમને ફરી હિંમત આવી અને પાછા મારી પર ચડવા લાગ્યા. એક જણ તો ખૂબ બહાદુરી કરી મારું મોં જણાય એટલું પાસે આવી ઊભું.

એને પણ મારું મોં જોઈ નવાઈ લાગી હશે. એણે હાથ અને આંખો ઊંચાં કરી તીણા પણ સ્પષ્ટ અવાજે બૂમ પાડીઃ 'હેકીનાહ ડીગલ—હેકીનાહ ડીગલ.'

બીજાઓએ પણ આ શબ્દો વારંવાર પોકાર્યા. આ બધું મારી આસપાસ શું ચાલતું હતું તે ન જોઈ શકવાથી મને બહુ જ અકળામણ આવી.

આખરે મેં જોર કરી મારા ડાબા હાથની દોરીઓ જે ખીલા સાથે બાંધી હતી તેને ખેંચી કાઢ્યો; મારા વાળની દોરીઓ પણ જરા ઢીલી કરી, જેથી મારું માથું ઊંચકી શકું.

પછી જેવો હું એ વહેંતિયાંને પકડવા જાઉં છું, ત્યાં તો એ બધાં પાછાં નાઠાં. એક તીણો પોકાર સંભળાયો અને બંધ થયો; ત્યાં એક જણે બૂમ પાડીઃ 'ટોલ્ગો ફોનેક!'

જોતજોતાંમાં તો સો બાણ મારા ડાબા હાથ પર છૂટ્યાં અને સોયની માફક તેમાં ઘોંચાયાં.

બીજાં બાણ ઊંચે હવામાં ફેંકાયાં. તેમાંથી કેટલાંએક મારા શરીર પર પડ્યાં હશે, પણ મને વાગ્યાં નહિ કેટલાંએક મારા મોં પર પડત; પણ તે પહેલાં મારા છૂટા હાથે મેં મોં ઢાંકી દીધું.

બાણનો વરસાદ પૂરો થતાં હું દુઃખથી કરાંજવા લાગ્યો. ફરીથી મેં છૂટવાનો પ્રયત્ન કર્યો. ફરીથી બાણનો વરસાદ શરૂ થયો. આ મારો પહેલાં કરતાં વધારે ચાલ્યો. કેટલાએકે તો ભાલા લઈ મારી બાજુમાં ઘોંચવાનો પ્રયત્ન કર્યો. સારે નસીબે મેં રૂઈદાર ડગલો પહેર્યો હતો એટલે મને વાગ્યું નહિ.

મને લાગ્યું કે શાંત પડી રહેવામાં જ ડહાપણ છે. રાત પડે અને અંધારું થાય ત્યારે મારા છૂટા હાથ વતી બીજાં બંધનો તોડી નાખવાનો મારો ઇરાદો હતો. એક વાર છૂટા થયા પછી આ દેશના બધા વતનીઓ વહેંતિયા હોય તો એમના જેવા તો હજારોને પૂરો પડું એવી મારી ખાત્રી હતી.

પણ માણસ ધારે કંઈ ને ઈશ્વર કરે કંઈ. પેલા બટુકજી-ઓએ જોયું કે હું ગુપચુપ પડ્યો રહ્યો છું, એટલે બાણનો મારો બંધ કર્યો. જે ઘોંઘાટ મારે કાને આવતો હતો તે પરથી લાગતું હતું કે એમની સંખ્યામાં વધારો થયો હતો.

થોડી વારે ધ્યાન દઈ સાંભળ્યું તો મારા જમણા કાનથી થોડે દૂર કંઈ ઠકઠક ઠોકવાનો અવાજ આવતો સંભળાયો. આ અવાજ કલાકેક લગી પહોંચ્યો હશે.

એ બાજુ જેટલું માથું ફેરવી શકાય એટલું ફેરવી મેં જોયું તો ચાર વહેંતિયાં ઊભાં રહી શકે એવો, જમીનથી દોઢ ફૂટ ઊંચો લાકડાનો એક માચડો ઊભો કરેલો જોયો. એને એકાદ બે નીસરણીઓ પણ લગાડેલી જોઈ. એના પર ચઢી કોઇ ઉમરાવ જેવા લાગતા વામનજીએ મને ઉદ્દેશીને મોટું ભાષણ કર્યું.

એ શું બોલ્યો તેનો એક શબ્દ પણ હું સમજી શકયો નહિ. આ મહાશયે ભાષણ શરુ કરતાં પહેલાં ત્રણ વખત જોરથી બૂમ પાડી: 'લાંગ્રો ડે હુલસાન.'

જોતજોતાંમાં તો પચાસેક વહેંતિયાઓએ આવી મારી ડાબી બાજુનાં માથાનાં બંધનો કાઢી નાખ્યાં. આથી હું સારી રીતે જમણી બાજુ માથું ફેરવી શકયો અને ભાષણકર્તાના બોલતી વખતના હાવભાવ જોઈ શકયો.

એ પુખ્ત ઉમરનો અને એના ત્રણ સોબતીઓ કરતાં કંઇક ઊંચો લાગતો હતો. એના બોલવાની ઢબ એક સારા ભાષણકારની હતી. બોલવાની એની રીત પરથી જ હું સમજી શકયો કે મને એમાં કેટલેક ઠેકાણે ધમકીઓ આપવામાં આવી હતી. કેટલેક ઠેકાણે ખાત્રીદાયક શબ્દો ને કેટલેક ઠેકાણે માયાભરેલા શબ્દો પણ હતા.

મેં પણ થોડા શબ્દોમાં ઘણી જ નમનતાઇથી, મારા ડાબા હાથ ને બે આંખો વડે સૂર્યનારાયણને સાક્ષી તરીકે બતાવી, વહાણ છોડતાં પહેલાં કંઇ ખાધું ન હતું એટલે ટકડીને ભૂખ લાગી છે એમ કહી, પેટ તથા મોં તરફ હાથ લઇ જઇ મારે ખાવાનું જોઇએ છે એમ જણાવ્યું.



એ માચડા પર ચડી કોઇ ઉમરાવ જેવા લાગતા વામનજીએ મને ઉદ્દેશીને મોટું ભાષણ કર્યું.

હુર્ગો—ત્યાં આ ઉમરાવને નવાબને બદલે હુર્ગો કહેતા—મારા કહેવાનો ભાવાર્થ સમજ્યો. માચડા પરથી ઊતરી મારી બાજુએ નીસરણી ઉપર થઈ લગભગ સોએક વહેંતિયા માથે ખાવાનાથી ભરેલા ટોપલા લઈને આવ્યા.

ત્યાંના શહેનશાહે મારે વિષે સાંભળતાં જ આ લોકોને મોકલ્યા હતા. આમાં જાતજાતનું ખાવાનું હતું. શું તે હું ઓળખી શક્યો નહિ. હું તો એકએ ટોપલા એક કોળિયામાં ખાવા લાગ્યો. માથે ઢબુ જેવડા રોટલા પણ બેત્રણ સામટા ખાઈ જતો.

જેટલી ઝડપથી હું ખાતો એટલી જ ઝડપથી મારે માટે બીજું ખાવાનું લાવતા. મારી રાક્ષસી ભૂખ અને ખાવાની રીત જોઈ એ બધાંને બહુ જ નવાઈ લાગી.

પછી મેં ઇશારતથી સમજાવ્યું કે મારે કંઈ પીવા જોઈએ છે. મારું પીવાનું પણ મારા ખાવાના પ્રમાણમાં જ હશે અને થોડાથી નહિ ચાલે એમ એ અક્કલવાળા લોકોને તરત જ લાગ્યું.

એક મોટું પીપ એમણે તો મારા શરીર ઉપર ચડાવ્યું. અને મારા મોં તરફ ગબડાવી એનું ઢાંકણું ઉઘાડ્યું. મેં તો એક ઘૂંટડામાં જ બધું ખલાસ કર્યું, કેમકે એ અચ્છેર કરતાં યે ઓછું હતું.

એ પીણું સ્વાદમાં તાડીના જેવું પણ વધારે મીઠું અને સ્વાદવાળું હતું. બીજું પીપ પણ એવી જ રીતે ખલાસ કર્યું અને ત્રીજું લાવવા મેં ઇશારતથી જણાવ્યું. પણ એમની પાસે ત્રીજું હાજર નહોતું.

જ્યારે મારી આ હેરતભરેલી ભક્ષણક્રિયા પૂરી થઈ ત્યારે

એ લોકોએ આનંદનો પોકાર કર્યો અને મારી છાતી પર નાચવા મંડી ગયા, તથા પહેલાં ઉચ્ચારેલા શબ્દો 'હેકીનાહ ડીગલ,હેકીનાહ ડીગલ' એમ અનેક વાર પોકારવા મંડી પડ્યા.

પછી મને ઇશારતથી સમજાવ્યું કે પીપા નીચે ગબડાવી દો. પણ તે પહેલાં નીચે ઊભેલાને 'બોરાક મીવોલાહ' એમ કહી ઘાંટો પાડી દૂર ઊભા રહેવા જણાવ્યું.

જ્યારે પીપને મેં હવામાં ઉછાળ્યાં ત્યારે ફરી 'હેકીનાહ ડીગલ' નો પોકાર થયો. મારા ઉપર વહેંતિયાંઓ આમ મ્હાલા-મ્હાલ કરી રહ્યાં હતાં ત્યારે ઘણી વાર એમાંનાં ચાળીસ પચાસને સામટાં પકડી જમીન પર પટકવાનું મને મન થઈ આવતું. પણ વળી પાછો તીરનો વરસાદ પડે ને મારે દુઃખ ખમવું પડે એ વિચારે, તેમજ મેં મારા ભાષણમાં ગરબડ નહિ કરવાનું વચન આપ્યું હતું એ વિચારે મારો ખ્યાલ ઉડાડી મૂક્યો. તે ઉપરાંત હવે તો, અતિથિધર્મ પ્રમાણે, જે લોકોએ આટલી ઉદારતાથી મારી આગતાસ્વાગતા કરી તેમને નુકસાન કેમ કરાય? આ નાના સરખા વામનજીઓ પણ મારા શરીર પર મારો એક હાથ છૂટો છતાં આમ બેધડક ચાલે અને મારું રાક્ષસી શરીર જોઈ જરા યે ગભરાય નહિ એ પણ કેટલું નવાઈ જેવું!

હું ખાઈ રહ્યો ત્યાં શહેનશાહ તરફથી એક મોટો અમલ-દાર મને મળવા આવ્યો.

આ નામદાર મારા જમણા પગની ઘંટી પરથી ઉપર ચઢી બાર માણસની ટુકડી સાથે મારા મોં નજીક આવી પહોંચ્યા.

તેણે શાહી મહોરસિક્કો મારી જાણ માટે મારી આંખ આગળ ધર્યો અને પછી દસ મિનિટ લગી ભાષણ કર્યું.

બોલતાંબોલતાં તે વારેવારે લાંબો હાથ કરી કંઇ દેખાડતો હતો. પછી હું સમજ્યો કે અરધા માઈલ પર એમનું મુખ્ય શહેર આવ્યું હતું, ત્યાં શહેનશાહના હુકમથી મને લઇ જવાનો હતો.

મેં થોડા શબ્દોમાં જવાબ આપ્યો, પણ ફોકટ. અમારા બેમાંથી એકે જણ સામાનું બોલવું સમજ્યો નહિ હોય.

પછી ઇશારતથી મેં સમજાવ્યું કે મારે છૂટા થવું છે. તે એ નામદાર સમજ્યા હોય એમ લાગ્યું, કારણકે તેમણે ના કહેતા હોય તેમ જોરથી ડોકું ધુણાવ્યું અને મને ચાળા કરી જણાવ્યું કે મને કેદી તરીકે લઈ જવામાં આવશે. સાથે આશ્વાસન આપ્યું કે મને ખાવાપીવાનું ખૂબ મળશે ને સારી સારી બરદાસ લેવામાં આવશે.

મેં છેલ્લી વાર છૂટવાનો પ્રયત્ન કર્યો ત્યાં તો ફરી બાણ વરસ્યાં. પહેલાંનાં બાણ હજી હાથમાં ભોંકાઈ રહ્યાં હતાં ને ત્યાં ફોલ્લા પણ ઊઠ્યા હતા. વળી દુશ્મનની સંખ્યા પણ ખૂબ વધી હતી;એટલે નછૂટકે મેં એમનું શરણ કબૂલ્યું અને ઇશારતથી જણાવ્યું કે એમને જે કરવું હોય તે કરે. આ પરિણામથી હુગો અને એની ટુકડી ખુશ થતીથતી જતી રહી.

થોડી વારમાં તો મેં બધાને બૂમ પાડતા સાંભળ્યા, જેમાં 'પેપલોન સેલાન' એ શબ્દો વારંવાર આવતા હતા. મારી ડાબી બાજુનાં બંધનો પણ ઢીલાં થતાં લાગ્યાં;–એટલે લગી કે હું જમણી બાજુ સહેલાઈથી ફરી શકું.

પછી મારા મોં પર તથા હાથ પર એક જાતનો સુગંધીદાર મલમ લગાડ્યો, તેથી મને જે દુઃખ થતું હતું તે શમી ગયું. મેં ખૂબ ખાધું હતું તેના ઘેનથી, અને દુઃખ-દરદ પણ ઓછું થઈ ગયું એને લીધે મને ખૂબ ઊંઘ આવવા લાગી. જોકે પાછળથી મને ખબર પડી કે મારા પીણામાં શહેનશાહના હુકમથી ત્યાંના દાક્તરોએ કંઇ ઊંઘવાની દવા નાખી હતી. હું આઠેક કલાક ઊંઘ્યો હોઇશ.

આ લોકો ઘણા સારા ગણિત જાણનાર હતા. શહેનશાહ પોતે વિદ્વાનોને આશ્રય આપતા હતા. એમના ઉત્તેજનથી લોકોએ યંત્રકળામાં સારી પ્રવીણતા મેળવી હતી અને ભારેભારે વજનો લઈ જવા લાવવા માટે શહેનશાહ પાસે પૈડાં પર ચાલતાં ઘણાં યંત્રો હતાં.

મારે માટે તરત ને તરત પાંચસો સુતારો અને ઇજનેરોએ મળી એક મોટું યંત્ર તૈયાર કર્યું. તે જમીનથી ત્રણ ઇંચ ઊંચું, સાત ફૂટ લાંબું અને ચાર ફૂટ પહોળું બાવીસ પૈડાં પર ચાલતું લાકડાનું એક ચોકઠું હતું.

જે છેલ્લો પોકાર મેં સાંભળ્યો હતો તે એ યંત્ર આવી પહોંચ્યાની ખુશાલીમાં જ હતો. ખરી મુશ્કેલી તો હવે મને ઊચકી અંદર સુવાડવાની હતી. પરંતુ એ મુશ્કેલીનો પણ આ વહેંતિયાંઓએ વિચાર કરી જ રાખેલો!

એક ફૂટ ઊંચા એંશી વાંસડાઓ દાટી તેની ગરેડી જેવું બનાવી નવસો મજબૂતમાં મજબૂત ખાસ ચૂંટી કાઢેલાં માણસોએ મને દોરડાં વતી ઉપર ખેંચી અંદર સુવાડ્યો.

આ બધું મેં પાછળથી જાણ્યું, કારણકે હું તો તે વખતે

કુંભકરણની નિદ્રામાં હતો. આ યંત્રને શહેનશાહની ખાસ ઘોડાર-માંના પંદરસો ઘોડાઓ જોડી મને શહેર તરફ લઇ ચાલ્યા.

પણ એવામાં એક નજીવા હસવા જેવા અકસ્માતથી હું ઊંઘમાંથી ઝબકી ઊઠ્યો. રસ્તામાં કંઈક ખસી ગયું હતું તે ઠીક કરવા ગાડી ઊભી રાખવામાં આવી, ત્યારે એકાદ બે વામનજીને હું ઊંઘમાં કેવો લાગું છું તે જોવાની જિજ્ઞાસા થઈ આવી.

એટલે એ ઉપર ચડીને ધીમેધીમે મારા મોં આગળ આવ્યા અને એમાંનો એક જે લશ્કરી અમલદાર હતો તેણે એનો ભાલો મારા ડાબા નસકોરામાં છેક ઊપર લગી ખોસ્યો!

ઘાસનું તણખલું નાકમાં પેસે ને જેમ ગીલીપીચી થાય તેમ મને થયું, ને મેં જોરથી છીંક ખાધી. મારી છીંકના અવાજથી ચોમેર જબરો કોલાહલ થઈ ગયો. પેલા બે જણ તો ઓચાચિંતા ગભરાટમાં ત્યાંથી છાનામાના પલાયન જ કરી ગયા! મને તો મારા એકાએક જાગી ઊઠવાના આ કારણની ત્રણ અઠવાડિયાં પછી ખબર પડી.

આખો દિવસ અમે કૂચ કરી. રાત પડતાં અમે રસ્તાની બાજુમાં મુકામ કર્યો. મારી બન્ને બાજુએ પાંચસો પાંચસો માણસો-ની ટોળી તીરકામઠાં તૈયાર રાખી આખી રાત ચોકી કરતી ઊભી.

બીજે દિવસે સવારે અમે પાછા રવાના થયા ને બપોર પડતાં શહેરના દરવાજાથી બસો વાર દૂર આવી પહોંચ્યા. શહેનશાહ એમના દરબારીઓ સાથે અમને સામા મળવા આવ્યા હતા.

મારી ગાડી ઊભી રહી તે જગ્યાએ એક પુરાણું મંદિર હતું.

આખા રાજ્યમાં એ મોટામાં મોટું મકાન ગણાતું. થોડાં વર્ષ પહેલાં ત્યાં ખૂન થયું હતું એટલે લોકોએ એને અપવિત્ર ઠરાવી ત્યાંથી બધું ઉઠાવી લીધું હતું. ત્યારથી એ સાધારણ ઉપયોગ માટે વપરાતું.

આ મકાનમાં મને ઉતારો આપવાનું ઠરાવ્યું હતું. એનો ઉત્તર તરફનો મોટો દરવાજો ચાર ફૂટ ઊંચો અને બે ફૂટ પહોળો હતો, એટલે વાંકો વળીને હું અંદર પેસી શકું તેમ હતું.

દરવાજાની બંને બાજુએ જમીનથી છ ઈંચ ઊંચી બે બારીઓ હતી. આમાંની દરેક બારીમાંથી લુહારોએ ઓછામાંઓછી એકાણુ સાંકળો પેસાડી મારાં છત્રીસ તાળાં સાથે બાંધી. એ સાંકળોની લંબાઈ પ્રમાણે હું અર્ધચંદ્રાકારમાં જ ફરી શકું, તેમજ જ્યારે અંદર જવું હોય ત્યારે અંદર પણ જઈ શકું.

આ મંદિરની સામે રસ્તાની બીજી બાજુએ પાંચ ફૂટ ઊંચો મિનારો હતો. તેના પર શહેનશાહ એમના મુખ્ય સરદારો તથા અમલદારો સાથે મને બરોબર નિહાળવાને ચડ્યા.

ગામના લગભગ એક લાખ લોક મને જોવા આવ્યા હતા. આસપાસ રક્ષકો છતાં દસેક હજાર માણસો નીસરણી મૂકી મારા શરીર પર ચડ્યા હશે. છેવટે શહેનશાહે ઢંઢેરો પીટાવ્યો કે જે કોઈ આ રીતે મારા શરીર પર ચઢશે તેને મોતની શિક્ષા થશે. જ્યારે સાંકળ વગેરે બાંધવાનું પૂરું થયું ત્યારે મારાં બંધનો કાપી નાંખ્યા.

હું પણ ઘણા કચવાતા હૃદયે ઊભો થયો. મને ઊભો થઈ ચાલતો જોઈ લોકોએ જે નવાઈના પોકારો કર્યા તે વર્ણવી શકાય તેમ નથી.

પ્રકરણ ચોથું

લીલીપુટના શહેનશાહ

જ્યારે હું ઊભો થયો ત્યારે મારી નજરે સુંદર દેખાવ જણાયો. આસપાસનો દેશ જાણે એક બાગ હોય એમ લાગ્યું. વાડથી બાંધી લીધેલાં ખેતરો ફૂલના ક્યારા જેવાં લાગ્યાં. આ ખેતરો સાથે વૃક્ષોનાં વન મળી ગયાં હતાં. એ જંગલોમાં ઊંચામાં ઊંચાં ઝાડ સાત ફૂટનાં હતાં.

મારી ડાબી બાજુએ શહેર હતું. તે નાનું રમકડા જેવું, નાટકભૂમિના પડદા પર ચીતરેલું હોય એવું લાગતું હતું.

હું આ દેખાવ જોઈ રહ્યો હતો ત્યાં શહેનશાહ મિનારા પરથી નીચે ઊતરી ઘોડા પર બેસી મારી પાસે આવ્યા. મારા જેવો ડોલતો ડુંગર કદી નહિ જોએલો, એટલે તેમનો ઘોડો પણ મને જોઇને ભડક્યો અને પાછલે પગે ઊભો થયો.

બાદશાહને ઘોડેસવારી સારી આવડતી હશે, તે જરા પણ ડગ્યા નહિ. એટલામાં નોકરો દોડી આવ્યા ને ઘોડાને પકડી લીધો. શહેનશાહ ધીમેથી ઊતરી પડયા. પછી હું પહોંચી ન શકું એટલે દૂરથી મારી બંને બાજુએ ફરી મને અજાયબી સાથે ખૂબ તપાસ્યો.

મારા ખાવાના પરાક્રમની વાત સાંભળી હશે, તે નોકરોને

ખાવાનું લાવવાનો હુકમ કર્યો. નોકરોએ ખૂબ ખાવાપીવાનું પૈડા-વાળી ગાડીઓમાં ભરી મારી તરફ ધક્કેલ્યું. એમાં વીસ ગાડી ખાવાનાથી અને દસ પીણાથી ભરેલી હતી.

એક ગાડીને મેં બે ત્રણ કોળિયામાં ખાલી કરી. પીવાનું જે માટલાંમાં ભરવામાં આવ્યું હતું તેને પણ એજ રીતે ખલાસ કર્યું.

શહેનશાહખાનુ તથા નાના શાહજાદા ને શાહજાદીઓ દૂર પાલખીમાં મને જોવા બેઠેલાં, પણ શહેનશાહને ઘોડાનો અકસ્માત થતાં બધાં નીચે ઊતરી એમની પાસે આવીને ઊભાં હતાં. મારું આ રાક્ષસી પરાક્રમ જોવાની એમને પણ ગમ્મત પડી.

શહેનશાહ પોતે એમના બીજા બધા દરબારીઓ કરતાં સહેજ ઊંચા હતા, એટલે એમનો ભાવવક્કર સારો રહેતો. એમનો ચહેરો પણ હતો સુદૃઢ ને મરદાનગીથી ભરપૂર. નાક ગરુડના જેવું, અને હોઠ પણ ભરેલા. ચહેરાનો રંગ ઘઉંવર્ણો. શરીર સીધું સોટા જેવું. અવયવો પણ સપ્રમાણ ને ચાલ છટાદાર. ટૂંકામાં રાજવીને છાજે એવો જ એમના શરીરનો બાંધો અને બધી રીત-ભાત હતાં.

શહેનશાહની ઉમર પુખ્ત–પોણી ઓગણત્રીસ વર્ષ જેટલી (આપણા કરતાં લીલીપુટના રહેવાસીઓનું જીવન ટૂંકું હતું) હતી. સાત વર્ષથી એ રાજ્ય ભોગવતા હતા. એટલા અરસામાં એમણે દરેક ઠેકાણે વિજય મેળવ્યો હતો અને રાજ્યને બળવાન તથા પૈસાદાર બનાવ્યું હતું.

શહેનશાહને પાસેથી બરાબર જોવા હું કળોટે સૂતો, કે જેથી

મારી આંખો એમના મોં સાથે એક લીટીમાં આવે. ત્યાર પછી તો મેં ઘણી યે વાર એમને મારી હથેલી પર ઊભા રાખીને જોયા હશે. એમનો પોષાક સાદો હતો. તે એશિયા ને યુરોપના પહેરવેશને મળતો આવતો હતો. એમના માથા પર સોનાનો હીરાજડિત ટોપ હતો ને એના પર મોરપીંછ જેવું પહેર્યું હતું. મારી બીકે એમણે હાથમાં ઉઘાડી તલવાર રાખી હતી. એની મૂઠ તથા મ્યાન સોનાનાં રત્નજડિત હતાં એમનો અવાજ તીણો પણ સ્પષ્ટ હતો. હું ઊભો રહીને પણ તે સાંભળી શકતો.

શહેનશાહબાનુ તેમજ બીજી સ્ત્રીઓએ તથા દરબારીઓએ ભપકાબંધ ઝળકતા પોષાકો પહેર્યા હતા. એટલે હું ઊભો હતો ત્યાંથી તો જમીન પર સોનેરી રૂપેરી કસબની આકૃતિઓ ભરેલી જાણે સાડી ન પાથરી હોય, એવું લાગતું.

શહેનશાહ મારી સાથે બોલ્યા ને મેં પણ જરા યે સમજ્યા વિના જવાબ આપ્યો.

શહેનશાહ પોતાની સાથે પોતાના વિદ્વાન પંડિતો અને ધારાશાસ્ત્રીઓને પણ લાવ્યા હતા. એમનાં કપડાં પરથી આ મારું અનુમાન છે. એ લોકોએ મારી સાથે જાતજાતની ભાષામાં વાત કરવા માંડી. મેં પણ વલંદા, ફ્રેંચ, અંગ્રેજી, ફારસી વગેરે જે જે ભાષાઓ મને આવડતી હતી તેમાં વાત કરી તેના જવાબ આપવા માંડ્યા. પણ જ્યાં હતા ત્યાંના ત્યાં! કોઇ કોઈનું કાંઇ સમજ્યા નહિ.

આખરે શહેનશાહ એમના દરબારીઓ સાથે એમને મહેલ પધાર્યા.

પ્રકરણ પાંચમું

મારી દયાળુતા

શાહેનશાહ જતાંજતાં, તોફાની લોકો મને હેરાન ન કરે તે માટે એક લશ્કરી ટુકડીનો પહેરો મારી આસપાસ મૂકવાનો હુકમ કરતા ગયા.

લોકોને મન તો હું તમાશો થઇ પડચો હતો. ટોળેટોળાં મને જોવા આવતાં. એવામાં કેટલાક અડપલાઓએ જેટલું મારી પાસે આવી શકાય તેટલું આવી, હું દરવાજા આગળ બેઠો હતો ત્યાં મારી ઉપર બાણ છોડચાં!

એક બાણ તો મારી ડાબી આંખમાં વાગતું રહી ગયું. પહેરા પર લશ્કરી અમલદાર હતો તેને પણ આ તોફાન જોઇ ચીડ ચડી. એણે આ લોકોને પકડી લાવવા સિપાઇઓને હુકમ કર્યો.

સિપાઇઓ તેમાંના આગેવાનજેવાછએકજણનેપકડીબાંધી લાવ્યા. તેમને શિક્ષા તરીકે ભાલાની અણી વડે મારીતરફ ધકેલ્યા.

મેં બધાને સામટા પકડી તેમાંના પાંચ જણને તો મારા ગજવામાં મૂક્યા. પછી છઠ્ઠાને હાથમાંપકડી,એને જીવતો ને જીવતો ખાઇ જવા માગતો હોઉં એવું મેં કર્યું. પેલા બાપડાએ તો ચીસા-ચીસ કરી મૂકી. ખાસ કરીને જ્યારે મેં ગજવામાંથી ચપ્પુ કાઢચો ત્યારે તો સિપાઇઓ અને એમના અમલદારો પણ ગભરાયા.

પણ થોડી જ વારમાં મેં એમનો ગભરાટ શમાવ્યો. ચપ્પુ વડે એ અડપલાનાં બંધન કાપી નાખ્યાં ને ધીમેથી જમીનપર મૂક્યો.

એ બાપડો તો જીવ લઈને જ નાઠો. તે પછી ગજવામાંથી એક પછી એક એમ પાંચેને કાઢી તેમને પણ એ જ રીતે છોડી મૂક્યા.

મારી આ દયાળુ વર્તણુક જોઈ સિપાઈઓ ખુશ થયા. ખુદ શહેનશાહને કાને પણ આ વાત ગઈ. તેથી મને પાછળથી ઠીક લાભ થયો, કારણકે મારાં સુખસગવડ ઠીક સચવાવા લાગ્યાં.

પહેલાં પંદર દિવસ તો રાતના હું જમીન પર જ સૂતો. પણ પછી મારે માટે ખાસ બિછાનું તૈયાર કરવાનો બાદશાહે હુકમ કર્યો.

ત્યાંના સાધારણ વપરાશની પથારીના કદની છસો તળાઈ-ઓ ગાડાંમાં નાખી મારા ઘરમાં લાવ્યા. એમાંથી દોઢસો પથારીઓ સાથે સીવી લેતાં મારે લાયક લાંબી પહોળી એક પથારી બની. એવી ચાર પથારી એક ઉપર એક નાખ્યાથી પોચું ગાદલું બન્યું.

એ જ ગણત્રી પ્રમાણે મારે માટે ચાદર, ઓઢવાનાં વગેરે પણ ખાસ તૈયાર કરવામાં આવ્યાં.

મારા આવવાની વાત જેમ જેમ આખા રાજ્યમાં ફેલાતી ગઈ તેમ તેમ, શું ગરીબ કે શું તવંગર, શું આળસુ કે શું જિજ્ઞાસુ એમ અનેક લોકોનાં ટોળાં મને જોવા આવવા લાગ્યાં. ગામડાંઓ લગભગ ખાલી થઈ ગયાં. અને જો શહેનશાહે ફરમાન કાઢ્યું ન હોત તો ખેતી તથા ઘરકામમાં પણ બહુ ખલેલ પડત.

શાહી હુકમ નીકળ્યો કે જે લોકોએ મને એક વાર જોયો હોય તેમણે પાછા ફરવું, અને બાદશાહના ખાસ પરવાના સિવાય

મારા ઘરની પચાસ વારના ઘેરાવામાં પગ મૂકવો નહિ. આથી શાહી પરવાનો મેળવવા લોકોએ મંત્રીઓને સારી નવાજેશો કરી.

પ્રકરણ છઠ્ઠું

મારું શું કરવું?

આ દરમ્યાન મારું હવે શું કરવું તે બાબતની ચર્ચા કરવા માટે શહેનશાહે અનેક વખત મંત્રીમંડળની સભા બોલાવી.

મારા એક ઉમરાવ મિત્ર, જેને આ ખાનગી મસલતોની ખબર પડતી, તેના તરફથી મને વારંવાર બધી બાતમી મળતી.

શહેનશાહને મારું શું કરવું તે સૂઝતું નહોતું. એ લોકોને બીક રહેતી કે કદાચ હું મારાં બંધનો તોડીને છટકું તો બધાના ભોગ જ લાગે. અને મને કેદી તરીકે રાખે તો મારો ખોરાક બહુ જ ખરચાળ થતો હતો. તેને લીધે દેશમાં કદાચ દુકાળ પણ પડે!

કેટલીક વાર એ લોકોને થતું કે મને ભૂખે મારવો. કેટલીક વાર વિચાર આવતો કે ઝેરી બાણો વડે મને ઘાયલ કરવો કે જેથી હું મરણશરણ થાઉં. પણ વળી વિચાર આવતો કે હું મરી જાઉં તો મારા શબનું શું થાય? દુર્ગંધ પેદા થાય ને એને લીધે પાટનગરમાં મરકી થાય તો? અને પછી તે આખા રાજ્યમાં પસરે તો?

આ મસલત ચાલતી હતી તે દરમ્યાન જે લશ્કરી અમલદારને મારા રક્ષણ માટે મૂકયા હતા તેમણે બાદશાહ આગળ જઈ

મેં પેલા છ બદમાસોને જરા પણ ઈજા કર્યા વિના કેવા જીવતા જવા દીધા હતા તેનું વર્ણન કર્યું.

આથી બાદશાહ તથા મંત્રીમંડળ પર સારી અસર થઇ. મારા ખાવાનો બંદોબસ્ત કરવા શહેનશાહે ઢંઢેરો પીટાવ્યો, અને હુકમ કર્યો કે દરેક ગામડાએ વારાફરતી મારે માટે ખાવાપીવાનું પૂરૂં પાડવું. એનો ખરચ સરકારી તીજોરીમાંથી આપવા જણાવ્યું.

બાદશાહ પોતે તો પોતાની ખાનગી જમીનની મહેસુલ પર જ રહે છે. લોકો પાસેથી પૈસા કઢાવતા નથી. લડાઈ વખતે રૈયત પોતાને ખર્ચે જ રાજાને મદદ કરે છે.

મારી તહેનાતમાં છસો નોકરો પણ રાખવામાં આવ્યા. આ બધાનો પગાર પણ સરકારી તીજોરી ઉપર પડતો. એમને રહેવાને મારા ઘરની આસપાસ તંબુઓ નાખી આપ્યા. રાજ્યના ત્રણસો દરજીઓને ત્યાંની રીતનાં કપડાં તયાર કરવાનો હુકમ થયો. ઉપરાંત, શાહી દરબારના છ પંડિતોને મને ત્યાંની ભાષા શીખવવા રોકવામાં આવ્યા.

મને જોઈને ભડકે નહિ અને ટેવાઈ જાય તે માટે શહેનશાહ તથા ઉમરાવોના ઘોડાઓને લગભગ દરરોજ મારી આગળ કવાયત કરવાનું ફરમાવવામાં આવ્યું.

આ બધા હુકમો તરત જ અમલમાં મૂકાયા. ત્રણ અઠવાડિયાંમાં તો હું ત્યાંની ભાષા ખૂબ સારી રીતે શીખી ગયો. શહેનશાહ પણ કોઈકોઈવાર આવતા અને આ કામમાં મદદ કરતા. હું જ્યારે થોડીથોડી વાતો કરતાં શીખ્યો ત્યારે પહેલા જ

શબ્દો મને છૂટો કરવા માટેના હતા. પછી તો દરરોજ ઘૂંટણીએ પડી હું આ વિનંતિ કરતો.

શહેનશાહ જવાબ દેતા કે આ બાબતમાં એકદમ ઉતાવળ થાય નહિ. એમને પોતાના મંત્રીમંડળની સલાહ લેવી પડે, અને છૂટતાં પહેલાં મારે રાજ્યની સાથે સુલેહથી રહેવા વગેરેની શરતો કરવી જોઇએ.

શહેનશાહે મને સલાહ આપી કે સારી વર્તણુકથી મારે રાજા તથા પ્રજાની મહેરબાની મેળવવી. સાથે જણાવ્યું કે છોડ્યા પહેલાં મારી જડતી લેવાશે; કેમકે મારી પાસે શું નું શું હોય, જેનાથી હું વખતે દેશને નુકસાન કરી બેસું.

મેં જવાબ આપ્યો કે શહેનશાહની મરજી હોય તો હમણાં જ એમની આગળ મારાં ગજવાં ખાલી કરી બતાવું.

પરંતુ શહેનશાહે કહ્યું કે આ બધું કાયદેસર થવું જોઇએ. રાજ્યના અમલદારો આવી તેઓ જ મારી જડતી લેશે; અને ફરમાવ્યું કે મારે જરા પણ સામા થયા વિના એમને આ કામમાં સરળતા કરી આપવી.

શહેનશાહે એ પણ ઉમેર્યું કે મારી પાસેથી આ રીતે જે કંઈ લઈ લેવામાં આવશે તે હું જ્યારે દેશ છોડું ત્યારે પાછું આપવામાં આવશે; અથવા એના બદલામાં મારે પૈસા જોઇશે તો તે મળશે.

પ્રકરણ સાતમું

મારી જડતી

શહેનશાહે બે અમલદારોને મારી જડતી લેવા મોકલ્યા. મેં બંનેને હાથમાં લઈ મારા ડગલા-નાં તેમજ બીજાં પણ જેટલાં ગજવાં હતાં તેમાં વારાફરતી મૂક્યા. માત્ર એક ગુપ્ત ગજવું, જેમાં મારી ખાસ જરૂરિયાતની ચીજો હતી અને જેનાથી કોઈને નુકસાન થાય તેમ નહોતું, તેમાં શોધ કરવા દીધી નહિ. મારા એક ગજવામાં, હું જ્યારે અંગ્રેજી કોઠીમાં માસ્તર હતો ત્યારે મારા એક યુવાન શિષ્યે મને ચાંદીની ઘડિયાળ ભેટ આપી હતી તે હતી. બીજામાં સોનાની મહોરોથી ભરેલી એક કોથળી હતી. તે ઉપરાંત મુસાફરીમાં જરૂર પડે એવી જાતજાતની ચીજો હતી.

આ બે અમલદારોએ શહેનશાહને માટે જે યાદી બનાવી તે જ શબ્દેશબ્દ ભાષાંતર કરીને અહીં આપું છું:

'ઇમ્પ્રાઇઝિસ, એટલે પ્રથમ તો, આ માનુષી પહાડના ડગલાની જમણી બાજુના ગજવામાં અમે ખૂબ શોધ કરી. ત્યાંથી તો એક જ ચીજ મળી: એક મોટો ખરબચડા કપડાનો ટુકડો. નામદાર શહેનશાહના મુખ્ય દીવાનખાનામાં જાજમ તરીકે પથરાય એટલો મોટો તે હતો. ડાબી બાજુના ગજવામાં ચાંદીનો એક

પટારો હતો. અમારાથી તો એ ઊચકાયો પણ નહિ.

એને ઉઘડાવી અમે અંદર પેઠા તો ઘૂંટણ લગી કંઈ ધૂળના જેવું હતું તેમાં દટાયા. થોડી ધૂળ અમારાં મોં પર ઊડતાં અમને એટલી તો છીંકો આવી કે કંઈ કહેવાની વાત જ નહિ. ખૂબ વાર પછી જ્યારે અમારી છીંકો પૂરી થઈ ત્યારે અમે એના કબજાનાં ગજવાં તપાસ્યાં. જમણી બાજુના એક ગજવામાં અમે સફેદ પાતળી ચીજોનો ચોડો જોયો.

એ ચીજને એક પર એક મૂકી ઘડી કરવામાં આવી હતી. એના પર કાળી આકૃતિઓ હતી, જે અમારા નમ્ર અભિપ્રાય પ્રમાણે અક્ષરો હશે. દરેક અક્ષર અમારી હથેલી જેવડો લાંબો હતો.

ડાબા ગજવામાં એક યંત્ર જેવું જણાયું. એને વીસ વીસ વાંસ જેવડા લાંબા દાંતા છે. નામદારના રાજમહેલની આસપાસ જે લોખંડના સળિયાની વાડ કરી દીધી છે તેના જેવા એ છે. અમારું અનુમાન છે કે આ યંત્ર વડે એ માનુષી પહાડ પોતાના માથાના વાળ ઠીક રાખે છે. વચલા કપડાની (એ લોકો મારી જોધપુરી સુરવાળને માટે કહેતા હતા) જમણી બાજુના ગજવામાં એક માથોડા જેટલો લાંબો લોખંડનો પોલો થાંભલો જોયો. આ થાંભલો એથી યે મોટા લાકડાના થાંભલા સાથે જડી લીધો છે. એ થાંભલાની એક બાજુ જાતજાતની આકૃતિના લોખંડના મોટા ટુકડાઓ ખોસેલા છે. આનો શો ઉપયોગ હશે તેની અમને ખબર પડતી નથી. ડાબી બાજુના ગજવામાં પણ એવું જ બીજું યંત્ર હતું. જમણી બાજુના નાના ગજવામાં ગોળ, નાનાં, ચપટાં, ધોળી અને પીળી

ધાતુનાં નાનાંમોટાં ચકતાંઓ જોયાં. ધોળાં ચકતાંઓ ચાંદીનાં લાગ્યાં. અમારા બેમાંથી એકે આ ચકતાં ઊચકી શકયા નહિ.

ડાબી બાજુના ગજવામાં બે કાળા ખરબચડા થાંભલા હતા. અમે ગજવાના તળીએ હતા એટલે મહા મુશ્કેલીએ એ થાંભલા કેવા હતા તે બરોબર જોઈ શકયા. બીજા થાંભલાને છેડે કંઈ ગોળ ગોળ અમારા માથા જેવું લાગ્યું. આ દરેકની અંદર લોખંડનાં મોટાં ધારદાર પાનાં હતાં. અમારા હુકમથી એણે એ ઉઘાડીને બતાવ્યાં, કારણ અમને લાગ્યું કે આ કદાચ ભયંકર યંત્રો હોય.

એણે જણાવ્યું કે એ યંત્ર એમના દેશમાં દાઢી સાફ કરવાને માટે વાપરવામાં આવે છે. બીજાથી ખાવાની ચીજો કાપવામાં આવે છે.

બીજાં બે ગજવાં પેટ સાથે એવાં ચોંટી ગયાં હતાં કે અમે અંદર જઈ શકયા નહિ. આમાં જમણી બાજુએ ચાંદીની એક સાંકળ લટકતી હતી, એને બીજે છેડે એક અજબ જેવું યંત્ર હતું. અમે તેને એ બહાર કાઢવા કહ્યું તો જણાયું કે અરધું ચાંદીનું અને અરધું કઈક પારદર્શક ધાતુનું બનાવેલું એ યંત્ર હતું.

પારદર્શક બાજુએ અમે ગોળાકારમાં કિનારા ઉપર વિચિત્ર આકૃતિઓ ગોઠવેલી જોઇ. અમને લાગ્યું કે એ આકૃતિઓને અમે અડકી શકીશું; પણ પેલી પારદર્શક ધાતુ વચ્ચે નડી. માનુષી પહાડે આ યંત્ર અમારા કાન આગળ ધર્યું, તો એમાંથી પાણીના ધોધનો અવાજ આવે એવો અસ્ખલિત અવાજ સંભળાયો. કાં તો એ કોઇ વિચિત્ર જાતનું પ્રાણી હોય, કે પછી જે દેવની એ સેવા

કરે છે તે હોય. કદાચ દેવ જ હશે; કારણ કે એના કહેવા પ્રમાણે જો અમે બરોબર સમજ્યા હોઇએ તો, દિવસમાં કેટલી યે વાર તેનાં દર્શન માટે તેને એ બહાર કાઢે છે. તેને જોયા વિના એને ચાલતું જ નથી. જીવનની દરેક પળ એ માપી શકે છે.

ડાબીબાજુના ગજવામાંથી એક કોથળાજેવું કાઢ્યું. અંદર પીળી ધાતુનાં મોટાં ચકતાંઓ હતાં. આ જો સોનું હોય તો એ એક ચકતાની કીમત કેટલી બધી થાય!

એની કમ્મરે ત્રણ મથોડાં જેવડી લાંબી તરવાર લટકે છે. જમણી બાજુએ એક કોથળા જેવું છે તેમાં બે ખાનાં છે. એમાંના દરેક ખાનામાં આપ નામદારની પ્રજાનાં ત્રણ માણસો સહેલાઇથી રહી શકે. આમાંના એક ખાનામાં કોઇ જબરી ધાતુના, અમારાં માથાં જેવડા ધોળા ગોળા છે. બીજા ખાનામાં કાળા ઝીણા દાણા જેવું છે. એનું વજન ઘણું નથી, કેમકે અમારી હથેલીમાં અમે ઘણા દાણા ઊંચકી શક્યા.

માનુષી પહાડના શરીર ઉપર અમે જે કંઇ જોયું તેની આ ચોક્કસ યાદી છે. આપ નામદારના હુકમને માન આપી એણે અમને દરેક જાતની મદદ કરી છે.

આપ નામદારના મંગળ રાજ્યારોહણ પછીના નેવ્યાસીમા ચંદ્રોદયે આ ખરીતા ઉપર સહીસિક્કો કરવામાં આવ્યો છે.

કલેફ્રન ફ્રેલોક
માસ્સી ફ્રેલોક'

જ્યારે શહેનશાહ આગળ આ યાદી વાંચી સંભળાવવામાં

આવી ત્યારે એમણે આ જુદીજુદી ચીજો સોંપી દેવા માટે નરમાશથી મને હુકમ કર્યો. સૌ પહેલાં તરવાર માગી. મેં પણ તે મ્યાન સાથે જ આપી દીધી.

શહેનશાહના ત્રણ હજાર ચુનંદા સિપાઇઓ મને ઘેરીને ઊભા હતા. હું જરા પણ ગરબડ કે આનાકાની કરું તો મારા પર બાણનો વરસાદ વરસાવવાને આ લોકો તૈયાર થઇને જ ઊભા હતા.

શહેનશાહે તરવારને મ્યાનમાંથી ખેંચવાનો હુકમ કર્યો. દરિયાનું ખારું પાણી લાગવાથી તરવાર થોડે ઠેકાણે કટાઇ ગઇ હતી, તે છતાં મોટે ભાગે હજી ચળકતી હતી.

મેં જેવી એ ખેંચી કે બધાએ ગભરાટ અને અજાયબીની ચીચિયારી પાડી. મેં તરવાર ફેરવી તેનાપર સૂર્યનાં કિરણોનું પ્રતિબિંબ પાડ્યું. તરવારમાંથી તેજના ઝબકારા નીકળવા માંડ્યા.

આ તેજથી બીચારા વામનજીઓની આંખો જ અંજાઇ ગઇ. પણ હું ધારતો હતો એટલા શહેનશાહ બીધા નહિ. એમણે મને તરવારને મ્યાન કરવાનો હુકમ કર્યો, ને પછી દૂર ફેંકવા કહ્યું.

પછી એમણે લોખંડના પોલા થાંભલાની માગણી કરી. મેં મારી બંને પિસ્તોલો કાઢી અને એનો શો ઉપયોગ થાય છે તે એમની ઇચ્છાથી કરી બતાવ્યો. મારી ચામડાની કોથળીમાં દારૂગોળો હતો. ચામડાને લીધે દરિયાનું પાણી એને અડક્યું નહોતું. મેં પિસ્તોલમાં ખાલી દારૂ ભર્યો અને શહેનશાહને ન બીવાની ચેતવણી આપી પિસ્તોલ હવામાં ફોડી.

આ અવાજથી ઘણાના તો હોશકોશ જ ઊડી ગયા એમ

એમનાં મોં પરથી લાગ્યું. કેટલાં યે માણસો જાણે ઘાયલ થયાં હોય તેમ નીચે બેભાન થઇને પડ્યાં.

શહેનશાહ જોકે અડગ ઊભા રહ્યા હતા, છતાં ક્યાં ય લગી સ્વસ્થ દેખાયા નહિ. મેં મારી બંને પિસ્તોલો તથા દારૂગોળાની કોથળી સોંપી દીધાં અને સાથે ચેતવણી આપી કે દારૂની કોથળી આગળ દેવતાની ચીણગારી સરખી પણ ન પડવી જોઇએ; નહિતર શહેશાહના મહેલને પણ તે હવામાં ઉડાડી દેશે.

મારી ઘડિયાળ જોવાની શહેનશાહને બહુ જ જિજ્ઞાસા હતી. તે પણ મેં કાઢી આપી. બે કદાવર અંગરક્ષકો પેન્સિલ જેવડા એક મોટા વાંસડામાં ભેરવી ખભા પર નાખી એને લઈ ગયા.

એમાં થતા અતૂટ ટિક ટિક અવાજથી એમને નવાઇ લાગી. વળી મિનિટના કાંટાને ફરતો જોઈ એ બહુ જ વિસ્મય પામ્યા. એ લોકોની દૃષ્ટિ આપણા કરતાં બહુ તીક્ષ્ણ હોય છે, એટલે આપણે ન જોઈ શકીએ એટલી ઝીણી વસ્તુઓ પણ એ લોકોને દેખાય છે. આથી શહેનશાહ મિનિટના કાંટાની ગતિ બરોબર જોઈ શક્યા. આ નવતરી ચીજ શું હશે તે વિષે પાસે ઊભેલા પંડિતોનો અભિપ્રાય પૂછ્યો, પણ કોઇ ચોક્કસ કહી શક્યું નહિ.

પછી તો મારી પાસે જે જે હતું તે–સોનામહોરો, રૂપાનાણું, ત્રાંબાનાણું, અસ્તરો, ચપ્પુ, કાંસકી, તપખીરની ચાંદીની દાબડી, રૂમાલ અને નોંધપોથી,—બધું મેં કાઢી આપ્યું.

મારી તરવાર, પિસ્તોલ તથા દારૂગોળાને ગાડામાં નાખી રાજ્યભંડારમાં લઈ ગયા. બીજી બધી ચીજો મને પાછી આપ-



ઘડિયાળમાં થતા અતૂટ ટિક ટિક અવાજથી એમને બહુ જ નવાઈ લાગી.

વામાં આવી.

મારું એક છૂપું ગજવું હતું તેમાં મારાં ચશ્માં—મારી આંખો જરા નબળી છે–દૂરબીન વગેરે ચીજો હતી. પણ એ કાઢી આપવામાં મને કંઈ સાર જણાયો નહિ એટલે મેં તે બતાવી નહિ.

પ્રકરણ આઠમું

વામનપુરીની રમતગમતો

લોકોને મારી તરફથી હવે ઓછી બીક લાગતી. હું ઘણી વાર સૂતાં સૂતાં મારી હથેલી પર પાંચ છ જણને નાચવા દેતો. ઘણી વાર તો નાનાંનાનાં છોકરાછોકરીઓને મારા વાળમાં સંતાકુકડી પણ રમવા દેતો. એ લોકોની ભાષા પણ હું ઝડપથી સમજવા લાગ્યો હતો.

એક દિવસ શહેનશાહને, ત્યાંની રમતગમતો મને બતાવવાનો શોખ થયો. આ દેશમાં રમતગમતને બહુ જ મહત્ત્વ અપાય છે. અહીંના લોકો પણ એમાં બહુ હોશિયાર હોય છે. જમીનથી ત્રણ ફૂટ ઊંચે સૂતરના તાંતણા પર એ લોકોને નાચતા જોવાની મને સૌથી વધારે મજા પડી.

જે લોકોને સારો હોદ્દો મેળવવાની ઇચ્છા હોય કે દરબારમાં માનપાનનો લોભ હોય તે જ આ દોરી પર નાચવાનું શીખતા. બીજી રીતે કેળવણીમાં 'ઢ' હોય અને સારા કુળમાં જન્મ્યા પણ ન હોય, છતાં રમતગમતમાં એક્કા હોય એટલે બસ. એમને ઊંચો સરકારી હોદ્દો મળતો!

જયારેજયારે કોઈ મોટી જગ્યા ખાલી પડે—કોઈ અમલદાર-

ના મરણથી કે પછી એને ઉતારી પાડવામાં આવે ત્યારે (જે ઘણીવાર બનતું)—પાંચ છ ઉમેદવારો શહેનશાહને અરજી મોકલે કે અમારો નાચ જોવા પધારો. પછી જે નીચે પડ્યા વિના સૌથી ઊંચી દોરી પર નાચીકૂદી શકતો તેને એ જગ્યા આપવામાં આવતી.

ઘણીવાર તો મુખ્ય મંત્રીઓને પણ એમાં પોતાની હોશિયારી વારંવાર બતાવવી પડતી, કે જેથી રાજાની ખાતરી થાય કે એ લોકો આ કળા ભૂલી ગયા નથી.

ફ્લિપનેપ કરીને રાજ્યનો મુખ્ય ખજાનચી રાજ્યના બીજા કોઈ પણ અમલદાર કરતાં એક ઈંચ વધારે કૂદી શકતો. મેં એને ઘણી વાર ઝીણા દોરા પર તાસક મૂકીને એના પર ગુલાંટ ખાતાં જોયો હતો.

એના પછી મારો મિત્ર હેડ્રેસાલ, જે ખાનગી ખાતામાં મુખ્ય મંત્રી હતો, તે આવે. બીજા બધા અમલદારો તો લગભગ સરખા ઊતરે.

આવી રમતગમતોમાં ઘણી વાર અકસ્માતો પણ થાય છે. મેં પોતે જ એકબે વખત માણસોને ઘાયલ થએલા જોયા હતા, કારણ આવી જાતની હરીફાઈમાં દરેક જણ પોતાના ગજા ઉપરાંત કરી હોશિયારી બતાવે એટલે કોઈ કોઈને ઈજા થયા વિના રહે જ નહિ.

બીજી રમત એવી કે જે માત્ર શહેનશાહ, શહેનશાહબાનુ અને પ્રધાન જ જોઈ શકે. શહેનશાહને કોઈને ખાસ માનઅકરામ આપવાની ઇચ્છા થાય છે તેને લાલ, લીલો કે ભૂરો દોરો આપે

છે. આની વિધિ શહેનશાહના મુખ્ય દીવાનખાનામાં થાય છે.

ઉમેદવારોને એક વિચિત્ર જાતની હરીફાઈમાં પ્રવીણતા દેખાડવાની હોય છે. શહેનશાહ હાથમાં આડી લાકડી રાખી ઊભા રહે છે. લાકડીનો બીજો છેડો મુખ્ય મંત્રી પકડે છે. ઉમેદવારો લાકડી નીચી હોય તો કૂદીને અને ઊંચી હોય તો વાંકા વળીને, એમ ખૂબ વાર આવજા કરે છે.

જે કોઇ ચપળતાથી લાંબું કૂદે, અથવા નીચેથી છટકી જાય તેને ભૂરો દોરો મળે છે. આ દોરો એ લોકો કમ્મરે બે વાર વીંટાળીને બાંધે છે.

શહેનશાહના તથા લશ્કરના ઘોડાઓને મારી આગળ વારંવાર લાવવાથી એમની બીક ભાંગી ગઇ હતી, અને છેક મારા પગ લગી આવતા તે થયા હતા. હું મારો હાથ નીચે મૂકતો તેના પરથી ઘોડેસવારો કૂદી જતા. રાજાના એક શિકારીએ તો મારા જોડા સાથેના પગ પરથી ઘોડો કુદાવ્યો હતો.

શહેનશાહને રીઝવવા ખાતર મેં બે ફૂટ લાંબી થોડી પાતળી સોટીઓની માગણી કરી. બાદશાહે તરત જ એમના જંગલખાતાના વડાને હુકમ કર્યો. બીજે દિવસે સવારે જંગલખાતાના છ નોકરો આઠ ઘોડા જોડેલું ગાડું ભરી લાકડીઓ લાવ્યા.

એમાંથી નવ લાકડીઓ લઈ મેં ઊભી દાટી એનો ચોરસ બનાવ્યો. પછી ચાર લાકડીઓ આડી બાંધી એના પર મારો રૂમાલ ખૂબ કસકસીને બાંધ્યો, એટલે એક સપાટ મેદાન બન્યું.

પછી શહેનશાહને આ કપડાના મેદાન પર એમના લશ્કરને



આ કપડાના મેદાન પર લશ્કરની કવાયતો કરાવી શાહેનશાહને બતાવી.

કવાયત કરાવવા મેં કહ્યું. શહેનશાહે હા કહી. એક પછી એક ચોવીસ ઘોડેસવારોને તેમના ઘોડા સાથે ઊચકી મેં ઉપર મૂક્યાં.

એ લોકોએ તો એમાંથી બે ટુકડી પાડી, અને ખોટું ખોટું લડ્યા અને દોડધામ કરી મૂકી. શહેનશાહને આ જોવાની બહુ જ મજા પડી અને આ રમત દરરોજ ચલાવી. એક દિવસ તો પોતે પણ ઉપર આવ્યા અને સેનાપતિ બની હુકમો છોડ્યા.

શહેનશાહબાનુને પણ આગ્રહ કરી, મારી પાસે એમની પાલખી ઊચકાવી બે વારને છેટેથી આ ખેલ જોવડાવ્યો.

સારે નસીબે કોઈ જાતનો ખાસ અકસ્માત થયો નહિ. માત્ર એક તેજ ઘોડાએ પગ વડે જમીન ખણવા જતાં મારો રૂમાલ ફાડ્યો, અને દોડતાં એનો પગ એમાં ભરાયો. એથી ઘોડો અને ઘોડેસવાર બંને પડ્યા.

મેં તરત જ બંનેને ઊભા કરી દીધા. જ્યાં કાણું હતું ત્યાં નીચેથી મારો હાથ રાખ્યો. અને આખી ટુકડીને સહીસલામત નીચે મૂકી દીધી.

રૂમાલનું કાણું તો મેં જેમતેમ સીવી નાખ્યું, પણ રૂમાલ ફસકી જાય એ બીકે ફરી આ રમત કરવાની હિંમત બતાવી નહિ.

એકદિવસતોશહેનશાહનેએવોશોખથયોકેમનેપૂતળાની માફક બે પગ પહોળા કરી ઊભો રાખ્યો, અને મારા પગ નીચેથી આખા લશ્કરને કૂચ કરીને લઇ જવાની સેનાપતિને આજ્ઞા કરી !

પ્રકરણ નવમું

મારો છુટકારો

મને છૂટો કરવા મેં એટલી બધી અરજીઓ કરી, કે આખરે શહેનશાહે મારી અરજી મંત્રીમંડળ આગળ નિકાલને માટે મૂકી. સ્કાઈરેશ બોલગોલેમ, જે કંઈ પણ કારણ વિના મારો વેરી થઈ બેઠો હતો, તેના સિવાય કોઈએ વાંધો ઉઠાવ્યો નહિ. એ રાજ્યનો ગોલબેટ અથવા જળસેનાપતિ હતો. રાજાનો તે ઘણો જ માનીતો અને વિશ્વાસુ હતો, પણ ઘણો જ વિઘ્નસંતોષી અને દીવેલિયા ડાચાનો હતો. પહેલાં તો એ બહુ જ સામો પડ્યો, પણ પછી અમુક શરતો કરી મને છોડવાનું કબૂલ કર્યું. શરતો શી શી રાખવી તે નક્કી કરવાનું પણ એને જ સોંપવામાં આવ્યું.

આ શરતો પર મારી પાસે સોગન લેવડાવવા સ્કાઈરેશ બોલગોલેમ પોતે જ બીજા બે પ્રતિષ્ઠિત ગૃહસ્થો સાથે મારી પાસે આવ્યો. શરતો મારી પાસે વાંચી સંભળાવ્યા પછી મને આપણા દેશની રીત પ્રમાણે સોગન લેવા અને પછી એ લોકોના કાયદા પ્રમાણે સોગન લેવા કહ્યું.

એ લોકોના રિવાજ પ્રમાણે ડાબે હાથે જમણા પગનો અંગુઠો પકડી, જમણા હાથની વચલી આંગળીને માથા પર મૂકી,

અને અંગુઠાને જમણા કાન પર મૂકી સોગન લેવાના.

જે શરતો કબૂલ કરી હું છૂટો થયો તે અક્ષરે અક્ષર નીચે પ્રમાણે છે:

'ગોલ્લબેસ્તો, મોમારેમ એવલામે ગર્ડીના શેફીન મ્યુલી એલીગ્યુ–લીલીપુટના મહાન શહેનશાહ, વિશ્વના આનંદ, તેમજ ભયદાતા, જેના રાજ્યની સીમા પાંચ હજાર બ્લસત્રગ (આપણા બાર માઇલનો ઘેરાવો) ભૂગોળના છેડા લગી પહોંચે છે; શહેનશાહના શહેનશાહ, પુરુષોમાં ઉત્તમ, જેના પગ પાતાળે પહોંચે, જેનું માથું સૂર્યને અડકે, જેના પડકારથી પૃથ્વી હાલે; વસંતના જેવા આનંદ આપનાર, શિશિરના જેવા શીતળ, ગ્રીષ્મ જેવા ઉગ્ર અને વર્ષા જેવા રસાળ;–આવા શહેનશાહ, જે માનુષી પહાડ આ પુણ્યભૂમિનો અતિથિ છે તેની સાથે નીચેના કરાર કરે છે:

પહેલો: અમારી સહીસિક્કા સાથેના રજાપત્ર વિના માનુષી પહાડ આ રાજ્યને છોડી શકશે નહિ.

બીજો: અમારી ખાસ પરવાનગી સિવાય અમારા પાટનગરમાં આવી શકશે નહિ. આવવાને વખતે બે કલાક પ્હેલાં નગરવાસીઓ ઘરમાં રહે એવી ચેતવણી આપવામાં આવશે.

ત્રીજો: તે અમારા મોટા રસ્તા ઉપર જ ચાલી શકશે. બીજે ચાલવા અથવા કોઇ ખેતરમાં સૂવાનો પ્રયત્ન તે નહિ કરે.

ચોથો: જ્યારેજ્યારે આ રસ્તાઓ પર તે ફરવા નીકળે ત્યારે અમારી વહાલી પ્રજાની સંભાળ રાખે. લોકોને કે લોકોના ગાડીઘોડાને પણ કૂંદી ન નાખે. કોઇને પણ એની ઇચ્છા વિના

પોતાના હાથમાં ન લે.

પાંચમો: કોઇ જરૂરી પેગામ પહોંચાડવો હોય તો માનુષી પહાડ ચંદ્રમાસમાં એક વાર તેવો સંદેશો લઇ જનારને એના ગાડીઘોડા સાથે પોતાના ગજવામાં બેસાડી લઇ જાય, અને જરૂર પડ્યે તેને પાછો લાવે.

છઠ્ઠો: અમારા દુશ્મન બ્લેફુસ્કુના દ્વીપવાસીઓની સામે અમારી તરફથી લડે. એમનું નૌકાસૈન્ય જે અમારી પર ચડાઇ કરવા તૈયાર થયું છે તેનો નાશ કરવા બનતું કરે.

સાતમો: આ માનુષી પહાડ આમાંથી વખત મળે ત્યારે હમણાં જે સાર્વજનિક બાગ થાય છે તેની દીવાલ બાંધવામાં તેમજ બીજાં સરકારી મકાનો માટે પથ્થર ઉપાડવામાં અમારા મજૂરોને મદદ કરે.

આઠમો: આ માનુષી પહાડ બે ચંદ્રમાસની અંદર અમારા રાજ્યનો ઘેરાવો શો છે તે પોતાનાં પગલાં વડે માપી તપાસ કરે.

છેવટે, આ બધા કરારો પાળવા જો એ માનુષી પહાડ સોગંદ લે, તો એને અમારા રાજ્ય તરફથી એક હજાર સાતસો અઠ્ઠાવીસ જણ જેટલું ખાવાનું રોજ આપવામાં આવશે. અમને મળવાની તેને છૂટ મળશે.

અમારા રાજ્યના એકાણુમા ચંદ્રમાસના બારમા દિવસે અમારા રાજ્યમહેલ બેલ-ફાનો-રૅકમાં આ કરારો ઉપર સહી લેવામાં આવી છે.'

મેં સોગંદ ખાઇને ઘણી જ ખુશીથી આ કરારો—જોકે

નીચેના સાતમા–આઠમા મને છાજતા નહોતા તોપણ—પાળવાનું વચન આપ્યું. તરત જ મારી સાંકળો છોડી મને છૂટો કરવામાં આવ્યો. શહેનશાહ પોતે જ આ વખતે ત્યાં હાજર રહ્યા. મેં પણ છૂટા થઈ એમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તેમણે તરત જ મને ઊભા થવા ફરમાવ્યું. પછી મારે વિષે ઘણા જ સારા શબ્દોમાં ભાષણ કર્યું અને હું વફાદાર રહી એમનો કૃપાપાત્ર થાઉં એવી આશા દર્શાવી.

ઉપલા કરારમાં મને ૧૭૨૮ લીલીપુટવાસી જેટલું ખાવાનું આપવાનું જણાવ્યું છે. મને નવાઇ લાગી કે આ મેળ એમણે ક્યાંથી કાઢ્યો! મારા એક મિત્રને પૂછતાં એણે મને કહ્યું કે શહેનશાહના ગણિતશાસ્ત્રીઓએ મારી ઊંચાઇ પહોળાઇ વગેરેનું માપ કાઢી હું ૧૭૨૮ લીલીપુટવાસી જેટલું અનાજ મારા પેટમાં સમાવી શકું એવો અંદાજ કાઢ્યો હતો!

પ્રકરણ દસમું

પાટનગરનાં દર્શન

હું જેવો છૂટો થયો કે પહેલી જ માગણી મેં ત્યાંનું પાટનગર મિલ્ડૅન્ડો જોવાની કરી. શહેનશાહે પણ તરત રજા આપી. પણ ખાસ ભલામણ કરી કે ત્યાંના રહેવાસીઓને કોઈ જાતનું નુકસાન ન કરવું. નગરવાસીઓને મારા આવવા વિષે ઢંઢેરો પીટાવી ચેતવ્યા.

શહેરને ફરતો અઢી ફૂટ ઊંચો અને અગિયાર ઇંચ પહોળો કોટ છે; એટલે એના પર ત્યાંના ગાડીઘોડા સહેલાઇથી ફરી શકે છે. દસ દસ ફૂટને અંતરે કોટ પર નાનાનાના બુરજો છે.

હું પશ્ચિમનો દરવાજો ઓળંગી અંદર પેઠો અને ધીમે-ધીમે સંભાળી એમના મુખ્ય રસ્તા પર ચાલ્યો. જોકે શાહી ઢંઢેરો હતો કે કોઈ પણ માણસ ઘર બહાર રહેશે તે એના જીવના જોખમે, છતાં કોઇ રહી ગયું હોય તે છૂંદાય નહિ એવી રીતે સંભાળીને હું ચાલતો હતો.

મકાનોની બારીઓ, જરૂખાઓ, અગાસીઓ અને છાપરાં ઉપર મને જોવા એટલા લોકો ઊભરાયા હતા કે મેં કોઇ જગ્યા આટલી વસ્તીવાળી જોઈ હોય એમ યાદ નથી.

શહેર ચોરસ છે. એ ચોરસની દરેક બાજુ પાંચસો ફૂટ

લાંબી છે. એના બે આડા ને બે ઊભા રાજમાર્ગો શહેરના ચાર સરખા ભાગ કરે છે. આ રાજમાર્ગો પાંચ ફૂટ પહોળા છે.

શહેરની ગલીકૂંચીમાં તો હું ન જઈ શકયો, પણ લાગે છે કે મોટામાં મોટી પોળ અઢાર ઇંચ પહોળી હશે. આ શહેરની વસ્તી પાંચ લાખની ગણાય છે. મકાનો પણ મોટાં—છસાત માળનાં છે. બજારો અને દુકાનો પુષ્કળ માલથી ભરેલાં જણાયાં.

શહેનશાહનો મહેલ બરોબર શહેરની વચ્ચોવચ, જ્યાં બે રાજમાર્ગો મળે છે ત્યાં, છે. એની આસપાસ વીસ ફૂટને અંતરે બે ફૂટ ઊંચી ફરતી દીવાલ છે.

મને અંદર જવાની શાહી પરવાનગી મળી હતી, એટલે દીવાલ કુદાવી અંદર ગયો. ત્યાં પણ પુષ્કળ જગ્યા હોવાથી બધી બાજુએથી મહેલને જોઈ શકયો.

બહારની દીવાલ કુદાવ્યા પછી વળી બીજી બે દીવાલો ઓળંગવાની આવે છે. શાહી મહેલ છેક અંદરના ચોગાનમાં છે. અંદર જવાને બેત્રણ દરવાજા વટાવવા પડે છે.

અંદરના બે કોટની વચ્ચેનું અંતર એટલું થોડું છે કે એક પછી એક કોટને તો ઓળંગાય જ નહિ. બંનેને સામટા કૂદવા જતાં અંદર કંઈ નુકસાન થવાનો ભય લાગ્યો.

શહેનશાહની ઇચ્છા હતી કે રાજ્યમહેલની ભવ્યતા મારે પાસેથી જોવી. એટલે નગરથી થોડે દૂર શાહી જંગલ હતું ત્યાં જઈ મારા ચપ્પુ વડે મેં થોડાં ઝાડ કાપ્યાં અને મારું વજન ઝીલી શકે એવા ત્રણ ફૂટ ઊંચા બે બાજઠ બનાવ્યા.

લોકોને ચેતવણી આપીને હું ફરીને બાજઠો લઇ શહેરમાં પેઠો રાજ્યમહેલની બહારની દીવાલ આગળ જઈ મેં એક બાજઠ નીચે મૂકયો. પછી એના પર ચડી બીજા બાજઠને બહારની ને અંદરની દીવાલ, જેનું અંતર આઠ ઇંચ હતું, તેના ઉપર મૂકી, હું એના ઉપર ધીમેથી ચડયો.

પછી નીચેના બાજઠને લાકડી વતી ઉપર ખેંચી લઇ, બીજી બાજુ નીચે મૂકીને હું સહેલાઇથી અંદરના ચોગાનમાં જઇ શકયો.

રાજ્યમહેલની છેક પાસે જઈ હું જમણી કળોઠે સૂતો, જેથી મારી આંખો મહેલના બીજા માળનાં બારીબારણાં સાથે એક લીટીમાં આવે. મારે માટે ખાસ બારીબારણાં ખુલ્લાં રાખવામાં આવ્યાં હતાં. મેં આંખ લગાડી તો અંદર ઘણા જ સુંદર ઓરડાઓ જોયા. ઉપરના મજલાઓમાં શહેનશાહબાનુને તેમજ શાહી બાળકોને એમના નોકરચાકરો સાથે પોતપોતાના ઓરડામાં જોયાં.

શહેનશાહબાનુ તો મને જોઇ હસ્યાં ને બારીમાંથી એમનો હાથ બહાર કાઢી હલાવ્યો.

મને તો આ નાનકડો રમકડા જેવો મહેલ ને બધું નાનુંનાનું જોઈ ઢીંગલાઢીંગલીની રમત યાદ આવી.

પ્રકરણ અગિયારમું

લીલીપુટના રાજ્યપ્રકરણનું એક પાનું

મને છૂટયાને પંદરેક દિવસ થયા હશે, ત્યાં એક દિવસ સવારે ખાનગી ખાતાનો મુખ્ય મંત્રી રેડ્રેસાલ ફક્ત એક જ નોકર સાથે રાખીને મને મળવા આવ્યો. ગાડી થોડે દૂર ઊભી રાખી એ મારી પાસે એકલો આવ્યો.

મેં જમીન પર પડયાંપડયાં એની સાથે વાત કરવાનું જણાવ્યું. પણ એણે મને મારા હાથમાં તેને લઈ ઊંચો કરવા કહ્યું. એ રાજાનો ખાસ સંદેશો લઈ આવ્યો હોય એમ લાગ્યું. મેં મારી હથેલી પર એને ઊભો રાખી વાત કરવા માંડી.

મારા મિત્ર તરીકે મને છૂટો કરવામાં એનો પૂરો હાથ હતો, એટલે મેં એનો ઉપકાર માનવો શરૂ કર્યો. એણે મને બોલતાં અધવચ અટકાવ્યો ને જણાવ્યું કે, 'તે વખતની રાજકીય પરિસ્થિતિને લીધે જ મને જલદી છુટ્ટી મળી હતી.

એક કારણ તો રાજપુરુષોમાં ફાટફૂટને લીધે બે વિરોધી પક્ષ પડયા છે તે; અને બીજું કારણ દુશ્મનરાજ્ય આપણા પર ચડી આવવાની તૈયારી કરે છે તે.

આ બે પક્ષ પડયા છે, તે ટ્રામેકસન અને સ્લામેકસનને

નામે ઓળખાય છે. ટ્રામેકસન પક્ષના લોકો જોડાની એડી ઊંચી રાખે છે, જ્યારે સ્લામેકસન નીચી રાખવામાં માને છે.

ઊંચી એડીવાળા પુરાણી રાજ્યપદ્ધતિમાં માને છે. શહેનશાહ પોતે નીચી એડીમાં માને છે, અને રાજ્યકારભારમાં પણ નીચી એડીવાળાને જ રાખવામાં આવે છે.

રાજ્યના મોટા હોદ્દાઓ તેમજ બીજા માનઅકરામ પણ નીચી એડીવાળાને જ મળે છે. ખુદ શહેનશાહના જોડાની એડી પણ એક કુંર–કણ જેટલી બીજાની એડીઓ કરતાં નીચી છે.

આ બંને પક્ષો વચ્ચે એટલી બધી દુશ્મનાવટ છે કે એકમેક સાથે ખાવાપીવાનો તો શું, પણ બોલવાનો પણ વ્યવહાર નથી. ટ્રામેકસન એટલે ઊંચી એડીવાળાની સંખ્યા અમારા કરતાં ઘણી વધારે છે અને નામદાર યુવરાજને પણ ઊંચી એડી તરફ પક્ષપાત હોય એમ લાગે છે, કારણકે એમના એક જોડાની એડી બીજા જોડાની એડી કરતાં વધારે ઊંચી હોય છે. એટલે ચાલતી વખતે તે હમેશાં લંગડાય છે.

આમ એક તરફ આંતરિક અશાન્તિ છે, ત્યાં બીજી તરફ બ્લેફુસ્કુ તરફથી અમારા પર ચડાઈની તૈયારી ચાલે છે.

બ્લેફુસ્કુ પણ એક ટાપુ છે અને પૃથ્વી પર અમારા જેટલું જ એ બીજું બળવાન મહારાજ્ય છે!

તમે કહો છો કે પૃથ્વી પર બીજા દેશો તમારા જેવા માણસોથી ભરેલા છે. તેને માટે અમારા પંડિતો અને શાસ્ત્ર જાણનારાઓ શંકા ઉઠાવે છે.

તમે ચંદ્રમાંથી કે બીજા કોઈ ગ્રહમાંથી આ પૃથ્વી પર પડ્યા હશો એમ તેઓ અનુમાન બાંધે છે. કારણ કે તમારા જેવા સો મનુષ્યો અમારા આખા રાજ્યનો પળવારમાં નાશ કરી નાખે.

અમારો છ હજાર ચાંદ્રમાસ જૂનો ઇતિહાસ લીલીપુટ ને બ્લેફુસ્કુ એ બે મહારાજ્યો ઉપરાંત તમારે વિષે જરા પણ ઉલ્લેખ કરતો નથી.

આ બે મહારાજ્યો વચ્ચે ત્રેસઠ ચાંદ્રમાસથી સખત વિરોધ જાગ્યો છે. એ વિરોધનું મૂળ કારણ એમ થયું છે કે સાધારણ રીતે પુરાણી રીત પ્રમાણે આપણે રોટલી પછી ભાત ખાઈએ છીએ. પરંતુ હાલના નામદાર શહેનશાહના દાદા જ્યારે નાના હતા ત્યારે એકવાર રોટલી ખાતાંખાતાં એમની જીભ કચરાઈ. આથી એમના બાપે (તે વખતના શહેનશાહે) ઢંઢેરો પીટાવ્યો કે એમની પ્રજાએ જમવામાં પહેલો ભાત ખાવો, અને પછી રોટલી ખાવી. આ પ્રમાણે નહિ કરવામાં આવે તો દેહાન્તદંડની શિક્ષા કરવામાં આવશે.

લોકોને આ કાયદાથી એટલો ગુસ્સો આવ્યો કે છ વખત હુલ્લડ થયાં એમ ઇતિહાસ જણાવે છે. એ હુલ્લડોમાં એક શહેનશાહે તો પોતાનો જીવ ખોયો અને બીજાએ રાજ્ય ખોયું.

વારંવાર આ હોળી સળગાવવામાં બ્લેફુસ્કુનો સંપૂર્ણ હાથ હતો. કેમકે જ્યારેજ્યારે આ બળવાખોરોને હરાવવામાં આવતા ત્યારે તેઓ બ્લેફુસ્કુને આશરે નાસી જતા.

આ તકરારમાં અગિયાર હજાર માણસોએ પહેલો ભાત

ખાવા કરતાં મોત વધારે પસંદ કર્યું!

આ વાદવિવાદ પર હજારો પુસ્તકો લખાયાંછે. પણ રોટલી-ખાઉઓનાં લખેલાં પુસ્તકોનો પ્રતિબંધ છે. એ લોકોને તો કાયદાની મદદ વડે રાજ્યમાં નોકરી કરતા પણ અટકાવ્યા છે.

બ્લેફુસ્કુના શહેનશાહે આ ઝઘડા દરમ્યાન પોતાના એલચી મારફતે ઘણી વાર અમને કહેવડાવેલું કે આ કાયદાથી ધર્મનું અપમાન થાય છે. કારણકે અમારા મહાન ધર્મગુરુ લસટ્રેગેસમના બ્લન્ડેક્રલ (ધર્મપુસ્તક)ના ચોપનમા અધ્યાયમાં જે વચનો કહ્યાં છે તેનાથી આ ઊલટું જ કરવામાં આવે છે.

એની સામે અમારી દલીલ એવી છે કે આમાં શબ્દોને મારીમચડીને આવો અર્થ કરવામાં આવ્યો છે. ખરેખર તો શબ્દો આ પ્રમાણે છે: "શાસ્ત્ર પ્રમાણે રોટલી તથા ભાતને વિધિ પ્રમાણે ખાવાં." આમાં વિધિ પ્રમાણે ખાવાનું કહ્યું છે, પણ પહેલાં રોટલી કે પહેલાં ભાત એ સ્પષ્ટ થતું નથી એ નક્કી કરવું એ તો રાજાના જ હાથમાં. કારણ રાજા કાળનું કારણ મનાય છે.

પરંતુ રોટલીખાઉઓને બ્લેફુસ્કુમાં એટલું ઉત્તેજન મળ્યું છે કે આજે ત્રેંસઠ ચાંદ્રમાસથી બંને રાજ્યો વચ્ચે આ મરણતોલ વિગ્રહ ચાલે છે!

આ લડાઈ દરમ્યાન અમારાં ચાળીસ મોટાં વહાણો નાશ પામ્યાં અને નાનાં વહાણો કેટલાં ખોયાં હશે તેનો તો હિસાબ જ નથી. ત્રીસ હજાર માણસો નૌકાયુદ્ધમાં હણાયાં ને બીજા લડવૈયાઓ મરાયા હશે તે તો જુદા.

દુશ્મનોને જે નુકસાન થયું તે તો અમારા કરતાં પણ વધારે મનાય છે. તે છતાં એ લોકોએ પાછું નૌકાસૈન્ય એકઠું કર્યું છે અને અમારા પર ચડી આવવાની તક જુએ છે.

નામદાર શહેનશાહે મને એટલા જ માટે તમારી પાસે મોકલ્યો છે. એમને તમારામાં વિશ્વાસ છે તેથી આ બીના તમારી આગળ રજૂ કરવા મને ફરમાવ્યું છે ને અમારી મદદે આવવા તમને કહેવડાવ્યું છે.'

મેં મંત્રી સાથે શહેનશાહને જણાવ્યું કે, 'એક પરદેશી તરીકે રાજ્યની આંતરિક લડાઈમાં હું ભાગ ન લઈ શકું. પરંતુ રાજ્ય પર કોઈ બહારનો દુશ્મન ચડી આવશે તો મારા જીવના જોખમે પણ મદદ કરીશ.'

પ્રકરણ બારમું

દુશ્મનનો દરિયાઈ કાફલો સર કર્યો

લીલીપુટના ઈશાન ખૂણામાં બ્લેફુસ્કુનું મહારાજ્ય આવેલું છે. બંને વચ્ચે આઠસો વાર પહોળી ખાઈ આવેલી છે. હજી સુધી હું એ બાજુ ગયો નહોતો. જ્યારે લડાઈની વાત સાંભળી ત્યારે તો ખાસ એ બાજુથી દૂર રહેવા માંડ્યું, કારણકે મારે વિષે હજી દુશ્મનોને કંઇ જ ખબર પડી નહોતી અને ખબર ન પડે તેને માટે મારે કાળજી રાખવાની હતી. એ દરમ્યાન બંને રાજ્યો વચ્ચેનો વ્યવહાર શહેનશાહે બંધ કરાવ્યો હતો. કોઇ પણ જાતના વહાણને ત્યાં આવવાની મનાઈ હતી.

મેં દુશ્મનનું નૌકાસૈન્ય શી રીતે સર થાય તેની યુક્તિ ઘડી શહેનશાહને કહી. અનુકૂળ પવનની રાહ જોતું પહેલી જ તકે ઊપડવાની તૈયારી કરતું દુશ્મનનું નૌકાબળ બંદર પર સજ્જ થઈને પડ્યું હતું, એવી ખબર અમારા જાસૂસો લાવ્યા. મેં પણ તાબડતોબ તૈયારી કરવા માંડી.

ત્યાંના સારામાં સારા વહાણવટી મારફતે ખાડીની ઊંડાઈ જાણી લીધી. ભર દરિયે બરોબર મધ્યમાં ભરતીને વખતે એની

ઊંડાઈ સિત્તેર ગ્લમગ્લફ્ એટલે છ ફૂટ છે.

બીજા ભાગોમાં વધારે વધારે પચાસ ગ્લમગ્લફ્ થાય. હું સંતાતો છૂપાતો ઈશાન ખૂણાના કિનારા તરફ ગયો ને એક ડુંગરીની ઓથે સૂતો. મારું દૂરબીન કાઢી સામેનો કિનારો તપાસવા લાગ્યો.

દુશ્મનના નૌકાસૈન્યમાં પચાસ ખાસ મોટી મનવારો હતી. બીજાં નાનાંમોટાં વહાણો પણ ઠીક સંખ્યામાં હતાં. ઘેર આવી મેં શહેનશાહની પરવાનગીથી થોડા લોખંડના તાર અને સળિયા મંગાવ્યા. લોખંડનો તાર આપણી સૂતળી જેટલો જાડો હતો અને સળિયા આપણા સોયા જેટલા હતા.

મેં ત્રણ તારને સાથે વાળી એક જાડો તાર બનાવ્યો. સળિયાઓને પણ એવી રીતે સાથે વણી તેનો એક છેડો વાળી આંકડા જેવો બનાવ્યો. પછી એવા પચાસ આંકડાઓને પચાસ તાર સાથે ભેરવી હું પાછો કિનારા તરફ ગયો.

મારો ડગલો તથા જોડા કિનારા પર કાઢી ભરતી ચડે તેની અરધો કલાક પહેલાં હું પાણીમાં ઊતર્યો. ક્યાંય લગી તો હું ઝડપથી ચાલ્યો. મધ્ય દરિયો આવ્યો ત્યાં થોડે દૂર તર્યો અને પાછી જમીન પગે લાગતાં ચાલ્યો.

અરધા કલાકની અંદર તો લડાઈનાં વહાણ નાંગર્યાં હતાં ત્યાં જઈ પહોંચ્યો. મને આવતો જોઈ દુશ્મનો તો એવા બીધા કે વહાણ છોડી દરિયામાં કૂદી પડ્યા ને જીવ લઈ કિનારા તરફ તરવા મંડી પડ્યા!

લગભગ ત્રીસ હજાર માણસો ત્યાં હતાં. મેં પણ ઝડપથી

પેલા આંકડાને વહાણના આગલા ભાગમાં ભેરવી દીધા અને પચાસ તારને સાથે બાંધી લીધા.

હું મારું કામ કરતો હતો ત્યાં દુશ્મનોએ હજારો બાણોનો વરસાદ મારા પર વરસાવ્યો. એમાંથી ઘણાં બાણો મારા હાથ ને મોં ઉપર લાગી ચણચણવા લાગ્યા. મને તો બીક લાગવા માંડી કે રખે મારી આંખોમાં એ વાગે ને હું આંધળો થાઉં. તાબડતોબ મને જો એક ઉપાય ન સૂઝ્યો હોત તો તો હું જરૂર આંધળો થાત.

મારા કબજાના એક ગજવામાં આગળ કહ્યું તેમ મારી ખાસ અંગત વસ્તુઓ હતી. મેં તે શહેનશાહને સ્વાધીન કરી નહોતી. એમાં મારાં ચશ્માં પણ હતાં. મેં ચશ્માં બહાર કાઢી બરોબર નાક ઉપર ચડાવી દીધાં. કેટલાં યે બાણો ચશ્માં ઉપર અથડાયાં, તોપણ મને કંઈ નુકસાન થયું નહિ ને મેં મારું કામ ચાલુ રાખ્યું.

જ્યારે બધાં વહાણો બંધાઈ રહ્યાં, ત્યારે મેં તેમને સામટાં ખેંચવા માંડ્યાં. એક પણ વહાણ ત્યાંથી ડગ્યું નહિ, કારણકે લંગર વડે એ એવાં સજ્જડ નાંગરેલાં હતાં કે ગમે તેટલું ખેંચું પણ હાલે જ નહિ.

મેં તો દોરડાં મૂકી મારો જાડો ચપ્પુ કાઢ્યો અને એક પછી એક લંગરને બાંધેલાં દોરડાં કાપી નાખ્યા.

દુશ્મનોએ એક સામટાં ખૂબ બાણો છોડ્યાં. લગભગ બસો તીર આવીને મારા હાથને તથા મોંને વાગ્યાં. એને ગણકાર્યા વિના મેં મારાં બાંધેલાં દોરડાં પાછાં પકડી મારી પાછળ વહાણોને

ઘસડવા માંડયાં.

બ્લેફુસ્કુવાસીઓને મારો હેતુ શો હશે તેનો જરા પણ ખ્યાલ નહોતો, એટલે જ્યારે વહાણોને મારી પાછળ ઘસડાતાં જોયાં ત્યારે એ લોકોને ખૂબ નવાઇ લાગી.

શરૂઆતમાં તો એમને લાગ્યું કે આવી રીતે લંગરનાં દોરડાં કાપી નાખી હું વહાણોને ભર દરિયે છૂટાં મૂકી દેવા માગતો હોઇશ જેથી વહાણો અથડાઇને નાશ પામે.

પરંતુ જ્યારે વહાણોને હારબંધ ઘસડાતાં જોયાં ત્યારે તો બધા નિરાશા ને દુઃખની બૂમો પાડવા લાગ્યા.

પહેલાં એક વખત શરીરના ઘા રૂઝવવાનો જે મલમ મને ચોપડયો હતો તે મલમ હું મારી સાથે લાવ્યો હતો. એટલે જેવો હું ભયમુક્ત થયો કે તરત એ મલમ કાઢી મેં મારા હાથે ને મોંએ ઘસ્યો. પછી મારાં ચશ્માં કાઢી ગજવામાં મૂકયાં અને ભરતી ઊતરે તેની રાહ જોતો અરધો કલાક લગી ઊભો રહ્યો. અરધા કલાક પછી મારો જીતેલો કાફલો લઈ હું લીલીપુટ બંદરે પહોંચ્યો.

શહેનશાહ એમના બધા દરબારીઓ સાથે મારું પરાક્રમ જોવા કિનારા પર આવી ઊભા હતા. પહેલાં તો એમણે દૂરથી માત્ર અર્ધચંદ્રાકારમાં વહાણોને જ આવતાં જોયાં, મને જોયો નહિ; કારણ હું છાતીપુર પાણીમાં હતો.

જ્યારે મધ્યમાં આવ્યો ત્યારે તો ગળા લગી પાણી હતાં એટલે મને ન જોવાથી એ લોકો મૂંઝવણમાં પડ્યા.

શહેનશાહે તો નક્કી માની લીધું કે હું ડૂબી મૂઓ



અરધા કલાક પછી મારો જીતેલો કાફલો લઈ હું લીલીપુટ બંદરે પહોંચ્યો.

અને દુશ્મનો ચડી આવતા હતા. થોડી વારમાં જ મેં એ ચિંતામાંથી એમને મુકત કર્યા. કારણકે જેમ પાણી છાછરાં થવા માંડયાં તેમ હું વધારે ઝડપથી એમની તરફ જઈ શકતો હતો. જ્યારે સાંભળી શકે એટલો નજદીક જઇ પહોંચ્યો કે મેં જોરથી બૂમ પાડી: 'લીલીપુટના મહાન સમ્રાટ ઘણું જીવો !'

શહેનશાહે મને ખૂબ સારો આવકાર આપ્યો. મારાં ખૂબ વખાણ કર્યાં અને ત્યાં ને ત્યાં મને નૉરડૅકનો ખિતાબ આપ્યો, જે ત્યાં આગળ મોટામાં મોટું માન ગણાય.

મારી ફતેહથી શહેનશાહનો લોભ વધ્યો ને દુશ્મનનાં બીજાં બધાં વહાણો પણ આવી રીતે ઘસડી લાવું એમ ઇચ્છા દર્શાવી.

રાજાઓના લોભને કંઈ થોભ છે ? બ્લેફુસ્કુને રાજ્યનો એક પ્રાન્ત બનાવવાનો અને પોતાના સૂબા મારફતે ત્યાં હકુમત ચલાવવાનો વિચાર પણ શહેનશાહને આવ્યો ! નાસી ગયેલા રોટલીબાઉઓનો નાશ કરી ત્યાંના લોકોને પણ પહેલાં ભાત ખાવાની ફરજ પાડવાનો વિચાર પણ તેમને આવ્યો !

પણ મેં ન્યાય અને નીતિના સિદ્ધાંતો સંભળાવી એમને આ લોભ ન કરવા માટે સમજાવ્યા. મેં પોતે તો ચોખ્ખું ને ચટ કહી દીધું કે એક સ્વતંત્ર અને શૂરી પ્રજાને ગુલામીનાં બંધનોથી જકડવામાં હું કોઈ દિવસ પણ સામેલ થાઉં નહિ. જ્યારે મંત્રીમંડળમાં આ બાબત ચર્ચા થઈ ત્યારે એમાંના ડાહ્યા મંત્રીઓ મારી સાથે એકમત થયા.

શહેનશાહના પોતાના રાજકીય વિચારો એવા જુદા હતા

કે આ મારા સ્પષ્ટ શબ્દોથી એમને બહુ જ ખોટું લાગ્યું.

મંત્રીમંડળમાં જ્યારે શહેનશાહે પોતાના વિચારો દર્શાવ્યા ત્યારે જે મારા મતવાળા હતા તે બધા ચૂપ રહ્યા. પણ જે મારા હમેશના વિરોધીઓ હતા તેમણે તો આ બહાને મને ઉતારી પાડવામાં બાકી જ ન રાખી.

ત્યારથી જ શહેનશાહ ને કેટલાએક મંત્રીઓનું મારી સામે કાવત્રું રચાયું. બે મહિનામાં તો એમણે મારો ઘાટ ઘડી નાખવાની યુક્તિ પણ કરી. જો હું ચેત્યો ન હોત તો નાશ પણ પામત.

રાજાઓના લોભ અને ઇચ્છાની સામે થઇએ ત્યારે ગમે તેટલી સારી સેવા બજાવી હોય, તે ભૂલી જતાં એમને જરા પણ વાર લાગતી નથી!

મારા પરાક્રમને ત્રણેક અઠવાડિયાં થયાં હશે, ત્યાં બ્લેફુસ્કુથી સંધિનું કહેણ લઈ એલચીઓ આવ્યા ને કોલકરારો થયા. તે લીલીપુટના શહેનશાહને વધારે લાભદાયક હતા.

બ્લેફુસ્કુથી છ એલચીઓ પાંચસો માણસના રસાલા સાથે આવ્યા હતા. એમનો નગરપ્રવેશ પણ એમના શહેનશાહની મોટાઇને છાજતો અને જે કાર્ય માટે આવ્યા હતા તેનું મહત્ત્વ બતાવતો દમામદાર હતો.

આ કોલકરારોમાં એમને બહુ નુકસાન ખમવું ન પડે એટલા માટે મેં જે મહેનત કરી હતી તેને લીધે તથા દરબારમાં મારી કહેવાતી પ્રતિષ્ઠાને લીધે એ નામદારો મારી મુલાકાતે પણ આવ્યા. મારી બહાદુરી ને ઉદારતાનાં ખૂબ વખાણ કરી એમના

શહેનશાહ તરફથી મને બ્લેફુસ્કુ જવાનું આમંત્રણ કર્યું. મારી શક્તિ વિષે પણ એમણે ઘણી નવાઈની વાતો સાંભળી હતી, તેનું થોડુંઘણું પ્રદર્શન કરવા મને વિનતિ કરી.

મેં પણ એમની માગણી કબૂલ રાખી. જતાંજતાં એ નામદારો સાથે મેં પણ સંદેશો કહેવડાવ્યો કે: 'મારી તરફથી તમારા જગપ્રસિદ્ધ શહેનશાહને મારી સલામ સાથે કહેજો કે મારે દેશ જતાં પહેલાં હું જરૂર ત્યાં આવી જઈશ.'

જ્યારે હું લીલીપુટના શહેનશાહને ફરી મળ્યો ત્યારે મેં બ્લેફુસ્કુ જવા માગણી કરી. એમણે મને રજા આપી તો ખરી, પણ ઘણા જ કમને.

પહેલાં તો મને સમજ ન પડી પણ પછીથી ખબર પડી કે ફ્લિમનૅપ ને બોલગોલેમે એલચીઓ સાથેની મારી મુલાકાત વિષે શહેનશાહના કાન ખૂબ ભંભેર્યા હતા. રાજ્યખટપટનો મને કોઈ દિવસ અનુભવ નહોતો તે આ પહેલી જ વાર થયો.

પ્રકરણ તેરમું

લીલીપુટવાસીઓની રહેણીકરણી

આ દેશના લોકો જેમ વેંહત જેટલા—છ ઇંચ ઊંચા—છે તેમ તેના પ્રમાણમાં અહીંનાં જાનવરો તેમજ ઝાડપાન વગેરે પણ રમકડાં જેટલાં નાનાં છે.

ઊંચામાં ઊંચા ઘોડાઓ તેમજ બળદો ચાર પાંચ ઇંચ માંડ હશે. ઘેટાંબકરાંઓ દોઢ ઇંચ. એમનાં પક્ષીઓ પણ પ્રમાણમાં બહુ જ નાનાંસરખાં.

ત્યાંની બતકો આપણી ચકલીથીયે ઘણી નાની. એમની ચકલીઓ આપણાં પતંગિયાં જેવડી. ત્યાંનાં જંતુઓ તો મારી આંખે દેખાય જ નહિ એટલાં ઝીણાં. એ લોકોની આંખો જે દેખી શકે તે મારાથી તો દેખાય જ નહિ, પણ જેટલું દૂર આપણે જોઈ શકીએ એટલું દૂર એ લોકોથી ન દેખાય.

એક નાનકડી છોકરીને મારાથી અદૃશ્ય એવી સોયમાં એવો જ અદૃશ્ય દોરો પરોવતી જોવાની એક વખત મને બહુ જ મજા પડેલી. આંખો કેટલીયે ચોળું, પણ સોય કે દોરો મારાથી તો દેખાય જ નહિ! એ દેશનાં ઊંચામાં ઊંચાં ઝાડો સાત ફૂટ ઊંચાં હશે.

દરબારી બાગમાં આવાં ઝાડો ખૂબ હતાં. હું તો સહેજે હાથ ઊંચો કરું એટલે એની ટોચને અડકી શકું. આપણી ખાવાની શાકભાજી ત્યાં કેટલી સૂક્ષ્મ હશે તેનો ખ્યાલ બાળકો કરી લેશે.

એ લોકોના જ્ઞાન વિષે હું ખાસ કહેવા માગતો નથી. દરેક દિશામાં એમણે સારી પ્રગતિ કરી છે.

એ લોકોની લખવાની રીત બહુ વિચિત્ર હોય છે. આપણી માફક કે યુરોપિયનોની માફક ડાબીથી જમણી બાજુ એ લોકો લખતા નથી. અરબી તેમજ ફારસીની માફક જમણી બાજુથી ડાબી બાજુ પણ નહિ.; કે ચીનાઓની માફક ઉપરથી નીચે પણ નહિ. પરંતુ એમની લિપિ આડી એક ખૂણેથી સામે ખૂણે લખાય છે !

ત્યાં માણસ મરણ પામે એટલે શબને ઊંધે માથે બાળવામાં આવે છે. એ દેશમાં એવી માન્યતા છે કે સ્વર્ગ પૃથ્વીની નીચે પાતાળમાં આવેલું છે ! આપણા દેશમાં ઊંચે જવાનું શ્રેષ્ઠ મનાય તેમ ત્યાં નીચી ગતિ શ્રેષ્ઠ મનાય !

આવી રીતે ઊંધે માથે બાળવાથી લોકો સ્વર્ગમાં જાય એવી માન્યતા છે. પંડિતો તો આ વિચારને હસી કાઢે છે. પણ અજ્ઞાન લોકોને એમાં શ્રદ્ધા છે, એટલે એ રિવાજ ચાલ્યા કરે છે.

એ દેશમાં ચાડી ખાનારાઓને સખત શિક્ષા થાય છે. આરોપી પોતાનું નિર્દોષપણું સાબિત કરે તો તહોમત મૂકનારને મોતની શિક્ષા થાય છે અને એની માલમિલ્કતમાંથી દોષમુક્ત માણસને એનો વખત બગાડવા માટે ને કેદખાનાની હાડમારી

ભોગવવી પડી તેને માટે ચાર ગણી નુકસાની ભરી આપવી પડે છે. તહોમતદાર પાસે પૈસા ન હોય તો રાજ્ય આપે છે. એ માણસને શહેનશાહ માનઅકરામથી પણ નવાજે છે અને આખા શહેરમાં ઢંઢેરો પીટાવી એનું નિર્દોષપણું જાહેર કરવામાં આવે છે.

એ દેશમાં ચોરી કરતાં છળકપટને વધારે મોટો ગુનો ગણવામાં આવે છે અને તેને માટે મોતની શિક્ષા ફરમાવવામાં આવે છે. આ લોકોનું એવું માનવું છે કે કાળજી રાખી હોય તો ચોરો સામે રક્ષણ થઈ શકે; પણ કપટી માણસની લુચ્ચાઈ સામે પ્રમાણિકતા ફાવી શકતી નથી.

ખાસ કરીને વેપાર યાતો લેણદેણ કરવાની હોય અને મોટે ભાગે હૂંડી પર વેપાર ચાલતો હોય ત્યાં જો આવી શિક્ષા વિશ્વાસઘાતીઓને માટે રાખવામાં ન આવે તો બિચારા પ્રમાણિક માણસના તો ભોગ જ લાગે.

એક વખત એક ગુનેગાર પોતાના શેઠની હૂંડીના પૈસા લઇ નાસી ગયો હતો. એના બચાવમાં મેં શહેનશાહ આગળ અરજ કરી કે એ ગુનો એટલો મોટો નહોતો કે એને માટે મોતનો દંડ કરી શકાય.

આ સાંભળી બધાને બહુ જ નવાઇ લાગી. આવા ભયંકર ગુના માટે હું માફીની અરજ કરું તે એ લોકોને બહુ વધારે-પડતું લાગ્યું. હું પણ ખરેખર તો શરમાયો; જોકે મેં જવાબમાં કહ્યું કે દેશદેશના રિવાજ જુદાજુદા હોય.

સારા કામનો બદલો આપવો ને ખરાબ કામની શિક્ષા

કરવી એ રાજ્યધર્મ તો શું પણ ઈશ્વરી ધર્મ મનાય છે. આ સૂત્ર મેં બીજે કોઈ ઠેકાણે અમલમાં મૂકાતું જોયું નહોતું, પરંતુ લીલીપુટમાં તો એ અક્ષરેઅક્ષર પળાય છે.

જો કોઈ એમ સાબિત કરી આપે કે તોંતેર ચાંદ્રમાસ દરમ્યાન એણે રાજ્યના કાયદા વફાદારીથી પાળ્યા છે, તો તેને એની સ્થિતિ પ્રમાણે રાજ્ય તરફથી બક્ષિસો મળે.

આને માટે રાજ્ય તરફથી એક મોટી રકમ અલગ રાખવામાં આવે છે. એ માણસને સીલપાલ-રાજ્યરત્ન-નો ખિતાબ એનાયત કરવામાં આવે છે.

એ લોકોએ જ્યારે સાંભળ્યું કે આપણા દેશમાં કાયદાઓ દંડની બીકે પળાવવામાં આવે છે-બક્ષિસ વડે નહિ-ત્યારે આપણી રાજ્યનીતિ એ લોકોને બહુ જ ખોડભરેલી લાગી.

એ દેશની અદાલતોમાં ન્યાયની મૂર્તિ મૂકાય છે. તેને છ આંખો હોય છે. બે આગળ બે પાછળ ને એકએક બંને બાજુમાં. ન્યાય બધી બાજુથી જોઈ શકે છે એવો એનો અર્થ થાય છે.

એ મૂર્તિના એક હાથમાં સોનામહોરથી ભરેલી કોથળી હોય છે ને બીજા હાથમાં મ્યાનમાં રાખેલી તલવાર હોય છે. તે એવું બતાવવા કે દંડ કરતાં બક્ષિસ આપવામાં ત્યાંના લોકો વધારે માને છે.

સરકારી નોકરીની ચૂંટણીમાં પણ આવડત કરતાં નીતિ પર વિશેષ લક્ષ અપાય છે. જનસમાજને રાજ્યની જરૂર છે જ, અને રાજ્યને લોકોની જરૂર છે. સાધારણ બુદ્ધિનો માણસ પણ કોઈ ને કોઈ કામ માટે સરજાયો છે જ, એવી એમની માન્યતા છે.

વિધિએ રાજ્યશાસ્ત્ર માત્ર થોડાં અલૌકિક બુદ્ધિનાં માણસો જ સમજી શકે એવું અદ્‌ભુત ઘડયું નથી. વળી આવાં અલૌકિક બુદ્ધિનાં માણસો એક યુગમાં તો થોડાં જ જન્મે છે.

સત્યપ્રિયતા, ન્યાયપ્રિયતા, વગેરે ગુણો દરેક માણસ કેળવી શકે. આ ગુણોને અમલમાં મૂકવાની ટેવ, અનુભવ અને સદ્‌હેતુ એ કોઈ માણસને પોતાના દેશની સેવા-જ્યાં કોઈ ખાસ પ્રકારના જ્ઞાનની જરૂર ન હોય એવી સેવા—બજાવવાને લાયક બનાવી શકે.

આવા સદ્‌ગુણો ન હોય, માત્ર બુદ્ધિ જ વધારે પ્રમાણમાં ખીલેલી હોય, તેવા માણસને કામ સોંપવામાં એ લોકો નુકસાન જ માને છે. સદ્‌ગુણી માણસથી અજ્ઞાનમાં ભૂલ થાય તેનાથી જે નુકસાન થાય તેના કરતાં કોઈ હોશિયાર માણસ ખરાબદાનતથી ભૂલ કરી તે ભૂલ પોતાની હોશિયારીથી ઢાંકે તેમાં વધારે નુકસાન થાય.

ઈશ્વરમાં ન માનનારને પણ આવી રાજ્યની નોકરીમાં દાખલ કરતા નથી. રાજાઓ ઈશ્વરના અંશ મનાય છે, એટલે લીલીપુટવાસીઓના મત પ્રમાણે જે ઈશ્વરને જ ન માને તે પછી એના અંશ–રાજાને–શી રીતે માની શકે ?

મેં જે ઉપર પ્રમાણેના કાયદાઓ ને માન્યતાઓ કહી તે એના અસલ રૂપમાં. સારામાં સારી સંસ્થાઓ પણ માણસને હાથે કેટલી બગડે છે! તેમ આવા સારા કાયદાઓ છતાં હવે લીલીપુટમાં રાજ્યની નોકરી દોરડાં પર નાચવાથી કે ઊંચે કૂદવાથી મળે છે!

આ રીત હાલના શહેનશાહના દાદાના વખતથી દાખલ કરવામાં આવી હતી. અને હવે તો રાજદ્વારી પક્ષાપક્ષીને લીધે

અને તેથી ઊભી થતી અનેક ખટપટોને લીધે ઘર ઘાલીને બેઠી છે.

કૃતઘ્નતાને એ દેશમાં મોતને લાયક ગુનો ગણવામાં આવે છે. જે માણસ ઉપકારનો બદલો અપકારમાં વાળે છે તે આખી માનવજાતિનો શત્રુ છે; કારણ જેણે ઉપકાર કર્યો છે તેની સામે જે નગુણો બને તે માણસ બીજા લોકો—જેની સાથે કંઈ લેવાદેવા નથી તેનું સારું શી રીતે કરી શકે? આવો માણસ મોતનેજ લાયક ગણાય.

માબાપ અને બાળકો વચ્ચેનો સંબંધ પણ આપણા દેશ કરતાં જુદી જાતનો છે. આ લોકોના મત પ્રમાણે બાળકની કેળવણી માબાપને સોંપવી હાનિકારક છે. એટલે દરેક શહેરમાં બાળગૃહો સ્થાપ્યાં છે. મજૂર લોકો અને સાધારણ ગરીબ વર્ગ સિવાયનાં બધાં માબાપો પોતાનાં બાળકને આવાં બાળગૃહોમાં મોકલે છે. બાળગૃહો દરેક વર્ગનાં બાળકોને અનુકૂળ રાખવામાં આવે છે.

દરેક બાળકને તેમનાં માબાપના હોદ્દા અને સ્થિતિને અનુકૂળ શિક્ષણ અપાય છે. બાળક તેમજ બાળકીઓનાં ગૃહો જુદાંજુદાં હોય છે.

બાળગૃહોમાં મોટા પંડિતોને રાખવામાં આવે છે. તેમની સાથે બીજા પણ મદદનીશો હોય છે. આ ગૃહોમાં કપડાં તેમજ ખોરાક સાદાં હોય છે. બાળકને સ્વમાન, ન્યાયપ્રિયતા, શૌર્ય, નિરભિમાન, દયા, ધર્મ ને સ્વદેશપ્રેમના પાઠો શીખવવામાં આવે છે.

ખાવાપીવા તથા સૂવાનો વખત ઘણો થોડો રાખવામાં આવે છે. બે કલાક અંગકસરત સિવાયનો બાળકોનો બધો વખત કંઈ ને કંઈ કામ કરવામાં જાય છે.

ચાર વર્ષનાં થાય ત્યાં લગી બાળકોને નોકરો કપડાં પહેરાવે છે. પછી પોતાની મેળે જ પહેરવાનાં. બાળકો ગમે તેટલા મોટા ઘરનાં હોય તોપણ એ જ કાયદો. માત્ર ઘરડી સ્રીનોકરો ત્યાં ઉપલક કામને માટે રાખવામાં આવે છે.

બાળકોથી નોકરો સાથે વાતચીત થઈ શકતી નથી. કોઈ ને કોઇ શિક્ષકની દેખરેખ નીચે બાળક હોય જ. એટલે હલકા નોકરોની સોબતથી આપણા દેશમાં જે કુટેવો પડે છે તેનાથી આ લોકો મુક્ત હોય છે. માબાપો પોતાનાં બાળકને વર્ષમાં બે જ વાર મળી શકે છે અને જતી વખતે જ બાળકને ચૂમી શકે છે. બાકી માબાપોથી બીજાં કાંઈ ખોટાં લાડ થઇ શકતાં નથી. બાળકને માટે રમકડાં, મીઠાઈ કે એવી કોઇપણ ચીજ બાળગૃહમાં લાવવા દેવામાં આવતી નથી.

દરેક માબાપ પાસેથી બાળક દીઠ અમુક રકમ રાજ્ય લે છે. વેપારી વર્ગ તેમજ અન્ય કામદાર વર્ગનાં બાળકોને માટે પણ આવી જાતનાં બાળગૃહો હોય છે. ફેર એટલો કે આ વર્ગનાં બાળકોને અગિયારમે વર્ષે કામ શીખવા ગૃહમાંથી રજા આપવામાં આવે છે, જ્યારે ઉપલા વર્ગનાં બાળકો પંદર વર્ષ (આપણે ત્યાં એકવીશ વર્ષ ગણાય)નાં થાય ત્યાં લગી બાળગૃહમાં રહી શકે છે.

બાળકીઓનાગૃહમાં પણ બાળક જેવુંજ શિક્ષણ અપાય છે. ફેર એટલો કે કપડાં પહેરાવવા એમને માટે નોકરાણીઓ હોય છે. આ નોકરાણીઓ પણ જો ગમે તેવી વાતો કહી બાળાઓને બીવડાવે તો તેમને શહેરની જાહેર જગ્યાએ ચાબુકે ચાબુકે મારવામાં આવે

છે; એક વર્ષ લગી કેદ કરવામાં આવે છે અને ઘણી વાર દેશનિકાલ પણ કરવામાં આવે છે. એટલે અહીંની સ્ત્રીઓ પણ પુરુષોના જેટલી જ બહાદુર અને કેળવાએલી હોય છે. તેઓ શરીરને ખોટુંખોટું શણગારવામાં માનતી નથી. ભણતર પણ પુરુષો કરતાં જુદું હોતું નથી. ફક્ત અંગકસરત પુરુષોના જેટલી કઠણ હોતી નથી અને થોડું ગૃહશિક્ષણનું જ્ઞાન વધારામાં શીખવાતું હોય છે.

અહીંઆં એક કહેવત ચાલે છે કે જુવાની હમેશાં રહેતી નથી. માટે સ્ત્રીએ આનંદી સોબતી થતાં શીખવું. જ્યારે બાળકી બાર વર્ષની થાય ત્યારે પરણવા લાયક ગણાય છે. એટલે માબાપો આવીને એને ઘેર તેડી જાય છે. જતી વખતે શિક્ષકોનો ખૂબ સારા શબ્દોમાં ઉપકાર માનવામાં આવે છે.

નીચલા વર્ગની બાળકીઓને એમની સ્થિતિ પ્રમાણે શિક્ષણ અપાય છે. એમને બીજે કામ શીખવા રહેવાનું હોય એટલે સાતમે વર્ષે ત્યાંથી જવાની રજા મળે છે.

ઉપર કહ્યું તેમ માબાપને બાળક દીઠ પોતાની આવકમાંથી રાજ્યને આપવું પડે છે. કારણ કે લીલીપુટવાસીઓની એવી માન્યતા છે કે છોકરાં પેદા કરી બીજા ઉપર એમના પોષણનો ભાર નાખવો એના જેવું અધમ કંઈ નથી.

મજૂર ને ખેડુત વર્ગનાં બાળકો એમને ઘેર જ ઊછરે, કારણ એમનો ધંધો મજૂરી કે ખેતીનો. એ ઘેર રહીને પણ શીખી શકાય.

એ લોકોને ત્યાં રોગીઓ તથા ઘરડાંઓ માટે દવાખાનાં તેમજ આશ્રમો છે. ભીખ માગવાની એ દેશમાં સખત મનાઈ છે.

પ્રકરણ ચૌદમું

મારી રહેણીકરણી

હું એ દેશમાં ઠીક દમામથી રહેતો. ત્યાંનાં સરકારી જંગલોમાંથી મોટાં-મોટાં ઝાડો કાપી મારે માટે મેં એક ખુરશી તથા મેજ બનાવ્યાં હતાં. મારાં કુડતાં સીવવાને માટે ત્રણસો દરજણો કામે લાગી હતી.

દરજણોએ મારું માપ બહુ વિચિત્ર રીતે લીધું. મારે જમીન પર ચત્તાપાટ સૂવું પડ્યું. પછી એક જાડી દોરડીનો છેડો પકડી એક દરજણ મારા ગળા પર ઊભી ને બીજી બીજો છેડો પકડી મારા ઘૂંટણ પર ઊભી રહી. પછી ત્રીજીએ આવી એક ઇંચ જેટલી લાંબી પટ્ટીથી દોરડીના બે છેડાનું અંતર માપ્યું. ત્યાર બાદ એમણે મારા જમણા પગના અંગૂઠાનું માપ લીધું અને એ ઉપરથી બીજાં માપ ગણી કાઢ્યાં. અંગૂઠાથી બેવડું હાથના કાંડાનું; એથી બેવડું ગળાનું અને એથી બેવડું કમરનું! મારું કુડતું એ પ્રમાણે એ લોકો સીવી લાવ્યાં.

દરજીઓને માપ લેવું વધારે અઘરું લાગ્યું. મારે ઘૂંટણ ઉપર ઊભા રહેવું પડ્યું. પછી નીસરણી મૂકી એક દરજી મારા ખભા ઉપર ચડ્યો અને ત્યાંથી દોરડું જમીનને અડકે એમ નાખ્યું. આ રીતે ડગલાની લંબાઈનું માપ લીધું. કમર તેમજ

ગળાનું માપ મેં જ લઇ આપ્યું.

મારાં કપડાં પણ મારા રહેવાના મકાનમાં બેસીને જ તૈયાર કર્યાં; કારણકે મારાં કપડાંને માટે જોઈતી બધી સામગ્રી, લૂગડાંના તાકા વગેરે એમનાં નાનકડાં ઘરોમાં તો માય જ નહિ.

કપડાં જ્યારે તૈયાર થયાં ત્યારે ખૂબ સાંધાસાંધાવાળાં, થીગડાં માર્યાં હોય તેવાં લાગતાં હતાં; કારણ કાપડનો પનો છેક નાનો, એટલે એ બિચારાં શું કરે?

મારી રસોઈ તૈયાર કરવાને ત્રણસો રસોઇયાઓની જરૂર પડતી. એ લોકોને માટે એક મંદિરની આસપાસ ખાસ કોટડીઓ બાંધવામાં આવી હતી.

ખાવાપીવાનું લઈ સો નોકરો મને પીરસવા આવતા. કૂવામાંથી પાણી કાઢીએ તેમ ઘરેડીથી હું સૌને દોરડા વડે એકસામટા ખેંચી મારા મેજ પર લાવતો.

મને ખાતો જોવાની એ લોકોને હમેશાં મજા પડતી. એક દિવસ શહેનશાહને પણ મને ખાતો જોવાની ઇચ્છા થઈ. અમુક દિવસે પોતે, શહેનશાહબાનુ તેમજ રાજકુટુંબ મારી સાથે જમવા આવશે એમ કહેવડાવ્યું.

મેં તો આખા રાજકુટુંબને એમના રસાલા સાથે મારા મેજ પર બેસાડ્યું. ફ્લિમનૅપ ખજાનચી મને ખાતો જોઈ બહુ જ કટાણું મોં કરવા લાગ્યો. એ જોઇ એને ખાસ ચીડવવા મેં પણ રોજ કરતાં વધારે ખાધું, અને મારા ખાઉધરાપણાથી બધાંને અજાયબી-માં ગરક કર્યાં.

ફ્લિપનૅપ બહારથી તો મારી સાથે ઘણું સારું રાખતો, પણ અંદરખાનેથી મારો કટ્ટો દુશ્મન હતો! આ મુલાકાત પછી તો એણે મારે માટે શહેનશાહના કાન ખૂબ જ ભંભેરવા માંડ્યા.

મારે લીધે શહેનશાહને બહુ ખર્ચ થતો હતો તથા તીજોરીમાં પૈસા ખૂટવા આવ્યા હતા વગેરે કહી પહેલી જ તકે મને દેશપાર કરવાને તે મથતો હતો.

પ્રકરણ પંદરમું

રાજ્યખટપટ

સુરતમાં હતો ત્યારે કોઈ દિવસ રાજાઓના કે નવાબોના સમાગમમાં હું આવ્યો નહોતો, એટલે રાજ્યખટપટથી હું તદ્દન અજાણ હતો. આવી ખટપટોનો અનુભવ આ રીતે થશે એનો મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો.

હું બ્લેકુસ્કુ જવાની તૈયારી કરી રહ્યો હતો ત્યાં એક દિવસ એક મોટો સરદાર—જેના ઉપર શહેશાહની એકવાર ઇતરાજી થઈ હતી ત્યારે મેં એને બચાવી લીધો હતો તે—મને છૂપી રીતે પાલખીમાં બેસી મળવા આવ્યો.

નામઠામ જણાવ્યા વિના એણે અંદર આવવાની રજા માગી. પાલખીવાળાઓ પાસેથી આખી પાલખી જ લઈ મેં ગજવામાં મૂકી. પછી અંદર જઇ બારણાં વાસ્યાં અને નોકરોને કહ્યું કે કોઇ આવે તો કહેજો કે તબિયત નાદુરસ્ત હોવાથી હું સૂઇ ગયો છું.

નોકરના ગયા પછી પાલખીને ગજવામાંથી કાઢી મેજ ઉપર મૂકી ને હું પણ ખુરશીમાં બેઠો.

સાહેબજી સલામ કર્યા પછી એમનો ચિંતાતુર ચહેરો જોઈ મેં કારણ પૂછ્યું. મારા મિત્રે મને નીચેની હકીકત ધીરજથી સાંભળવા કહ્યું:

'કેટલાક દિવસથી મંત્રીમંડળની ખાનગી બેઠકો તમારે વિષે વિચાર ચલાવવા મળે છે. આખરે શહેનશાહ કંઈ નિશ્ચય પર આવ્યા હોય એમ લાગે છે. તમને ખબર હશે કે સ્કાઇરેશ બોલગોલેમ-ગોલબેટ અથવા જળપતિ તમે આવ્યા તે દિવસથી જ તમારી પર વેર રાખે છે. શરૂઆતમાં તો એને શું કારણ હશે તે કોણ જાણે, પણ જ્યારથી બ્લેફુસ્કુનાં વહાણો તમે પકડી લાવી એ દેશને હરાવ્યો ત્યારથી જળપતિ તરીકેની એની કીર્તિ ઓછી થઈ, એટલે તમારા પર અદેખાઈને લીધે વેર વધ્યું છે.

એની સાથે મળી જવામાં મુખ્ય ખજાનચી ફ્લિમનૅપ, સેનાપતિ લીમટોક, ખાનગી કારભારી લાલકોન અને ન્યાયાધીશ બાલપફ વગેરે લોકો તમારી પર રાજદ્રોહનું તહોમત મૂકવા માગે છે. તે સાથે બીજાં પણ અનેક આળ ચડાવવા ધારે છે. મારા પર તમે જે ઉપકાર કર્યો છે તેના બદલામાં જીવના જોખમે હું તમને ચેતવવા આવ્યો છું.'

મારી પર જે તહોમતો મૂકવામાં આવ્યાં હતાં તેની એક નકલ પણ સરદારે મને બતાવી. તહોમતો નીચે પ્રમાણે હતાં:

'૧ લું : આ મનુષ્ય-પહાડ બ્લેફુસ્કુનું નૌકાસૈન્ય પકડી આણ્યા પછી, જ્યારે નામદાર શહેનશાહે તેને બીજાં વહાણો પકડી આણવાનો હુકમ કર્યો—કે જેથી આ દુશ્મન દેશ આપણા દેશનો એક પ્રાંત બને અને આપણા સૂબા મારફતે ત્યાં હકુમત ચલાવી શકાય, તથા ત્યાં રહેતા રોટલીખાઉઓને પકડી આણી આ જૂના

વિચારમાંથી મુક્ત કરવાનું બની શકે—ત્યારે "નિર્દોષ લોકોની સ્વતંત્રતા છીનવી નહિ લઉં" એમ બહાનું કાઢી એણે નામદારના ફરમાનનો ઇનકાર કર્યો.'

'૨ જું : જ્યારે એ દેશના એલચીઓ સંધિ કરવા આવ્યા ત્યારે દુશ્મન રાજ્યના માણસો છે એ જાણ્યા છતાં એમની સાથે હળીમળી એમના વિચારોને પુષ્ટિ આપવાનો પ્રયત્ન કર્યો.'

'૩ જું : આ મનુષ્ય પહાડ વફાદાર પ્રજાને ન છાજે તેમ બ્લેફુસ્કુ જવાની તૈયારી કરી રહ્યો છે. એ માટે એણે નામદાર શહેનશાહની માત્ર મોંની પરવાનગી લીધી છે. નામદાર શહેનશાહની નાખુશી છતાં એ આવી રીતે જાય છે એ બતાવી આપે છે કે દુશ્મન સાથે એ મળી જવા માગે છે.'

બીજાં પણ ઘણાં કારણો આપ્યાં હતાં, પણ તેમાં ઉપર દર્શાવેલાં ત્રણ મુખ્ય હતાં.

'નામદાર શહેનશાહે જ્યારે આ તહોમતો સાંભળ્યાં,' મારા મિત્રે આગળ ચલાવ્યું, 'ત્યારે તેમણે તમારી તરફદારી કરી અને તમે રાજ્યની જે સેવાઓ બજાવી છે તે કહી સંભળાવી; પરંતુ ખજાનચી તેમજ જળપતિ બેમાંથી એકે તાબે થયા નહિ.

એ લોકોની ઇચ્છા એવી છે કે તમારા ઘરને રાતના આગ લગાડી તમને ઘાતકી રીતે બાળી મૂકવા.

સેનાપતિ એક હજાર માણસો સાથે તમારા ઘરને ઘેરો ઘાલે અને તમે બળતા ઘરમાંથી નાસવાનો પ્રયત્ન કરો કે તરત તમને બાણો વડે વીંધી નાખી ઘાયલ કરે.

વળી બીજાએ એવી પેરવી બતાવી કે તમારા નોકર પાસે

તમારા પહેરણને ઝેરી રસમાં બોળીને ધોવડાવે, એટલે જ્યારે તમે એ પહેરો ત્યારે શરીર પર ઝેરની અસર એવી થાય કે તમને ચામડી ઊખેડી નાખવાનું મન થાય. સેનાપતિનો પણ એ જ અભિપ્રાય હતો. એકંદરે બહુમતી તમારી સામે હતી. પણ શહેનશાહને તમારો જીવ લેવાનો વિચાર નહોતો, એટલે એમના ખાનગી મંત્રીને આ પેરવી સામે મત આપવા સમજાવ્યો.

હેડ્રેસાલ તમારો મિત્ર થાય છે ને શહેનશાહનો અંગત મંત્રી છે. તેણે પોતાનો અભિપ્રાય આપી મિત્રપણું બજાવ્યું. તમારી સેવા તેમજ શહેનશાહની દયાળુતા એ બંનેને ધ્યાનમાં રાખી એણે તમારો જીવ ન લેવાની ભલામણ કરી. પરંતુ દરેક પક્ષ સંતોષાય અને ન્યાય બરોબર થાય માટે તમારી આંખો ફોડી નાખવી એમ જણાવ્યું.

આંખ ફોડવાથી તમારું જોર તો કાયમ રહેશે જ. તેથી તમે શહેનશાહને ઉપયોગી થઇ પડશો. ખાસ કરીને અંધાપો હિંમત વધારે છે, કારણ ભય જોઈ શકાતો નથી.

શત્રુનું નૌકાબળ તમે જીતી લાવ્યા તે વખતે અમને મોટી બીક તમારી આંખો ખોવા માટેની હતી. આંખ ખોયા પછી તમારે રાજમંત્રીઓની આંખે જોવું પડશે. રાજાઓ પણ ક્યાં એમની આંખોએ જોતા નથી?

આ વિચાર બીજા સભ્યોને ગમ્યા નહિ. બોલગોલેમ તો ખૂબ જ ગુસ્સે થઇ ગયો અને બોલ્યો કે એક રાજદ્રોહીનો જીવ બચાવવાની રાજમંત્રી હિંમત જ કેમ કરી શકે? જે સેવાઓ તમે

બજાવી છે તે ખરેખર તો તમારો ગુનો જ પુરવાર કરે છે. જે બળ વડે તમે દુશ્મનનો દરિયાઇ કાફલો ખેંચી લાવ્યા તે જ બળ વડે, તમને કંઇ અણુપરવડતું થતાં, એ કાફલો પાછો યે ખેંચી જાઓ.

તમે રોટલીખાઉ છો એમ એ લોકોનું માનવું છે. માણુસનો દ્રોહ શરૂઆતમાં હૃદયમાં હોય, પણ બહારના કૃત્યમાં ન જણાય; માટે તમારો દ્રોહ કૃત્યમાં મૂકી શકો તે પહેલાં જ તમારો નાશ કરવો ઘટે.

ખજાનચીનો પણ એ જ મત હતો. એની દલીલ એવી હતી કે તમારા આવ્યા પછી સરકારી તીજોરીમાં પૈસા ઓછા થવા માંડ્યા છે. તમારે માટે ખર્ચ એટલો બધો કરવો પડે છે કે ચાલતે દહાડે તીજોરી ખાલી થાય. રાજમંત્રીની ભલામણુ અમલમાં મૂકી તમારી આંખ ફોડી નાખ્યાથી તો ઊલટો ખર્ચ વધશે.

પતિતપાવન શહેનશાહ અને મંડળની તમારા ગુના વિષે તો સંપૂર્ણ ખાતરી થઇ હતી, અને એ જ આધારે તમને મારી નાખવાને કાયદાના બીજા પુરાવાની જરૂર નહોતી.

શહેનશાહનો તો તમને મારી નાખવાનો જરાં યે હેતુ નથી, એટલે એમણે જણાવ્યું કે મંત્રીમંડળનો એવો મત થાય કે માત્ર આંખ ફોડવાથી જોઇએ તેટલી શિક્ષા થતી નથી તો બીજી કયી શિક્ષા થઇ શકે તે જણાવવું.

રાજમંત્રી ખજાનચીને જવાબ આપતાં બોલ્યા કે અત્યારે તમારા પર જે ખર્ચ થાય છે તે ધીમેધીમે ઓછો કરી તમારું ખાવાપીવાનું દહાડેદહાડે ઓછું કરી નાખવું. આથી તમે દિવસેદિવસે

નબળા પડી આખરે મરી જાઓ. તમારું શબ પણ હલકું થઇ જાય એટલે એની વ્યવસ્થા કરવી ફાવે.

તમારા મોત પછી પાંચછ હજાર પ્રજાજનો તમારા શરીર-માંથી માંસ કાપીકાપીને ગાડાંમાં નાખી દૂર લઇ જઇ બાળી નાખે, એટલે કોઈ જાતનો રોગ પણ ફાટી ન નીકળે. વળી તમારું હાડ-પીંજર તો એક અજાયબીની ચીજ તરીકે સંગ્રહસ્થાનમાં મૂકી શકાય.

આખરે રાજમંત્રીની આ સૂચના માન્ય થઈ. તમને ધીમેધીમે ભૂખે મારવાની યોજના ખાનગીમાં રાખવાનો ઠરાવ થયો છે પરંતુ તમારી આંખો ફોડી નાખવાનો ઠરાવ તો દફતરમાં નોંધવામાં આવ્યો છે. એની સાથે બોલગોલેમનો વિરોધ પણ નોંધાયો છે, કારણકે એ તો તમને મારી નાખવા જ માગે છે.

ત્રણ દિવસ પછી તમારો મિત્ર અહીં આવી તમારા પર જે તહોમત મુકાયું છે તે વાંચી સંભળાવશે.

તમારા પર દયા લાવી મોતને બદલે માત્ર આંખ જ ફોડી નાખવાનો શહેનશાહે હુકમ કર્યો છે તે હુકમને આભાર તાબે થવાનું તમને કહેશે. શહેનશાહના વાઢકાપ કરનારા વીસ વૈદ્યો આ વાઢ-કાપ બરોબર પાર ઊતરે તે માટે તમારી તહેનાતમાં હાજર રહેશે.

આ બાબત તમને જે યોગ્ય લાગે તે પગલાં લેશો. મારે તો કોઇને શક ના આવે તેમ, જેટલી છૂપી રીતે આવ્યો છું તેટલી જ છૂપી રીતે જતા રહેવું જોઇએ.'

સરદાર સાહેબના ગયા પછી મને તો અનેક વિચારો આવવા લાગ્યા.

આ દેશમાં એક રિવાજ હતો કે, (આ રિવાજ થોડાં વર્ષો થયાં જ દાખલ થયો હતો) જ્યારે મંત્રીમંડળ શહેનશાહને ખુશ કરવા કે પછી શહેનશાહના કોઇ માનીતાનું મન રાખવા કોઈને પણ ક્રૂર શિક્ષા ફરમાવે ત્યારે શહેનશાહ મંત્રીમંડળ આગળ પોતાની જગજાહેર દયાળુતા અને નરમાશ વિષે મોટું ભાષણ કરે! આ ભાષણ આખા રાજ્યમાં છપાય. શહેનશાહની જેમ વધારે પ્રશંસા કરવામાં આવે તેમ આરોપીની નિર્દોષતા વધારે અને શિક્ષા પણ વધારે ક્રૂર!

હું પોતે ખુશામતીઓ દરબારી નહોતો એટલે આવી દરબારી રીત સમજતો ન હતો. મને જે શિક્ષા ફરમાવવામાં આવી હતી તે મને તો નરમને બદલે બહુ જ નિર્દય લાગી.

વિચાર થયો કે લાવ, સામો થાઉં. એક ક્ષણમાં તો હું રાજનગરનો નાશ કરી શકું. આખા રાજ્યનો યે મારા બળ આગળ હિસાબ જ શો? પણ બીજી પળે મારી પ્રતિજ્ઞા યાદ આવી, અને શહેનશાહે કાઢેલા ઉદ્‌ગારો યાદ આવ્યા.

આખરે હું એક નિશ્ચય પર આવ્યો. શહેનશાહે મને બ્લેફુસ્કુ જવાની પરવાનગી આપી હતી. ત્રણ દિવસ થઈ જાય તે પહેલાં મેં પણ ખાનગી કારભારીને કાગળથી જણાવી દીધું કે હું બ્લેફુસ્કુ જાઉં છું.

પછી જવાબની રાહ જોયા વિના જ હું તો જ્યાં દરિયાઈ કાફલો પડ્યો હતો ત્યાં ગયો અને તેમાંથી એક સારી મનવારને પકડી એમાં કપડાં ઉતારી, ઓઢવાનું વગેરે નાખ્યાં. પછી એનાં

દોરડાં કાપી હું દરિયામાં પડી એને ખેંચીને ચાલ્યો.

ઘડીમાં તરતો, ઘડીમાં ચાલતો, હું બ્લેફુસ્કુના કિનારે પહોંચ્યો. ત્યાંના લોકો ઘણા દિવસથી મારી રાહ જોતા હતા, એટલે જેવો હું કિનારે પહોંચ્યો કે તરત જ મને આવકાર આપવાને સેંકડો લોકો તૈયાર જ હતા.

રાજનગર જવાને માટે બે ભોમિયા બંદર અધિકારીએ મારી સાથે મોકલ્યા. હું પણ કપડાં પહેરી ભોમિયાને મારા હાથ પર ઉપાડી રાજનગર તરફ ચાલ્યો.

ગામના દરવાજા આગળ પહોંચ્યો એટલે શહેનશાહને મારા આવ્યાના ખબર મોકલ્યા.

એક કલાકમાં તો શહેનશાહ પોતે જ રાજકુટુંબ તથા મોટા રસાલા સાથે મને આવકાર આપવા પધાર્યા. હું સામે ગયો એટલે શહેનશાહ એમના ઘોડા પરથી નીચે ઊતરી પડ્યા, તથા શહેનશાહબાનુ વગેરે પાલખીમાંથી નીચે ઊતર્યાં.

મને જોઈ કોઇ જરા પણ બીધું હોય એમ લાગ્યું નહિ. મેં જમીન પર સૂઈ શહેનશાહ તથા શહેનશાહબાનુના હાથ મારી આંખે લગાડ્યા.

શહેનશાહને મેં જણાવ્યું કે મારા રાજાની પરવાનગી લઇ હું મારા વચન પ્રમાણે આવ્યો છું. મારા રાજા વિરુદ્ધ ન હોય એવું કોઇપણ કામ મારી શક્તિ અનુસાર કરવા હું તૈયાર છું.

મારા પર જે તહોમત મુકાયું હતું તે વિષે મેં એક શબ્દ પણ કાઢ્યો નહિ. એ બાબત મને પાકા ખબર મળ્યા નહોતા

એટલે અજ્ઞાન બતાવવું એ જ મને તો ઉત્તમ લાગ્યું. શહેનશાહ પણ એક વાર એના હાથમાંથી હું છટકી ગયો હોઉં, પછી મારા પરનું આળ જાહેર કરે એ પણ માની શકાય નહિ, જોકે આમાં તો મારી ધારણા ખોટી પડી.

બ્લેફુસ્કુના શહેનશાહ તરફથી મને કેવું માન મળ્યું તે વિષે લંબાણ કરવાની જરૂર નથી. મારે લાયક કોઈ મકાન નહિ એટલે મારે ખુલ્લામાં રહેવું પડતું, તેમજ જમીન પર સૂવું પડતું. આ સિવાય બીજી આપદાઓ વર્ણવી બાળકોને કંટાળો આપવાની ઇચ્છા નથી. મારો છુટકારો કેમ થયો એ જ હવે તો છેલ્લા પ્રકરણ-માં જણાવીશ.

પ્રકરણ સોળમું

સ્વદેશ

બ્લેફુસ્કુ આવ્યાને ત્રણેક દિવસ થયા હશે. એક દિવસ હું ઈશાન કોણના કિનારા પર ફરતો હતો, ત્યાં દૂર એક ઊંધા વળેલા મછવા જેવું કંઈક જોયું. ખાતરી કરવા હું મારા જોડા ઉતારી દરિયામાં થોડે દૂર ગયો. સોએક વાર ચાલ્યો હોઇશ ત્યાં તો મેં ખરેખર જ તોફાનમાં ઘસડાઈ આવેલા એક મછવાને જોયો.

હું તો તરત જ પાછો ફર્યો અને શહેર તરફ દોડ્યો. શહેનશાહને મળીને વિનંતિ કરી કે એમનાં મોટામાં મોટાં વીસ વહાણ અને ત્રણ હજાર ખલાસીઓ મને આપે.

આ વહાણો ક્યાં લાવવાં એની સમજૂતી આપી હું ટૂંકે રસ્તે જ્યાંથી મછવો દેખાતો હતો ત્યાં ગયો. ભરતીને લીધે એ કિનારાની નજીક આવતો હોય એમ લાગ્યું.

ખલાસીઓને મેં ખાસ જાડાં વણેલાં દોરડાં આપ્યાં હતાં. જેવાં વીસ વહાણો આવ્યાં કે મેં કપડાં ઉતારી દરિયામાં ઝંપલાવ્યું. સો વારને છેટે મછવો રહ્યો એટલે પાણી ઊંડાં થવા માંડયાં અને મારે તરીને એની પાસે જવું પડયું.

ખલાસીઓએ દોરડાનો એક છેડો મારી તરફ નાખ્યો. તે મેં મછવાના આગલા ભાગમાં જ્યાં કાણું હતું ત્યાં બાંધ્યો.

પાણી એટલાં ઊંડાં હતાં કે જેમતેમ કરી મેં દોરડું બાંધ્યું તો ખરું, પણ જરા ખેંચતાં જ છૂટી ગયું.

પછી મછવાને તરતાંતરતાં ધક્કા મારી જેમતેમ કરી એને હું ખભાપૂર પાણીમાં લાવ્યો. મછવાને દોરડું બાંધી તેનો બીજો છેડો એક મનવાર સાથે બાંધ્યો અને બાકીની મનવારોને પણ એક સાથે એક બાંધી. પછી પેલા મછવાને પાછળથી મેં હડસેલવા માંડ્યો તથા આગળથી મનવારોએ ખેંચ્યો. એમ કિનારાથી ચાળીસ વારને છેટે અમે આવી પહોંચ્યા.

પછી જ્યારે ઓટ આવી ત્યારે બે હજાર માણસોની મદદથી અને એક યંત્ર વડે મછવાને ચત્તો કર્યો. ચત્તો કરતાં જણાયું કે એને ખાસ નુકસાન થયું નહોતું.

મહામહેનતે જંગલમાંથી ઝાડો કાપી મેં એને માટે હલેસાં બનાવ્યાં. દસેક દિવસ પછી મછવાને હલેસાં મારી હું બ્લેફુસ્કુના બંદર પર લઈ ગયો.

હજારો માણસો, એમને મન આ રાક્ષસી વહાણને જોવા કિનારા પર એકઠાં થયાં હતાં.

શહેનશાહને મેં જણાવ્યું કે સારે નસીબે મને મછવો મળ્યો છે. એમાં બેસી હું કોઇ નજીકના બંદર પર જવા ધારું છું કે જ્યાંથી કોઇ મોટા વહાણમાં બેસી મારે દેશ જઇ શકાય. મેં તેમને વિનંતિ કરી કે મછવામાં મારે જોઈતો ખોરાક ભરાવી આપવો તથા મારે દેશ જવાની રજા આપવી. થોડી આનાકાની પછી મારી વિનંતિ શહેનશાહે કબૂલ રાખી.

લીલીપુટના શહેનશાહ તરફથી મારે લગતો કંઇ સંદેશો ન આવ્યો તેને માટે મને નવાઇ લાગી. શહેનશાહને એમ જ લાગ્યું હશે કે એમની પરવાનગી લઇ હું બ્લેફુસ્કુની મુલાકાતે ગએલો તે થોડા વખતમાં પાછો ફરીશ. પરંતુ જ્યારે લાંબો વખત થયાં હું પાછો ન ફર્યો ત્યારે એમને ચિંતા થવા લાગી.

એમના મંત્રીમંડળની સલાહ લઈ મારી સામે જે જે આરોપ હતા તે આરોપપત્ર સાથે એક અમલદારને બ્લેફુસ્કુ મોકલ્યો.

આ અમલદારને બ્લેફુસ્કુના શહેનશાહ માટે એવો સંદેશો આપ્યો હતો કે એમની આગળ શહેનશાહની દયાળુતાનાં વખાણ કરી મને મારી નાખવાને બદલે માત્ર આંખો જ ફોડવાનો નરમ હુકમ કર્યો હતો વગેરે સમજાવવું. હું ગુનેગાર છતાં ત્યાંથી નાસી આવ્યો છું, અને જો બે કલાકમાં પાછો ન જાઉં તો મારો નૉરડૅકનો ખિતાબ છીનવી લઇ મને રાજદ્રોહી ઠરાવવામાં આવશે એમ કહેવું.

બંને રાજ્યો વચ્ચે સુલેહ રહે એટલા માટે પણ બ્લેફુસ્કુના શહેનશાહે મારા હાથપગ બાંધી લીલીપુટ મોકલી આપવો કે મને યોગ્ય શિક્ષા કરવામાં આવે. આ બાબત ત્રણ દિવસ વિચાર કરી બ્લેફુસ્કુના શહેનશાહે ઘણો જ સભ્ય જવાબ મોકલી આપ્યો. એમણે જણાવ્યું કે મારા હાથપગ બાંધવા એ સહેલી વાત નથી.

બીજું, જોકે એમના દરિયાઇ કાફલાને મેં હરાવ્યો હતો છતાં સુલેહ કરાવવામાં મેં ઘણી મદદ કરી હતી.

ત્રીજું, એક રાક્ષસી વહાણ કિનારા પર આવી ચઢયું છે,

એટલે હું મારે સ્વદેશ જઈ બંને શહેનશાહોને ચિંતામાંથી મુક્ત કરીશ.

આ જવાબ લઇ અમલદાર લીલીપુટ પાછો ફર્યો. આ વિષે બધી હકીકત ખુદ શહેનશાહે જ મને કહી. સાથે એમ પણ જણાવ્યું કે જો હું એમની નોકરીમાં જોડાઉં તો મને રક્ષણ આપવાને એ તૈયાર હતા.

મને એમના બોલવામાં ખરાપણું લાગ્યું. તોપણ મેં તો સ્વાર્થી રાજાઓ કે તેમના ખુશામતીઆ આપમતલબી મંત્રીઓના બોલવામાં વિશ્વાસ નહિ રાખવાના સમ ખાધા હતા. એટલે ઉપકાર સાથે મેં એમની માગણીનો ઇનકાર કર્યો.

મેં જણાવ્યું કે જ્યારે સુભાગ્યે કે કમભાગ્યે મને મછવો મળી આવ્યો છે તો બે મહારાજ્યો વચ્ચે દુશ્મનાવટ કરાવી ત્યાં રહેવાને બદલે અંદર બેસી સમુદ્ર ખેડવો એ જ ઉત્તમ.

શહેનશાહને ગળે આ વાત ઊતરી. મંત્રીઓને તો એ ઘણું જ ગમ્યું.

મેં પણ આ બધું જોતાં જવાને માટે ઉતાવળ કરવા માંડી. રાજાએ પણ હું વહેલો જાઉં એ વિચારે ખૂબ મદદ કરી.

પાંચસો માણસોને મેં એ સઢ બનાવવા રોકયા. એમના મજબૂતમાં મજબૂત કાપડનાં કેટલાંયે પડ એકબીજા સાથે સીવી સઢ તૈયાર કર્યો.

તે જ પ્રમાણે એમનાં મજબૂતમાં મજબૂત દોરડાંઓ સાથે વણી એક દોરડું બનાવ્યું. દરિયાકિનારે ખૂબ શોધખોળ

કર્યા પછી એક મોટો પથ્થર મળ્યો, તેનું લંગર બનાવ્યું. ઊંચામાં ઊંચાં ઝાડોની ડાળીઓમાંથી સઢ માટે ડોળ અને હલેસાં બનાવ્યાં. શાહી સુતારોએ આમાં ઠીક મદદ કરી.

એક મહિનામાં બધું તૈયાર થતાં શહેનશાહને કહેવડાવ્યું. શહેનશાહ તથા રાજકુટુંબ મને વિદાય આપવા કિનારે આવ્યાં. મેં નીચા પડી એમને નમસ્કાર કર્યા. શહેનશાહે બસો સ્પ્રગ્સની પચાસ કોથળીઓ તથા એમનું ચિત્ર વિદાયગીરીમાં આપ્યું.

મછવામાં મેં ખૂબ ખાવાનું ભરી લીધું. છ જીવતી ગાય, એક ગોધો તથા થોડાં ઘેટાં પણ લઈ લીધાં. એમને ચરવાને ખડના ભારા તેમજ દાણા લીધા. મારો વિચાર થોડા વામનજીઓને પણ સાથે લેવાનો હતો. પરંતુ આ બાબત શહેનશાહે ચોખ્ખી ના જ કહી. મારાં ગજવાં પણ તપાસ્યાં કે રખે હું કોઈને ઉપાડી જાઉં !

વિક્રમ સંવત ૧૭૫૭ ના ભાદરવા મહિનાની એક સવારે મેં પ્રયાણ કર્યું. સાંજ પડતાં હું એક નાના ટાપુ આગળ જઇ પહોંચ્યો. ત્યાં જઈ મેં લંગર નાખ્યું ને ખાઈ કરી હું નિરાંતે સૂતો.

હું ઠીક ઊંઘ્યો. છએક કલાક તો હું સારીરીતે ઊંઘ્યો હોઈશ. મારા જાગ્યા પછી બે કલાકે પહો ફાટયો.

સૂર્ય ઊગતાં પહેલાં જ મેં નાસ્તો કરી લઈ લંગર ઉપાડ્યું. પવન પણ અનુકૂળ હતો એટલે આગલા દિવસની માફક હું સડસડાટ ચાલ્યો.

તે દિવસે તો ખાસ કંઇ બન્યું નહિ, પણ ત્રીજે દિવસે

બપોરના ત્રણેક વાગ્યે દૂર મેં એક સઢ જોયો. મેં જોરથી બૂમ પાડી, પણ જવાબ ન મળ્યો. મેં પણ મારો સઢ ચઢાવી વહાણ પાસે જવાના ખૂબ પ્રયત્ન કર્યા.

અરધા કલાક પછી વહાણમાંથી મને કોઈએ જોયો હોય એમ લાગ્યું, કારણકે સઢ ઉપર એમણે વાવટો ચઢાવ્યો અને બંદુક પણ ફોડી.

ફરીથી દેશ જોવાનો મળશે અને મારાં વહાલાંઓનાં દર્શન થશે એ જાણી મને જે આનંદ થયો હશે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે.

વહાણે એની ગતિ ધીમી પાડી હતી એટલે સાંજ સુધીમાં હું એની લગોલગ જઈ પહોંચ્યો. જ્યારે જાણ્યું કે એ વહાણ સુરત જ જાય છે ત્યારે તો ખરેખર મારા આનંદનો પાર જ નહોતો.

વહાણ કોઈ સુરતના વેપારીનું હતું. ચીન જાપાન વગેરે દેશ થઈ પાછું સુરત જતું હતું. વહાણનો નાખુદો પણ મારી ઓળખાણનો જ નીકળ્યો. એણે મારી હકીકત પૂછવા માંડી કે ભરદરિયે હું મછવામાં કેવી રીતે મુસાફરી કરતો હતો!

મારી કથા એના માનવામાં આવી જ નહિ. તોફાનને લીધે મારું વહાણ ભાંગી ગયું હશે તેની સાથે મારું મગજ પણ ચસકી ગયું હશે એમ જ એને લાગ્યું. પણ પછી એક પછી એક મારાં જાનવરો—ગાય ગોધો ને ઘેટાં—ને ગજવામાંથી કાઢી મેજ પર મૂક્યાં ત્યારે જ એની ખાતરી થઈ. શહેનશાહનું ચિત્ર પણ મેં એને બતાવ્યું અને બસો સ્પ્રગ્સની એક કોથળી પણ ભેટ આપી.

દેવદીવાળી પર તો હું ઘરભેગો થઈ ગયો. વહાણુમાં મારા એક ઘેટાને ઊંદર પકડી ગયો હતો. તે સિવાય બધાં જાનવર સહીસલામત આવી પહોંચ્યાં હતાં.

મને તો બીક હતી કે હવાફેરને લીધે જાનવરો મરી જશે; પણ બધાં સાજાંતાજાં હતાં. મારાં ઢોરો જોવા સુરતના લોકો ટોળેટોળાં આવતાં. બીજી સફરે જતાં પહેલાં તો મેં પાંચસો સોનામહોરે એ બધાં વેચી પણ નાખ્યાં.

ગોળીબારની મુસાફરી

ભાગ બીજો

પ્રકરણ પહેલું

પાછો મુસાફરીએ !

હું નાનો હતો ત્યારે મારાં મા કહેતાં કે મારે પગે ભમરો છે. એક ઠેકાણે મને બેસી રહેવું ગમે જ નહિ. આ મારો સ્વભાવ મોટપણે પણ ગયો નહિ.

ગઇ મુસાફરીમાંથી પાછા ફર્યાને માંડ થોડા મહિના થયા હશે ત્યાં તો મને પાછા સફરે જવાનું મન થયું.

જેઠ માસની પૂનમના દિવસે 'જલહસ્તિની' નામનું વહાણ જંગબાર તરફ પ્રયાણ કરવાનું હતું તેમાં મેં પણ ઊપડવાની ગોઠવણ કરી.

થોડા દિવસ તો અમારું વહાણ ઠીક ચાલ્યું. પણ પછી ચોમાસાની શરૂઆત થતાં અમારે એક ઠેકાણે વહાણ નાંગરવું પડ્યું. વહાણમાં ગાબડું પડ્યું હતું તે ઠીક ન થાય ત્યાં લગી આગળ જવું અશક્ય જ હતું. અમારા નાખુદાને પણ તાવ લાગુ પડ્યો હતો, એટલે દિવાળી લગી તો અમે એ જ ઠેકાણે રહ્યા.

કારતકી પૂનમે અમે ફરીને પ્રયાણ શરૂ કર્યું; પરંતુ એક બે દિવસ થયા નહિ હોય ત્યાં તો અમારે કમનસીબે એક ભયંકર તોફાન આવી ચડ્યું. પવનનો સુસવાટ, વરસાદ અને ડુંગર

જેવડાં મોજાંઓ! દિશા ચૂકી અમે તો ક્યાંના ક્યાં ઘસડાયા.

સાતમે દિવસે દૂર દૂર કંઈક જમીન જેવું જણાયું. જેમ જેમ પાસે ગયા તેમતેમ એ કોઇ મોટો ટાપુ હોય એમ લાગ્યું. કદાચ મોટો ખંડ પણ હોય, કારણ એ શું હશે તેની અમને ખબર નહોતી. એના દક્ષિણ બાજુના કિનારા તરફ એક નાની ભૂશિર હતી. જમીનનો એક લાંબો ને સાંકડો ટુકડો પાણીની અંદર આવ્યો હતો. જે ખાડી બની હતી તે બહુ ઊંડી નહોતી. મોટાં વહાણ તો ભાગ્યે જ અંદર જઇ શકે.

અમે આ ખાડીથી થોડે દૂર અમારું વહાણ નાંગર્યું. નાખુદાએ બાર હથિયારબંધ માણસોને નાની હોડીમાં બેસી કિનારા પર જઈ જે કંઈ ખાવાપીવાનું મળે તે લાવવા કહ્યું, કારણ-કે અમારી પાસે ખાસ કરીને મીઠું પાણી ખલાસ થઇ ગયું હતું.

મારે એ નવો દેશ જોવો હતો, એટલે મેં પણ આ લોકો સાથે ત્યાં જવાની નાખુદા પાસેથી રજા લીધી.

અમે કિનારે પહોંચ્યા, પણ ત્યાં નજીકમાં કોઇ નદી કે ઝરો જણાયો નહિ. ત્યાંના વતનીઓનું પણ નામનિશાન નહિ. મારા સાથીઓ તો પાણીની શોધમાં કોઈ નદી મળી આવે એટલા માટે કિનારા પર જ ફરવા લાગ્યા. પણ હું ફરતોફરતો લગભગ એક કોસ અંદર પેઠો.

દેશ બહુ જ ઉજ્જડ અને પહાડી હતો. ખાસ કંઈ જોવા જેવું હતું નહિ અને હું પણ થાકયો હતો એટલે પાછો ફર્યો. કિનારો થોડે દૂર રહ્યો હતો ત્યાં આઘેથી મેં જોયું તો મારા

સાથીઓ હોડીમાં બેસી જીવ લઈને નાસતા હોય એમ લાગ્યું.

મેં બૂમ પાડવાનો વિચાર કર્યો—જોકે એથી કંઇ ફાયદો થાય એમ નહોતું, કારણકે મારી બૂમ ત્યાં લગી પહોંચત જ નહિ,—ત્યાં તો મારી નજર એક ભયંકર પ્રાણી પર પડી.

એક પ્રચંડ મનુષ્યની આકૃતિ ઘૂંટણપૂર પાણીમાં લાંબાં પગલાં ભરતી ખૂબ ઝડપથી પેલી હોડી પાછળ ચાલતી હતી. સારા નસીબે મારા સાથીઓ દૂર નીકળી ગયા હતા, અને દરિયાની તળેટી ખાડાખાબોચિયાંવાળી તેમજ અણીદાર પથરાઓથી ભરપૂર હતી, એટલે પેલા રાક્ષસથી વધારે ઝડપથી ચલાતું નહોતું. હોડીને એ પકડી પાડી ન શકયો તેનું એ જ કારણ હશે એમ મને પાછળથી ખબર પડી.

આનું શું પરિણામ આવશે તે જોવાની મેં તો રાહ જ ન જોઈ. હું તો ગબડી મારીને જે રસ્તેથી આવ્યો હતો તે રસ્તે પાછો દોડયો અને થોડે દૂર એક ઊંચી ટેકરી હતી તેના પર ચડી ગયો. ત્યાંથી આસપાસ દૂર લગી દેખાતું હતું. આ ઊંચાણ પરથી તો દેશ લીલોછમ અને ખેતરોથી ભરેલો લાગતો હતો, પરંતુ સૌથી વધારે અજાયબી તો ત્યાંનું ઘાસ જોઇને થઇ. જ્યાં એ ઘાસ ખાસ ઉગાડવામાં આવ્યું હતું ત્યાં એની ઊંચાઇ વીસ ફૂટ જેટલી હશે!

ટેકરી પરથી નીચે ઊતરી, નજીકમાં એક જુવારનું ખેતર હતું ને તેમાં એક મોટો રસ્તો હતો તે મેં લીધો; જોકે ત્યાંના વતનીઓ તો એને કેડી તરીકે જ વાપરતા હશે. જુવારની

કાપણીનો વખત હતો એટલે એના સાંઠા લગભગ ચાળીસ ફૂટ જેટલા ઊંચા થયા હતા.

એકાદ કલાક હું ચાલ્યો હોઇશ ત્યાં તો ખેતરને છેડે એકસો વીસ ફૂટ ઊંચી વાડ જોઈ. ઝાડ તો ત્યાં એટલાં ઊંચાં હતાં કે એની ઊંચાઇનો અંદાજ પણ હું કરી શકયો નહિ. આ વાડમાં બીજા ખેતરમાં જવાને એક ખોડીબારું હતું. આ ખોડીબારા પર ચડી શકાય એવું હતું જ નહિ, કારણકે દરેક પગથિયું છ ફૂટ ઊંચું હતું અને છેલ્લો પથ્થર વીસ ફૂટ જેટલો ઊંચો હતો.

મેં વાડમાં છીંડું શોધવા માંડ્યું, ત્યાં તો પાસેના ખેતરવાળાને ખોડીબારા નજીક આવતો દીઠો. એ માણસ પણ મારા સાથીઓની પાછળ પડેલા રાક્ષસ જેવો જ પ્રચંડ હતો. એક મોટા મિનારા જેટલો એ ઊંચો હતો અને એના એક પગલામાં દસ વાર જમીન મપાતી.

હું તો બીક તેમજ અજાયબીનો માર્યો ખેતરમાં નાઠો અને કોઇ જગ્યાએ સંતાવાની તજવીજ કરવા લાગ્યો. મારી સંતાવાની જગ્યાએથી મેં એને ખોડીબારાના પગથિયા પર ઊભેલો જોયો. પાસેના ખેતરમાં કોઈની સાથે એ વાત કરતો હતો. એનો અવાજ મોટાં નગારાં જેવો હતો, પરંતુ એટલી ઊંચાઇ ઉપરથી આવતો હતો કે પહેલાં તો મને લાગ્યું કે વરસાદ ગાજતો હશે. એનો અવાજ સાંભળી બીજા છ રાક્ષસો કાપણી માટે દાતરડાં લઈને આવ્યા. એનું એક દાતરડું આપણાં છ દાતરડાંથી યે મોટું હશે.

આ છ માણુસોએ જે કપડાં પહેર્યાં હતાં તેના પરથી લાગતું હતું કે એ પહેલા આવેલાના નોકરો અથવા મજૂરો હશે. પહેલાએ કંઈ કહ્યું એટલે તરત આ નવા આવનારાઓ ખેતરમાં કાપણી કરવા મંડી પડ્યા.

મારાથી બન્યું ત્યાં લગી તો હું આ રાક્ષસોથી દૂર રહ્યો. મહામુશ્કેલીએ હું આગળ વધી શકતો હતો. અનાજના સાંઠા એટલા ગીચ હતા કે અંદરથી છટકી જવું મુશ્કેલ હતું. જેમતેમ કરી હું આગળ વધતો હતો, એટલામાં વરસાદ અને પવનથી અનાજના સાંઠા નીચે નમી ગયા હતા એવે એક ઠેકાણે હું જઇ પહોંચ્યો. અહીંથી તો આગળ વધવું જ અસંભવિત હતું. સાંઠા એકમેક સાથે એવા ગૂંથાઇ ગયા હતા અને સુકાઈ ગએલાં ઠૂંઠાં કપડાંમાંથી પણ એવાં સોયની માફક ભોંકાતાં હતાં કે ન પૂછો વાત.

પેલા કાપણીવાળા પણ હવે કાપતાકાપતા મારી લગોલગ આવી પહોંચ્યા હતા. અંતે, હિંમત હારીને, થાકીને લોથ, હું એક ક્યારામાં છુપાઇને હવે તો મોત આવે તો સારું કરીને સૂતો.

મારી પાછળ મારી વિધવા પત્ની અને નિરાધાર બાળકોનું શું થશે એ વિચારે હું રડ્યો, અને સગાંવહાલાંની મરજી વિરુદ્ધ આ બીજી મુસાફરીએ નીકળી નાહકનું આ દુઃખ માથે વહોરી લેવા માટે મારી જાત પર ફિટકાર વરસાવવા લાગ્યો.

આ વખતે મને લીલીપુટવાસીઓનો પણ વિચાર આવ્યો. એ વામનજીઓની નજરે તો હું કેવો રાક્ષસ લાગ્યો હોઇશ? મારા

એક બાહુબળથી મેં આખું નૌકાસૈન્ય સર કર્યું હતું વગેરે વાતો ત્યાંના ઇતિહાસમાં લખાશે અને ભવિષ્યની પ્રજા તેને પુરાણની કલ્પના ગણી હસી કાઢશે! આપણી દુનિયામાં આ વ્હેંતિયાંઓ જેટલાં નજીવાં લાગે તેટલો જ નજીવો હું આ રાક્ષસોના દેશમાં લાગતો હોઇશ એ વિચારે મને ભારે દુઃખ થયું.

જેમ મનુષ્યનું કદ રાક્ષસી, તેમ એનામાં ક્રૂરતા વગેરે રાક્ષસી ગુણો પણ વધારે. એટલે આ રાક્ષસો પાસેથી તો દયાની આશા રાખવી જ ફોકટ. એક કોળિયામાં જ મારો ભક્ષ કરી નાખે. વિદ્વાનો કહે છે તે ખરું છે કે કોઈ પણ વસ્તુ નાની છે અથવા મોટી છે તે બીજાની સાથે સરખામણીમાં જ. લીલી-પુટવાસીઓ કરતાં યે બીજા નાના લોકો હોય પણ ખરા! અને કોને ખબર છે કે આ રાક્ષસી જણાતા લોકોને પણ રાક્ષસી કદમાં હરાવે એવા બીજા લોકો નહિ હોય?

હું ખૂબ ગભરાટમાં હોવા છતાં આવા વિચારો મને આવતા હતા. એટલામાં મેં જોયું તો એક કાપણી કરનારો મારાથી દસેક વારને છેટે આવી પહોંચ્યો હતો. એક પગલું ભરશે તો હું છુંદાઇ જઇશ કે પછી એના દાતરડાના ઘાથી મારા બે ટુકડા થઈ જશે એ વિચારે એ પગલું ભરે તે પહેલાં મારામાં જેટલું જોર હતું એટલું કાઢી મેં મોટી ચીસ પાડી.

આ ચીસ પેલા રાક્ષસે સાંભળી હશે, કારણકે એ પગલું ભરતાં અચકાયો અને ચીસ કયાંથી આવી એ તપાસવા નીચો વળીને આસપાસ જોવા લાગ્યો.

થોડી વાર આમતેમ જોયા પછી એની નજર મારા પર પડી. પહેલાં તો એણે મને પકડતાં બહુ જ વિચાર કર્યો. કોઇ અજાણ્યા જીવડાને, રખે એ ડંખે એ બીકે આપણે પણ અડકતાં અચકાઇએ છીએ. પછી તો ધીમેથી મને કમર આગળથી પકડી હું શું હોઇશ તે જોવાને એ એની આંખો નજીક લઇ ગયો.

હવામાં સાઠ ફૂટ ઊંચે હું જોરથી ખેંચાતો હતો, એટલે, જોકે એના જોરથી પકડવાથી મારા પાસામાં ખૂબ દરદ થતું હતું તોપણ, એ નીચે પાડી નાખે એ બીકે સાવચેતી રાખી હું જરા યે હાલ્યોચાલ્યો નહિ કે એના હાથમાંથી છટકવાનો પ્રયત્ન પણ કર્યો નહિ. સૂર્ય સામે દૃષ્ટિ રાખી બે હાથ જોડી ઘણા જ કાકલૂદી ભરેલા અવાજે હું થોડા શબ્દો બોલ્યો.

પહેલાં તો મને બીક લાગી કે રખે મારો અવાજ સાંભળી એ બીકથી મને નાખી દે! પણ મારા સારા નસીબે મારા શબ્દો સાંભળી એ ખુશ થએલો જણાયો અને હું એક નવતરી ચીજ હોઉં તેમ બારીકીથી એ મને જોવા લાગ્યો.

મારા બોલવાનો અર્થ તો એ જરા યે સમજ્યો નહિ હોય, પણ મને બોલતો સાંભળવાની એને મજા પડી. મારા પાસામાં દુઃખ થતું હતું તે સમજવા મેં મારું માથું એ બાજુ ફેરવ્યું અને આંખમાં આંસુ આણ્યાં. એનો અર્થ એ સમજ્યો, કારણકે તરત જ એણે મને એના ડગલાના ગજવામાં મૂકયો અને એના શેઠ પાસે દોડ્યો.

ખેતરનો માલિક પ્રતિષ્ઠિત ખેડૂત હતો. કદાચ એ ગામનો

પટેલ હશે. એણે પેલા નોકર પાસેથી મારે વિશે બધી હકીકત સાંભળી લીધી. પછી એક ઘાસનું તણખલું—મારે મન તો એક મોટી લાકડી જેવું હતું—લઇ મારાં કપડાં આમથી તેમ ફેરવવા લાગ્યો. એને લાગ્યું હશે કે મારાં કપડાં પાંખોની માફક કુદરતી રીતે જ મારા શરીર સાથે કદાચ જોડાએલાં હશે!

પછી બીજા નોકરોને બોલાવી તેણે પૂછી જોયું કે મારા જેવાં બીજાં પ્રાણીઓ ખેતરમાં જોવામાં આવ્યાં હતાં કે નહિ. તે પછી તેણે મને જમીન પર ઘોડાની માફક, હાથ પગ નીચે અડકે એવી રીતે મૂક્યો.

હું તો તરત જ ઊભો થઇ ગયો અને હું મનુષ્ય પ્રાણી છું એ બતાવવા આમતેમ આંટા મારવા લાગ્યો. એ બધા મારા હાવભાવ સારી રીતે નિહાળી શકાય તે માટે મારી આસપાસ કુંડાળું વળીને બેસી ગયા.

હું પણ પેલા મુખી જેવાની સામે ઘૂંટણીએ પડી બે હાથ જોડી મારાથી જેટલા જોરથી બોલાય એટલા જોરથી બોલવા લાગ્યો. મારા ગજવામાંથી સોનામહોરોની ભરેલી થેલી કાઢી મેં એની આગળ નજર કરી. એ પણ કોથળી લઇ એ શું હશે તે જોવા પોતાની આંખ પાસે લઇ ગયો.

બાંયમાંથી ટાંકણી જેવું કંઇક કાઢી એના વડે કોથળીને એણે આમતેમ ખૂબ ઊથલાવી જોઇ. પણ એ શું હશે તેની કંઇ જ સમજ એને પડી હોય એમ લાગ્યું નહિ.

મેં ઈશારાથી એનો હાથ ચત્તો જમીન પર મૂકવા

સમજાવ્યું. પછી કોથળી ઉઘાડી એની હથેલીમાં સોનાના સિક્કા મેં હાલવી દીધા.

એણે થૂંક વડે એક આંગળી ભીની કરી સિક્કાને ઊંચકી જોયો; તોપણ એ શું હશે તે એ જાણી શકયો નહિ. પછી એણે મને સિક્કાઓ કોથળીમાં મૂકી કોથળી ગજવામાં મૂકવા ઈશારતથી સમજાવ્યું. મેં ફરીફરીને એને કોથળી ભેટ આપવા માંડી, પણ જયારે એ સમજ્યો જ નહિ ત્યારે આખરે મારા ગજવામાં મૂકી.

મુખીની ખાતરી થઈ કે હું કોઈ અક્કલવાળું પ્રાણી છું. એટલે એણે મારી સાથે વાતો કરવા માંડી. પાણીના મોટા ધોધ જેવો એનો અવાજ મારા કાન ફાડી નાખતો હતો. જોકે એના શબ્દો છૂટા સ્પષ્ટ સંભળાતા હતા.

મેં પણ જુદીજુદી ભાષામાં ખૂબ ઘાંટા પાડી બોલવા માંડ્યું. એ પણ મને સાંભળવા એના કાન ખૂબ નજીક લાવ્યો. પરંતુ મારા કહેવાનો અર્થ ન એ સમજ્યો, કે ન એના કહેવાનો અર્થ હું સમજ્યો.

આખરે એના નોકરોને એણે કામ પર મોકલી દીધા. પછી એણે ગજવામાંથી રૂમાલ કાઢી ઘડી વાળી હાથ પર મૂક્યો અને હાથ જમીન પર ચત્તો મૂકી મને એના પર ચડવા કહ્યું.

એની હથેલી એકાદ ફૂટ જાડી હશે, એટલે મને ઉપર ચડવું અઘરું લાગ્યું નહિ. એના હુકમને માન આપવામાં મેં ડહાપણ જોયું. ઉપર ચડીને પડી જવાની બીકે હું હથેલી પર ચત્તોપાટ સૂઇ ગયો.

મને રૂમાલમાં સારી રીતે વીંટાળી ગજવામાં મૂકી એ ઘેર લઇ ગયો. ઘેર જઈ મને બહાર કાઢી એની સ્ત્રીને બતાવ્યો.

આપણા દેશમાં ગરોળી જોઇને બૈરાં બીએ તેમ મને જોઇને એણે ચીસ પાડી અને દૂર નાઠી. દૂરથી જ્યારે એણે જોયું કે હું એની ઇશારતથી સમજી તે પ્રમાણે કરતો હતો ત્યારે ધીમેધીમે પાસે આવી અને પછી તો મારી સાથે બહુ જ હળી ગઈ અને મારા પર બહુ જ હેત રાખવા લાગી.

બપોરના બાર વાગ્યા હતા એટલે જમવાનો વખત થયો હતો. મુખી, એની સ્ત્રી, ત્રણ છોકરાંઓ અને એની ઘરડી મા એટલાં એક મેજની આસપાસ જમવા બેઠાં.

મેજ જમીનથી ત્રીસ ફૂટ ઊંચું હતું. મને મેજ પર મૂક્યો એટલે હું તો કિનારાથી દૂર જ રહેતો. જમવા માટે મોટી મોટી ચોવીસ ફૂટના વ્યાસની થાળીઓ હતી. જમવામાં જાડા રોટલા, દાળ, અને શાક હતાં.

મારાં શેઠાણીએ—હું હવે એને એ જ નામથી ઓળખાવીશ—રોટલાનો એક બારીક ટુકડો લઇ થોડી દાળમાં ચોળી શાક સાથે મને ખાવા આપ્યો. મને કકડીને ભૂખ લાગી હતી, એટલે તરત જ ખાવા માંડ્યું. મને ખાતો જોઇ એ લોકોને ખૂબ રમૂજ પડી.

પછી શેઠાણીએ એની સીવવાની અંગૂઠી લાવવા નોકરને કહ્યું. એમાં પાણી ભરી મારી આગળ મૂકી. મેં મહા મહેનતે અંગૂઠી બે હાથે પકડી જેમતેમ પાણી પીધું. આ વખતના મારા ચાળા જોઇ એ લોકો એટલા તો જોરથી હસી પડ્યાં કે

એ ભયંકર અટ્ટહાસ્યનું વર્ણન કરવું જ મુશ્કેલ. મારા તો કાન ફૂટી ગયા.

મારા શેઠે મને એની થાળી પાસે જવા કહ્યું. હું પણ મેજ પર ચાલીને એની પાસે ગયો. જતાંજતાં એક રોટલાના ટુકડાની અડફટમાં આવ્યો તે ભડાક દેતો હું પડ્યો,—જો કે મને વાગ્યું નહિ. હું પડ્યો એટલે મને વાગ્યું હશે જાણી બધાં ગભરાયાં. પણ હું તો તરત જ ઊભો થઈ મેજ પર જરા નાચ્યો,—એવું જણાવવા કે મને વાગ્યું નહોતું.

પછી હું મારા શેઠ આગળ જવા લાગ્યો, ત્યાં વચમાં જ એના દસ વર્ષના છોકરાએ મારા બે પગ પકડ્યા અને હવામાં ઊંચો કર્યો. હું તો ધ્રૂજવા જ લાગ્યો અને મારું આવી જ બન્યું છે એમ માની લીધું.

એટલામાં તો એના બાપે છોકરાના હાથમાંથી મને ઝૂંટવી લીધો અને એના કાન પર એવો મુક્કો લગાવ્યો કે ન પૂછો વાત. એવા એક મુક્કાથી આપણા તો આખા લશ્કરને સુવાડી દેવાય. પછી છોકરાને ત્યાંથી ચાલ્યા જવાનો હુકમ કર્યો.

મને વિચાર આવ્યો કે છોકરાને જો જમતાં અધવચ જવું પડશે તો એ મારા પર ખાર રાખશે; અને બીજો વિચાર એ આવ્યો કે આપણાં બાળકો પણ ક્યાં કૂતરાનાં કે બિલાડી-નાં બચ્ચાં અને એવાં નાનાં જનાવરોની કનડગત નથી કરતાં? એટલે મેં ઘૂંટણીએ પડી મારા શેઠને સમજાવ્યું કે એના છોકરાને માફ કરે. છોકરો ફરીને બેઠો એટલે પાસે જઇ મેં એના હાથ



મારી શેઠાણીની પાળેલી બિલાડી એના ખોળામાં કૂદીને આવી.

પર ચુંબન કર્યું. તે જોઈ મારા શેઠે પણ એને મારું શરીર ધીમેથી પંપાળવાની પરવાનગી આપી.

જમવાનું ચાલતું હતું એટલામાં મારી શેઠાણીની પાળેલી બિલાડી એના ખોળામાં કૂદીને આવી અને દસબાર સામટી ઘંટીનો દળવાનો ઘરડ ઘરડ અવાજ મારે કાને પડ્યો. મેં પાછું ફરીને જોયું તો એ અવાજ બિલાડીનો જ હતો.

શેઠાણીના ખોળામાં બેઠેલા એ ભયંકર પ્રાણીનું માત્ર માથું અને એક પગ જ દેખાતાં હતાં, પરંતુ તે પરથી પણ લાગ્યું કે આપણા બળદ કરતાં એ ત્રણ ગણી મોટી હતી.

એને જોઈને મારાં તો હાંજાં જ ગગડી ગયાં; જોકે હું પચાસેક વારને છેટે ઊભો હતો અને મારી શેઠાણીએ પણ એ મારા ઉપર તરાપ ન મારે એટલા માટે એને જોરથી પકડી રાખી હતી. પણ પછી તો માલૂમ પડ્યું કે એનાથી બીવાની જરૂર નહોતી. મારા શેઠે એનાથી ત્રણ વારને છેટે મને ઊભો રાખ્યો તોપણ બિલાડીએ મારી સામે પણ જોયું નહિ.

સાધારણ માન્યતા છે, અને મેં તો અનુભવથી સિદ્ધ પણ કર્યું છે કે કોઈ પણ જંગલી જનાવર આગળથી આપણે નાસવાનો પ્રયત્ન કરીએ, અથવા તો જરા પણ બીક બતાવીએ તો ઊલટું તે આપણી પાછળ પડે, અને સામો હુમલો કરે. એટલે મેં તો જરા પણ બીક બતાવી નહિ. પાંચ છ વખત લગભગ બિલાડીના મોં નજીક હું જઈ આવ્યો. એનાથી અરધા વારને છેટે હું જ્યાં ગયો ત્યાં તો ઊલટી એ મારાથી બીની.

મારા શેઠના કૂતરાઓની પણ મને બીક ન લાગી. એક વણઝારો કૂતરો આપણા હાથી જેટલો મોટો હતો. બીજો શિકારી કૂતરો એ વણઝારા કરતાં ઊંચો હતો, પણ એટલો જાડો નહોતો.

જમવાનું ખલાસ થતાં એક નોકરાણી એકાદ વર્ષના નાના બાળકને લઈ અંદર આવી. હું રમકડું છું એમ ધારી બાળકે મને લેવાનું મન કર્યું. એની ઇચ્છાનો અનાદાર થતાં એણે તો એવો ભેંકડો તાણ્યો કે એ અવાજ સુરતથી ભીમપાર લગી સંભળાય! બાળકને રડતું સાંભળી શેઠાણીએ મને ઊંચકી બાળક પાસે ધર્યો. એણે તો તરત જ કમરમાંથી મને પકડી મારું માથું એના મોંમાં ઘાલ્યું.


મારું માથું એના મોંમાં ઘાલ્યું

મેં પણ એવા જોરથી ચીસ પાડી કે મારો ઘાંટો સાંભળી બાળક બીનું અને મને છોડી દીધો! હું નીચે પડ્યો હોત તો મારી ગરદન ભાંગી ગઈ હોત; પણ સારા નસીબે શેઠાણીએ મને એના પાલવમાં ઝીલી લીધો.

નોકરાણીએ બાળકને પટાવવા એની ડોકમાં બાંધેલો ઘૂઘરો વગાડ્યો. મોટી ગાગરમાં

પથરા ભરી ખખડાવી હોય એવો એનો અવાજ હતો.

જમી રહ્યા પછી મારા શેઠ તો પાછા ખેતરે જવાને તૈયાર થયા. જતાંજતાં એમણે શેઠાણીને મારી ખૂબ સંભાળ રાખવાનું કહ્યું એમ એમના બોલવા પરથી મને લાગ્યું.

હું તો ખૂબ થાકયો હતો, એટલે મને ઊંઘનાં ઝોકાં આવવા માંડ્યાં. શેઠાણીએ એ જોયું અને મને એના સૂવાના ઓરડામાં લઈ જઈ એના ખાટલા પર સૂવાડ્યો. એક સ્વચ્છ રૂમાલ-જે આપણાં મોટાં વહાણના સઢ જેટલો મોટો અને જાડો હતો તે-મને ઓઢાડ્યો.

બેએક કલાક હું ઊંઘ્યો હોઈશ. ઘેર મારા કુટુંબ સાથે હોઉં એવું મને સ્વપ્નું આવ્યું. આથી જ્યારે હું જાગ્યો અને જોયું કે એક બસો ત્રણસો ફૂટ લાંબા પહોળા, અને બસો ફીટ ઊંચા ઓરડામાં એકસો વીસ ફૂટ લાંબા ખાટલા પર એકલો ભૂત જેવો હું પડ્યો હતો ત્યારે મને ભારે દુઃખ થયું.

ખાટલો જમીનથી આઠ વાર ઊંચો હતો. મને નીચે ઊતરવાની ઇચ્છા થઇ, પણ કોઈને બૂમ પાડવાની મારી હિંમત ચાલી નહિ. અને હિંમત કરી હોત તોપણ એવડા મોટા ઘરમાં મારી બૂમ સાંભળત પણ કોણ?

હું આમ વિમાસણમાં હતો ત્યાં તો બે મોટા ઊંદરડાઓ ખાટલા પર ચડી આવ્યા. એ કંઇ સૂંઘતા સૂંઘતા આમતેમ પથારી પર દોડવા લાગ્યા. એક તો મારા મોં લગી આવી પહોંચ્યો.

હું તો ચમકીને ઊઠ્યો અને કમરેથી તલવાર ખેંચી

કાઢી. બંને ઊંદરડાઓએ મળી મારા પર બે બાજુએથી હૂમલો કર્યો, અને એકે તો એના પંજા મારા ગળા પર મૂક્યા. પણ મારા નસીબે તે વધારે નુકસાન કરે તે પહેલાં તો મારી તલવાર મેં એના પેટમાં ખોસી દીધી.

તરફડિયાં મારતો એ મારા પગ આગળ પડ્યો. પોતાના સાથીને પડેલો જોઇ બીજો ઊંદર નાસી જ ગયો. પણ એ નાસી જાય તે પહેલાં એની પીઠ પર મેં એક ઘા તો કર્યો જ. એના લોહીથી પથારી લોહીલુહાણ થઇ ગઈ.

આ પરાક્રમ પછી હું પથારી પર આમતેમ આંટા મારવા લાગ્યો. આ ઊંદરડાઓ આપણા વણઝારા કૂતરા જેવડા મોટા હતા, પણ વધારે ચપળ અને ક્રૂર લાગતા હતા; એટલે જો મારી તલવાર છોડી કરીને હું નિરાંતે સૂતો હોત તો જરૂર મને ફાડી જ ખાત.

મેં મરેલા ઊંદરની પૂંછડી માપી તો બે વાર જેટલી લાંબી હતી. એનું મુડદું—જેમાંથી હજી પણ લોહી વહેતું હતું તેને—ખાટલા પરથી ગબડાવી દેતાં મારા જીવ પર આવ્યું. એનામાં થોડો જીવ હતો, એટલે તલવારના બીજા ઝટકાથી મેં એના ગળા પર ઘા કરી એને પૂરો જ કર્યો.

ત્યાં તો મારાં શેઠાણી આવી પહોંચ્યાં અને મને લોહીલુહાણ જોઇ મારી પાસે દોડી આવ્યાં. મેં હસીને મરેલો ઊંદર બતાવ્યો, અને સમજાવ્યું કે મને કંઈ ઈજા થઈ નહોતી. આ જોઇ એમને ખૂબ આનંદ થયો. નોકરોને બોલાવી મરેલા ઊંદરને ચીપિયા વતી

પકડાવી બારીની બહાર ફેંકાવી દીધો.

પછી મને મેજ પર ઊભો કર્યો. મેં મારી લોહીવાળી તલવાર એમને બતાવી અને એમના દેખતાં મારા ડગલાના છેડા વડે લૂછી નાખી પાછી મ્યાન કરી.

પ્રકરણ બીજું

મારું જાહેર પ્રદર્શન


મારી શેઠાણીને નવ વર્ષની એક દીકરી હતી. એની ઉંમરના પ્રમાણમાં એ હોશિયાર હતી. એને સીવતાં સારું આવડતું. પોતાની ઢીંગલીનાં કપડાં હાથે જ સીવતી. એને શણગારવામાં પણ કુશળ હતી.

એણે તથા મારી શેઠાણીએ મળી મને રાતના સુવાડવા માટે ઢીંગલીનું પારણું તૈયાર કર્યું. ઉંદરડા મને હેરાન ન કરે માટે એ પારણાને એક ખોખામાં મૂકી, ખોખાને શીકા ઉપર મૂક્યું. હું જ્યાં લગી આ લોકો સાથે રહ્યો ત્યાં લગી સૂવાને માટે હમેશાં આ પારણું જ વાપરતો.

જેમજેમ હું એમની ભાષા સમજતો ગયો અને મારી જરૂરિયાતો વિષે એમને સમજાવી શકવા લાગ્યો તેમતેમ એ પારણામાં મેં જોઈતા ફેરફારો કરાવી તેને વધારે સગવડવાળું બનાવ્યું.

છોકરી એટલી સમજદાર હતી કે એકબે વાર મેં એની આગળ લૂગડાં કાઢી તથા પહેરી બતાવ્યાં એટલે એ તરત જ શીખી ગઈ, અને પછી તો મને હાથે લૂગડાં પહેરવા કે કાઢવા જ શેની દે? બધું પોતે જ કરે.

એણે મારે માટે ત્યાંના ઝીણામાંઝીણા કાપડમાંથી (આપણા



ઉંદરડા મને હેરાન ન કરે માટે પારણાને એક ખોખામાં મૂકી, ખોખાને શીકા ઉપર મૂક્યું. હું જ્યાં લગી આ લોકો સાથે રહ્યો ત્યાં લગી સૂવાને માટે આ પારણું જ વાપરતો.

ગૂણપાટ જેટલું એ જાડું હશે) સાતેક પહેરણ તેમજ બીજાં કપડાં બનાવ્યાં. આ કપડાં એ વારાફરતી પોતાને હાથેજ ધોતી.

એ મારી શિક્ષિકા પણ બની અને મને ત્યાંની ભાષા શીખવવા લાગી. જ્યારે હું અમુક વસ્તુનું નામ ઈશારતથી એને પૂછતો ત્યારે એની ભાષામાં એ વસ્તુનું નામ કહેતી.

એ રીતે હું થોડા જ દિવસમાં મારે કંઈ માગવું હોય તે એમની ભાષામાં માગી શકતો થયો. એ બાળા બહુ જ સારા સ્વભાવની હતી. એની ઊંચાઇ ચાળીસ ફૂટ હતી, જોકે એની ઉમરના પ્રમાણમાં એ બહુ કહેવાય નહિ.

એણે મારું નામ ગ્રિલડ્રિગ--એટલે વેંતિયું–પાડ્યું, જે નામથી હું તેના કુટુંબમાં તેમજ પાછળથી આખા દેશમાં ઓળખાવા લાગ્યો. હું એ દેશમાં જીવ્યો તે એની કાળજીથી જ. જ્યાં લગી એ દેશમાં રહ્યો ત્યાં લગી હું કદી એનાથી વિખુટો પડ્યો નથી. હું એને ગ્લુમડાલક્લિચ–નાનકડી સેવિકા–કહી બોલાવતો. એના હેતનો બદલો હું કદાપિ વાળી શકીશ નહિ.

પડોશમાં હવે તો વાતો થવા લાગી કે મારા શેઠને ખેતરમાંથી એક વિચિત્ર પ્રાણી મળી આવ્યું છે. એનું કદ વેંત કરતાં મોટું નથી, તોપણ આકાર વગેરેમાં મનુષ્યના જેવું છે. મનુષ્યની માફક એ વર્તે છે; એની કોઈ ભાષામાં એ ઝીણુંઝીણું બોલે છે. આપણી ભાષાના પણ થોડા શબ્દો શીખી ગયું છે. એ બે પગે ચાલે છે અને પાળેલા પ્રાણી જેવું સ્વભાવે શાંત અને નમ્ર છે. જ્યારે એને બોલાવવામાં આવે છે ત્યારે પાસે આવે છે અને જે કંઇ

ફરમાવવામાં આવે તે કરે છે. એના અવયવો ઘાટીલા છે. કોઈ મોટા ઉમરાવના ત્રણ વર્ષના બાળક કરતાં પણ તેનો ચહેરો વધારે કુમળો ને ઊજળો છે.

અમારી પડોશમાં એક ખેડૂત રહેતો હતો અને મારા શેઠનો એ ખાસ મિત્ર હતો. તે તો આ બધું ગપ્પું હશે કે કેમ એની ખાસ ખાતરી કરવા મારા શેઠને મળવા આવ્યો.

મને તરત જ બોલાવવામાં આવ્યો.

મેજ ઉપર ઊભો રાખી મને જાતજાતનું કહેવામાં આવ્યું, તે પ્રમાણે હું કરવા લાગ્યો. મારી તલવાર ખેંચી કાઢી અને પાછી મ્યાન કરી; મારા શેઠના મહેમાનને નમસ્કાર કર્યા અને ગ્લુમડાલકિલચના શીખવેલા શબ્દોમાં એનું સ્વાગત કર્યું.

આ ડોસાથી બહુ ઝાંખું દેખાતું એટલે મને બરોબર નિહાળવાને એણે ચશ્માં ચડાવ્યાં. આ જોઈ મને ખૂબ હસવું આવ્યું, કારણ ચશ્માંથી એનો દેખાવ બહુ વિચિત્ર જણાતો હતો. પૂનમના બે ચંદ્રો બારીમાંથી ડોકિયાં કરતા હોય એમ લાગતું હતું.

મારા શેઠના કુટુંબે મારા હસવાનું કારણ જાણ્યું ત્યારે એ સૌ પણ હસવા લાગ્યાં. આથી અમારા મહેમાનને ખોટું લાગ્યું અને ખૂબ ગુસ્સે થયો. એ બુઢ્ઢો બડો કંજૂસ ને પૈસાનો લોભિયો લેખાતો. મારા શેઠને એણે જે સૂચના આપી તે પરથી એ નામ એને યોગ્ય જ હતું.

અમારા ઘરથી બાવીસ કોસ પર એક જરા મોટું ગામ હતું. ત્યાં અઠવાડિયામાં એક વાર બજાર ભરાતું. આ બજાર વખતે



ચશ્માંમાંથી એનો દેખાવ બહુ વિચિત્ર લાગતો હતો. પૂનમના બે ચંદ્રો જાણે બારીમાંથી
ડોકિયાં કરતા હોય એમ લાગતું હતું.

મને ત્યાં લઈ જઇ એક નવતરી ચીજ તરીકે પૈસા લઈ મારું પ્રદર્શન કરવું એવી આ લોભિયા ડોસાની સૂચના હતી.

મારી સામે આંગળી બતાવી મારા શેઠ સાથે એણે ગુસપુસ કરવા માંડ્યું ત્યારથી જ મને લાગેલું કે મારી સામે કંઈ ખટપટ ચાલતી હતી.

બીજે દિવસે ગ્લુમડાલકિલચે એની મા પાસેથી વાત કઢાવી લીધી અને મને કહી. એ તો મને ભેટીને ખૂબ દુઃખ તેમજ શરમની મારી રડવા લાગી. એને બીક લાગી કે જંગલી ગામડિયાઓ મને હાથમાં જોવા લે અને દબાવીને મારી નાખે કે પછી મારી એકાદ પાંસળી ભાંગી નાખે! શરમ એ લાગી કે આવી રીતે પૈસા ખાતર અનાડી લોકો આગળ મારું પ્રદર્શન થાય તેથી મને કેટલું ખરાબ લાગશે? અને આવી રીતે પૈસા લેનારા માટે હું કેવો અભિપ્રાય બાંધીશ?

મને તો એટલું દુઃખ લાગ્યું નહિ. મારા મનમાં તો ખાતરી હતી કે એક દિવસે હું આમાંથી છૂટીશ. એક વિચિત્ર પ્રાણી તરીકે મારું પ્રદર્શન કરવામાં આવે તેમાં મને કોઇ જાતની નાનમ નહોતી, કારણકે હું આ દેશમાં અજાણ્યો હતો; અને બીજું તો એ કે ખુદ હિંદુસ્તાનના બાદશાહ મારી જગ્યાએ હોત તો એમની પણ અહીં એ જ સ્થિતિ થાત.

પડોશીની શિખામણ પ્રમાણે મારા શેઠ મને એક પેટીમાં મૂકી બજાર ભરાવાને દિવસે પેલે ગામ લઇ ગયા. સાથે ગ્લુમડાલકિલચ પણ હતી. મારી પેટી ખોળામાં રાખી મારા શેઠની

સાથે એમની પાછળ ઘોડા પર બેઠી. આવજા કરવાને માટે એક બારણું અને હવાની આવજા માટે થોડાં કાણાં, એ સિવાય પેટી બધી તરફથી બંધ હતી.

મારી નાનકડી રખવાળણે એની ઢીંગલીનું ગોદડું પેટીમાં પાથર્યું હતું, કે જેથી મારે જ્યારે સૂવું હોય ત્યારે સૂઈ જવાય. પરંતુ ઘોડાના દોડવાથી હું તો અંદર એટલો હાલમડોલ થતો હતો કે-જોકે બીજે ગામ પહોંચતાં માત્ર અરધો કલાક થયો તોપણ એટલા વખતમાં યે-મારા તો હાલહવાલ થઈ ગયા હતા.

ઘોડો એના એક પગલામાં વીસ વાર જમીન માપતો; અને દોડતાં એટલો ઊંચે ઊછળતો કે જાણે ભયંકર તોફાનમાં એક નાનું હોડકું ઊછળે!

મારા શેઠ જે ધર્મશાળામાં દર વખતે ઊતરતા ત્યાં ઊતર્યા. ધર્મશાળાના માલિક સાથે મસલત કરી એમણે એક થાળી પીટનારાને રોક્યો અને ગામમાં થાળી પીટાવી કે જેમને એક મનુષ્યના આકારનું પણ વેંત જેવડું પ્રાણી, કે જે બોલી શકે છે અને બીજા પણ અનેક ખેલ કરી શકે છે, તેને જોવું હોય તો અમુક ધર્મશાળામાં આવવું.

ધર્મશાળાનો મોટામાં મોટો ઓરડો જે ત્રણસો ચોરસ ફૂટ હતો તે મારા પ્રદર્શન માટે રોકવામાં આવ્યો. એ ઓરડાની વચ્ચોવચ એક મેજ મૂકી તેના પર મને ઊભો રાખવામાં આવ્યો. ગ્લુમડાલક્લિચ એક નીચા બાજઠ પર મેજની પાસે જ મારી સંભાળ લેવા ઊભી રહી. મારા શેઠે પણ ભીડ ન થાય માટે

એકસામટા ત્રીસ જણને જ આવવાની ગોઠવણ કરી હતી.

ગ્લુમડાલકિલચના કહેવા પ્રમાણે હું મેજ પર ચાલતો. હું સમજી શકું એવા સવાલો તે પૂછતી અને તેના હું મારાથી પાડી શકાય એટલો મોટો ઘાંટો પાડી જવાબ આપતો. લોકો તરફ ફરી નમસ્કાર કરતો, અને શીખવેલા શબ્દોમાં એમનું સ્વાગત કરતો. મારી તલવાર મ્યાનમાંથી ખેંચી કાઢતો ને એનાથી અટાપટા ખેલતો, અને પાછી મ્યાન કરતો. મને ઘાસનું તણખલું આપવામાં આવતું તેનો ભાલો બનાવી એનાથી પણ ખેલતો. આવી રીતે તે દિવસે મારે બાર વખત મારા ખેલો ભજવવા પડ્યા.

હું તો થાક અને અકળામણથી અધમૂઓ થઇ ગયો હતો. જે લોકો મને જોઈ ગયા તેમણે બહાર જઇ મારે વિષે એવી એવી વાતો ફેલાવી કે બીજા લોકો મને જોવાને અધીરા થઈ ગયા અને અંદર આવવાની ધાંધલ કરવા લાગ્યા. એટલા બધા અધીરા તેઓ થઈ ગયા હતા કે કદાચ બારણાં પણ તેમણે ભાંગી નાખ્યાં હોત!

મારા શેઠે પણ (જોકે પોતાના સ્વાર્થની ખાતર) એની છોકરી સિવાય મને કોઈ અડકે નહિ તેની ખાસ કાળજી રાખી હતી. મેજની આસપાસ માંચડાઓ એવી રીતે ગોઠવી દેવામાં આવ્યા હતા કે મને કોઈ અડકી શકે જ નહિ.

એક મસ્તીખોર છોકરાએ મને સતાવવા જોરથી એક અખરોટ મારા તરફ ફેંક્યું. હું સહેજમાં બચી ગયો, કારણ રાક્ષસી અખરોટ એટલે આપણા કોળા જેવડું મોટું! એટલા જોરથી

એણે એ ફેંકયું હતું કે જો મને વાગત તો તો ત્યાં ને ત્યાં જ મારા રામ રમી જાત! બધાએ મળીને આ ઉદ્ધત અણસમજ છોકરાને ખૂબ માર્યો અને ઓરડાની બહાર કાઢી મૂક્યો.

બીજી વખતના બજાર વખતે પણ મારા ખેલ બતાવવામાં આવશે એવી જાહેરાત મારા શેઠે કરી તે દિવસને માટે તો ખેલ ખતમ કર્યા. એક તો મુસાફરીથી હું થાકી ગયો હતો, અને પાછા આઠ કલાક લોકોને ખુશ કરવાનો થાક લાગ્યો હતો; એટલે હું તો એવો લોથ થઈ ગયો કે મારામાં ઊભા રહેવાની પણ શક્તિ નહોતી, કે નહોતી રહી બોલવાની શુદ્ધિ.

ત્રણ દિવસે મારો થાક ઊતર્યો. અધૂરામાં પૂરું મારી ખ્યાતિ સાંભળી આસપાસના લોકો સો સો કોસને અંતરેથી મને જોવા મારા શેઠને ત્યાં આવવા લાગ્યા. લગભગ ત્રીસ જણ એમનાં વહુ છોકરાંને લઈને જોવા આવ્યાં હશે.

મારા શેઠ પણ આવી રીતે ઘરમાં મારા ખેલ બતાવવા માટે દરેક જણ પાસેથી ત્રીસ પ્રેક્ષકના પૂરા પૈસા લેતા. એટલે બુધવાર જે એમનો પવિત્ર તહેવારનો દિવસ હતો, તે દિવસ સિવાય મારે માટે જરા પણ આરામ ન હતો.

મારા શેઠે જ્યારે જોયું કે મારું પ્રદર્શન કર્યાથી ઠીક પૈસા કમાઈ શકાય છે, ત્યારે મને મોટાંમોટાં શહેરોમાં લઈ જવાનો નિશ્ચય કર્યો. લાંબી મુસાફરીની દરેક તૈયારી કરી મારા શેઠ બળેવને દિવસે પાટનગર જવા ઊપડ્યા. મને આ દેશમાં આવ્યાને બરોબર બે મહિને અમે મુસાફરી શરૂ કરી.

પાટનગર અમારા ગામથી ત્રણ હજાર કોસને છેટે હતું. મુસાફરી ઘોડા પર જ કરવાની હતી. શેઠની સાથે એક જ ઘોડા પર એમની પાછળ ગ્લુમડાલકિલચ બેઠી. મારી પેટી એણે કમરે બાંધી પોતાના ખોળામાં રાખી. પેટીમાં બધી બાજુએ ગાદીઓ મઢી લીધી હતી. અમારી સાથે ઘરનો એક નોકર હતો તે સામાન સાથે બીજા ઘોડા પર અમારી પાછળ પાછળ આવતો હતો.

મારા શેઠનો વિચાર રસ્તામાં જેટલાં મોટાં ગામો આવે ત્યાં પણ મારું પ્રદર્શન કરવાનો હતો. કોઇ સો કોસથી અંદરના ગામમાં અથવા કોઈ ખાનગી ગૃહસ્થને ત્યાં જો વધારે પૈસા મળવાની આશા હોય તો ત્યાં પણ મને બતાવવાને લઇ જતા.

અમે ધીમેધીમે આરામથી મુસાફરી કરતાં અને દિવસના ફક્ત સો દોઢસો કોસ જ કાપતા. મારી ખાતર મારી નાનકડી શેઠાણી ઘોડાના દોડવાથી થાકી જવાનો ઢોંગ કરતી.

ઘણી વાર મારા આગ્રહથી મને ખુલ્લી હવા લેવા તથા દેશ કેવો છે તે જોવાને તે પેટીની બહાર કાઢતી. પણ એ વખતે મને દોરી વડે બાંધી એનો એક છેડો જોરથી પકડી રાખતી.

અમે પાંચ છ મોટી નદીઓ વટાવી હશે. એ બધી જ મીસરની નીલ નદી કે આપણી ગંગાજી કરતાં ઘણે દરજ્જે ઊંડી તથા પહોળી હતી. ત્યાંનાં નાનામાં નાનાં ઝરણાં પણ તાપી નદીથી નાનાં નહિ હોય. અમને મુસાફરી કરતાં લગભગ દસ અઠવાડિયાં લાગ્યાં. એ અરસામાં મને ખાનગી ઘરો તેમજ નાનાં ગામો ઉપરાંત આઠ મોટાં શહેરોમાં બતાવવામાં આવ્યો.

બરાબર ધનતેરશને દિવસે અમે પાટનગર પહોંચ્યાં. શહેરનું નામ લૉરબ્રલગ્રુડ-એટલે વિશ્વની ખ્યાતિ-હતું. મારા શેઠે ત્યાંના રાજમાર્ગ પર રાજમહેલથી થોડે દૂર ઘર રાખ્યું.

ધીમેધીમે એમણે મારી જાહેરાત કરવા માંડી. ત્રણસો ચારસો ફૂટ ચોરસ ઓરડો એમણે ભાડે રાખ્યો. એની વચમાં સાઠ ફૂટના વ્યાસવાળું ગોળ મેજ મૂક્યું. એ મેજ પર મારે મારા ખેલ ભજવવાના હતા. આ મેજની કિનારી પરથી હું પડી ન જાઉં માટે તેની ચોમેર ત્રણ ફૂટ જેટલી ઊંચી પાળ બાંધી હતી.

દિવસમાં દસ વખત લોકોના આનંદ અને અજાયબી વચ્ચે મારા ખેલ ભજવાતા. એમની ભાષા બોલતાં હવે હું ઠીક શીખી ગયો હતો. એકેએક શબ્દ હવે તો હું સમજી શકતો. એમની બારાખડી પણ મેં શીખવા માંડી હતી. મારી નાનકડી શેઠાણીએ મુસાફરી દરમ્યાન વખત મળે ત્યારે આ બધું શીખવ્યું હતું.

પ્રકરણ ત્રીજું

રાણીની તહેનાતમાં

મારી ખૂબ મહેનતને પરિણામે મારી તંદુરસ્તીમાં માઠો ફેર પડવા માંડ્યો. મારા શેઠને તો પૈસાનો લોભ જ લાગેલો, એટલે જેમ-જેમ મારા ખેલો બતાવવાથી વધારે પૈસા મળવા માંડ્યા તેમતેમ એમને વધારે ને વધારે મેળવવાનું મન થતું.

તબિયત બગડતી ગઈ તેમ મને ખાવાપીવા પર પણ અભાવ આવતો ગયો, અને તેને લીધે છેક હાડપિંજર જેવો બની ગયો.

મારા શેઠે આ ફેરફાર જોયો. એમને લાગ્યું કે હું વધારે જીવીશ નહિ, એટલે મારા જીવતાં જેટલા પૈસા ઘડી લેવાય તેટલા ઘડી લેવાનો એમણે નિશ્ચય કર્યો.

એક દિવસે રાજદરબારમાંથી એક સ્લારડ્રૂલ-દરબારી-આવી પહોંચ્યો અને રાણીસાહેબ તેમજ રાજમહેલની બીજી સ્ત્રીઓના રંજનાર્થે મને ત્યાં લઈ જવાનો મારા શેઠને હુકમ કર્યો. દરબારની કેટલીએક સ્ત્રીઓ પહેલાં મને જોઈ ગએલી. એમણે જ રાણીસાહેબને મોંએ મારી અક્કલ, ખૂબસૂરતી વગેરે વિષે અજાયબજેવી વાતો કહી હતી.

રાણીસાહેબ તેમજ બીજાંઓ મને જોઇને ખૂબ ખુશ થયાં.

મેં તો નીચા પડી રાણીસાહેબને સાષ્ટાંગ પ્રણામ કર્યો. રાણીસાહેબે પણ મને એમની સામે મેજ પર મૂકી આપણા દેશ વિષે તેમજ મારી મુસાફરીઓ વિષે જાતજાતના સવાલો પૂછ્યા.

મેં થોડા શબ્દોમાં પણ સ્પષ્ટ જવાબ આપ્યા.

એમણે મને પૂછ્યું કે હું દરબારમાં રહેવાને ખુશી હતો કે કેમ.

મેં નમ્રપણે જવાબ આપ્યો: 'હું તો મારા શેઠનો ગુલામ છું; પણ જો હું છૂટો થાઉં તો તો જરૂર રાણીસાહેબની તહેનાતમાં મારી જિંદગી ગાળવાનું પસંદ કરું.'

પછી એમણે મારા શેઠને પૂછ્યું કે એ મને સારી કિંમતે વેચવાને તૈયાર થાય કે કેમ?

મારા શેઠને તો બીક હતી કે કદાચ મહિનાની અંદર તો હું મરી જાઉં, એટલે એ તો કોઈ પણ કિંમતે મને વેચવાને તૈયાર હતા.

એણે એક હજાર સોનાના સિક્કાની માગણી કરી, જે એને તરત જ આપવામાં આવ્યા. આ દરેક સિક્કો એટલો મોટો હતો કે એની કિંમત આપણી એક હજાર સોનામહોરો જેટલી થાય. આ કિંમત એ દેશના સંજોગો જોતાં તો મોટી ન જ ગણાય.

પછી મેં રાણીસાહેબને, મારી નાનકડી શેઠાણી ગ્લુમડાલક્લિચ મારી પાસે રહી મને શીખવે તેમજ બીજું કામ કરે તેને માટે તેમની નોકરીમાં રાખવા વિનંતિ કરી. રાણીસાહેબે મારી એ અરજી સ્વીકારી અને મારા શેઠની પરવાનગી લીધી. એ પટેલને પણ એની છોકરી દરબારમાં નોકરી લે તે ગમ્યું.

ગ્લુમડાલક્લિચનો હર્ષ તો માતો જ નહોતો. પછી મારા

શેઠ ઘેર જવા તૈયાર થયા. જતાંજતાં મને કહ્યું કે મને એમણે સારે હાથ સોંપ્યો હતો! મારી ઉપર જાણે ઉપકાર કર્યો હોય!! મેં જવાબમાં માત્ર ડોકું જ નમાવ્યું.

રાણીસાહેબને મારી આ વર્તણુક જરા વિચિત્ર લાગી અને એનું કારણ પૂછ્યું. મેં પણ હિંમતથી મારા મનમાં હતું તે કહી નાખ્યું. રાણીસાહેબને મેં જણાવ્યું કે અનાયાસે ખેતરમાંથી મળી આવેલા એક નિર્દોષ પ્રાણીને પછાડી મારી નાખવામાં ન આવ્યું એટલો જ ઉપકાર મારા એ શેઠે મારા પર કર્યો હતો.

પણ એ ઉપકારનો બદલો મેં લગભગ આખ રાજ્યમાં મારું પ્રદર્શન કરાવી એમાંથી પૈસા મેળવી એમને જોઈએ તે કરતાં વધારે પ્રમાણમાં આપ્યો હતો. એમાં મારે જે મહેનત ઉઠાવવી પડી હતી તે મારા કરતાં પણ વધારે જોરાવર પ્રાણીને મારી નાખવાને પણ પૂરતી હતી. કલાકે કલાકે લોકોનાં ટોળાંને ખુશ કરવા જે જહેમત મારે ઉઠાવવી પડેલી તેને લીધે મારી તંદુરસ્તીને હાનિ પહોંચી છે. અને મારી જિંદગી જોખમમાં છે એમ જો એમને લાગ્યું ન હોત તો આટલા સોંઘામાં મને કદી વેચત પણ નહિ.

પછી મેં રાણીને કહ્યું, 'આપ તો મોટાં મહારાણી છો! વિશ્વવંદનીય સૃષ્ટિનું સૌભાગ્ય અને પ્રજાના પ્રાણરૂપ છો! આપની છત્રછાયામાંમનેજરૂરરક્ષણમળશે.મારીતરફનિર્દયતાથીવર્તવાની હવે કોઈ હિંમત સરખી પણ નહિ કરે. મારા શેઠને જે બીક હતી કે હું થોડા વખતમાં જ મરી જઈશ તે બીક હવે પાયા વિનાની ઠરશે. આપના દર્શનમાત્રથી જ મારામાં નવો જીવ આવ્યો છે.'



રાણીસાહેબના હાથમાં હું ઝાંખો સૂતો હતો એટલે પહેલાં તો તેમણે મને બરોબર જોયો નહિ.

આ પ્રમાણે મેં ખૂબ અચકાતાં અચકાતાં દરબારી ભાષણ કર્યું.

મને દરબારમાં લઈ જવાનું નક્કી થયું ત્યારે ત્યાં શું બોલવું તે ગ્લુમડાલકિલચે થોડુંઘણું શીખવ્યું હતું, એટલે ત્યાંની રીત પ્રમાણે મેં ત્યાં પણ ભાષણ કર્યું હતું

આ આવડું નાનું પ્રાણી આટલું અક્કલવાળું અને આવું સુંદર ભાષણ—જોકે એમાં ખોડો તો ઘણી હતી—કરી શકે એ જોઈને રાણીસાહેબને તો બહુજ નવાઈ લાગી. એ તો મને પોતાની હથેલીમાં ઊંચકીને મને મહારાજાસાહેબને બતાવવા લઈ ગયાં. મહારાજાસાહેબ એમના ખાનગી ઓરડામાં કંઈ લખવામાં મશગૂલ બેઠા હતા. એ ગંભીર પ્રકૃતિ અને કડક સ્વભાવના પુરુષ હોય એમ લાગતું હતું. રાણીસાહેબના જમણા હાથમાં હું ઊંધો સૂતો હતો એટલે પહેલાં તો એમણે મને બરોબર જોયો નહિ. આથી રાણીસાહેબને એમણે પૂછયું કે તમે આ સ્લેકનક (એ દેશનો નાનામાં નાનો કીડો) પાળવાની શરૂઆત કયારથી કરી ?

ઉત્તરમાં રાણીસાહેબે મને તરત જ લખવાના મેજ ઉપર ઊભો કરી દીધો અને મારે વિષેની હકીકત મહારાજા સાહેબને કહેવાનો મને હુકમ કર્યો.

ગ્લુમડાલકિલચ, જે મને જરા પણ નજરથી દૂર રાખતી નહોતી, તે પણ બારણા આગળ આવીને ઊભી હતી. તેને પણ રાણીસાહેબે અંદર આવવા હુકમ કર્યો. હું એ દેશમાં જ્યારથી ગયો ત્યારથી માંડી અથથી તે ઇતિ સુધી સઘળી વાત મેં રાજાજીને કહી. ગ્લુમડાલકિલચે પણ એ વાતને ટેકો આપ્યો.

મહારાજા ઘણા વિદ્વાન હતા. ખાસ કરીને તત્ત્વજ્ઞાન તેમ-જ ગણિતના વિષયમાં એમનો અભ્યાસ સારો હતો. પહેલાં તો એમને લાગ્યું કે હું કોઇ હોશિયાર કલાકારનું બનાવેલું યાંત્રિક રમકડું હોઇશ. એ દેશમાં આવું યંત્રકામ ઘણું જ ઉત્તમ રીતે બનાવવામાં આવતું.

પણ જ્યારે એમણે મને અક્કલવાળી વાતો કરતાં સાંભળ્યો ત્યારે એમની નવાઇનો પણ પાર ન રહ્યો. હું આ દેશમાં કેવી રીતે આવ્યો, તે વિષેની હકીકત તો એમના માનવામાં પણ ન આવી. ગ્લુમડાલક્લિચ અને એના બાપે મારી સારી કિંમત ઊપજે એટલા માટે એ વાત જોડી કાઢી હશે એમ જ એમને લાગ્યું.

આ માન્યતામાં એમણે મને અનેક પ્રશ્ન ઉથલાવી ઉથ-લાવીને પૂછ્યા. મેં પણ એના બરોબર જવાબ આપ્યા. માત્ર પરદેશી ઉચ્ચારણ અને ગામડિયાને ત્યાં રહેવાથી જાણેલી ગામઠી ભાષા (જે દરબારમાં તો કઢંગી લાગે જ) એ સિવાય મારા જવાબોમાં બીજી ખોડ નહોતી.

એ દેશના રિવાજ પ્રમાણે ત્રણ પંડિતો દરબારમાં હમેશાં હાજર રહેતા. રાજાસાહેબના હુકમથી એમને બોલાવવામાં આવ્યા. આ ત્રણે પંડિતોએ મારી આકૃતિ વગેરે ખૂબ બારીકીથી નિહાળી અને પછી જાતજાતના મત આપવા મંડી ગયા.

એ વિદ્વાનો એક બાબતમાં સંમત થયા કે હું કુદરતના સાધારણ નિયમ પ્રમાણે ઉત્પન્ન થએલું પ્રાણી નહોતું, કારણ કે મારામાં જીવન ટકાવી રાખવાની શક્તિ નહોતી.

દાખલા તરીકે મારામાં ભય દેખાતાં ચપળતાથી પલાયન કરવાની, ઝાડ પર ચડી જવાની કે જમીનમાં ખાડો ખોદી અંદર પેસી જવાની શક્તિ નહોતી. મારા દાંત ખૂબ તપાસ્યા પછી એવો અભિપ્રાય આપ્યો કે હું માંસાહારી પ્રાણી હતું. પરંતુ ચોપગાં જાનવરો તો મારા કરતાં ઘણાં વધારે બળવાન હોય છે. ખેતરના ઊંદરો અને એવાં બીજાં પ્રાણી મારા કરતાં વધારે ચપળ, એટલે હું શેના ઉપર મારું ગુજરાન ચલાવતો હોઇશ તે એમને સમજાયું નહિ.

ગોકળગાય કે એવાં બીજાં જીવડાં પર તો હું નહિ જ જીવતો હોઉં એ ખૂબ દલીલો પછી એમને સમજાયું. એક ડહાપણના ભંડારે હોશિયારી કરી કે હજી હું ગર્ભાવસ્થામાં હોઇશ અને કસુવાવડમાં મારો જન્મ થયો હશે! પરંતુ આ વાતને બીજાઓએ હસી કાઢી, કારણ મારો દરેક અવયવ બરોબર ખીલેલો હતો.

મારી ઉમર મોટી હતી એ પણ સૂક્ષ્મદર્શક યંત્ર વડે મારી દાઢી પરનાં વાળનાં ઠૂંઠા તપાસીને કહ્યું. હું ઠીંગુજી હોઉં એ પણ એમના ધ્યાનમાં ઊતર્યું નહિ, કારણકે ત્યાંના લોકોની સરખામણીમાં હું અતિશય નાનો હતો.

રાણીસાહેબ પાસે એક વામનજી હતો જે આખા રાજ્યમાં નાનામાં નાનો ગણાતો હતો, તે પણ ત્રીસ ફૂટ ઊંચો હતો.

આખરે ખૂબ વાદવિવાદ કર્યા પછી તેઓ એક નિશ્ચય પર આવ્યા કે હું રેલપ્લમ સ્કુલડેછ—એટલે કુદરતની વિચિત્રતા—હતો. જે ન સમજાય તે કુદરતની વિચિત્રતા છે એમ ઠોકી બેસાડતાં આપણા પંડિતોને પણ ક્યાં નથી આવડતું? અમુક વસ્તુ શું હશે તે

જાણવાનો પ્રયત્ન કરી આપણું જ્ઞાન વધારવાને બદલે આવો નિર્ણય કર્યાથી આપણે આગળ જાણવાની દરકાર કરતા નથી.

આ નિર્ણય સાંભળ્યા પછી મેં રાજાસાહેબને મારી તરફથી બે શબ્દ સાંભળવા વિનંતિ કરી.

મેં જણાવ્યું કે હું એવા દેશમાંથી આવ્યો છું કે જ્યાં મારા જેવાં કરોડો સ્ત્રી પુરુષો વસે છે. ત્યાં પણ જાનવરો, ઝાડપાન ઘરબાર વગેરે પ્રમાણસર હોય છે. એ દેશમાં હું મારું રક્ષણ તેમ-જ ગુજરાન કરવાને અહીંના માણસોની માફક શક્તિમાન છું.

મને લાગ્યું કે પંડિતોનો સંશય આ જવાબથી ટળશે. પણ એ લોકો તો એમની પંડિતાઈના તોરમાં ફક્ત તિરસ્કારથી હસ્યા અને બોલ્યા કે પટેલે મને ઠીક પાઠ શીખવ્યો હતો !

મહારાજાસાહેબ વધારે સમજુ હતા. એમણે પંડિતોને જવાની રજા આપી અને પટેલને બોલાવ્યો. સારા નસીબે એ પણ હજી શહેરમાં જ હતો.

પહેલાં તો એને એકલાને બોલાવી બધી હકીકત પૂછી. પછી અમારા દેખતાં એને સવાલો કર્યા.

પરિણામે રાજાજીને લાગવા માંડ્યું કે અમે જે કહ્યું હતું તેમાં કંઈક સત્ય હશે. મારી ખૂબ સંભાળ રાખવાનું તેમજ ગ્લુમડાલક્લિચને મારી તહેનાતમાં રાખવાનું એમણે રાણીસાહેબને કહેવડાવ્યું.

ગ્લુમડાલક્લિચને માટે પણ રાજમહેલમાં એક ઓરડો આપવામાં આવ્યો. એના શિક્ષણ માટે એક શિક્ષિકા, અંગત કામને

માટે એક નોકરાણી તેમજ બીજા નોકરો રાખવામાં આવ્યાં.

મારી સંભાળ તો ગ્લુમડાલક્લિચને જ માથે રહી.

રાણીસાહેબના હુકમથી રાજસુતારે મારી તથા ગ્લુમડાલ-ક્લિચની દેખરેખ નીચે મારા સૂવાના ઓરડા તરીકે વપરાય એવી લાકડાની પેટી બનાવી.

સુતાર ઘણો હોશિયાર હતો. તેણે મારે માટે સોળ સોળ ફૂટ ઓરસચોરસ અને બાર ફૂટ ઊંચો એવો બારીબારણાંવાળો લાકડાનો ઓરડો તૈયાર કર્યો. એ ઓરડાની છતનું પાટિયું ઉપરથી ઊઘડી શકે એવું રાખ્યું કે જેથી એ ઉઘાડી ગ્લુમડાલક્લિચ મારી પથારી વગેરે તૈયાર કરી શકે.

મારી પથારી પણ રાણીસાહેબના ખાસ માણસે બનાવી હતી. ગ્લુમડાલક્લિચ હમેશાં દિવસે મારી પથારી બહાર કાઢી તડકામાં મૂકતી. રાત્રે તે ઓરડામાં પથારી, છત બરોબર બંધ કરી એને તાળું મારતી.

એક સારા કારીગરે મારે માટે હાથીદાંત જેવા કોઈ લાક-ડાની ખુરશીઓ, મેજ તેમજ કપડાં મૂકવાને કબાટો બનાવ્યાં હતાં. ઓરડાની ચારે બાજુ તેમજ જમીન અને છત પર ગાદલાં મઢી લેવામાં આવ્યાં હતાં, જેથી કદાચને કોઇ બેકાળજીથી પેટીને ગમેતેમ ઉપાડે અને મને આંચકો લાગે તોપણ મને ઈજા ન થાય, કે રાતના ઊંદરો અને બીજાં જીવજંતુ વગેરે અંદર આવી મને હેરાન ન કરે. મારા ઓરડાનાં બારણાં માટે પણ મેં તાળું માગી લીધું. લુહારે મહા મહેનતે એનાથી બનાવાય તેટલું

ઝીણું તાળું બનાવ્યું, તોપણ આપણા પ્રમાણમાં તો એક મોટા લોખંડી દરવાજાને છાજે એવું એ તાળું હતું. એની કૂંચી મેં મારી પાસે જ રાખવાનો નિશ્ચય કર્યો, કારણકે મને બીક લાગી કે ગ્લુમડાલકિલચ આવી ઝીણી વસ્તુને કદાચ ખોઇ નાખે.

રાણીસાહેબે ત્યાંના પાતળામાં પાતળા રેશમી કાપડમાંથી મારે માટે લૂગડાં બનાવવાનો હુકમ કર્યો. આ પાતળામાં પાતળું કપડું આપણી ગરમ બનાત જેટલું જાડું હતું એટલે શરૂઆતમાં હું ટેવાયો નહિ ત્યાં લગી તો બહુ ગભરામણ થતી.

મારાં કપડાં ત્યાંના દેશને અનુસરી સીવવામાં આવ્યાં હતાં. ત્યાંનો પહેરવેશ અરધો ઈરાની અને અરધો ચીનીનીને મળતો પ્રતિષ્ઠિત પોષાક હતો.

દહાડે દહાડે રાણીસાહેબની પ્રીતિ તો મારા પર એટલી વધતી ગઈ કે મારા વિના એ જમે પણ નહિ. એમના ખાણાના મેજ પર જ એમના ડાબા હાથ તરફ મારું મેજ ને ખુરશી મૂકાતાં. ગ્લુમડાલકિલચ એક બાજઠ પર ઊભી રહી મારી સંભાળ રાખતી અને મને જમાડવામાં મદદ કરતી.

મારે માટે થાળી વગેરે બધું ચાંદીનું હતું રાણીસાહેબના થાળ વગેરેની સરખામણીમાં તો એ બધું રમકડાં જેવું લાગતું. મારો જમવાનો સઘળો સરંજામ ગ્લુમડાલકિલચ ચાંદીની એક નાની દાબડીમાં મૂકી એના ગજવામાં જ રાખતી, અને જરૂર પડે ત્યારે મને કાઢી આપતી તથા પોતાને હાથે જ એ સાફ કરતી.

રાણીસાહેબની સાથે રોજ એની બે કુંવરીઓ પણ ભોજન

લેતી. મોટી રાજકુંવરીની ઉમર સોળ વર્ષની અને નાનીની ઉમર તેર વર્ષ અને એક મહિના જેટલી હતી.

રાણીસાહેબ મારી થાળીમાં પોતાને હાથે જ પીરસતાં. પછી હું મારી મેળે ખાતો. મને ખાતો જોવાની એમને બહુ જ મજા પડતી. એ પોતે તો ઓછું ખાનારાં ગણાતાં, જોકે એમના એક કોળિયામાં આપણા બાર બ્રાહ્મણો સારી રીતે જમી શકે !

શરૂઆતમાં તો એમને ખાતાં જોઈ મને બહુ સૂગ ચડતી. એક સોનાના પ્યાલામાંથી એક ઘૂંટડે મણેક પાણી એ ગટગટાવી જતાં. એમની ખાવાની છરી આપણું દાતરડું સીધું કરીએ તો તેનાથી બમણી લાંબી થાય. એમના ચમચા વગેરે પણ એજ પ્રમાણમાં.

ગ્લુમડાલક્લિચ ગમ્મતની ખાતર ત્યાંના દરબારીઓને જમતા જોવા મને ઘણી વાર લઈ જતી. તે વખતે આવડા મોટા દસ બાર છરાઓને સામટા મેજ પર જોઈ એ ભયંકર દેખાવથી મને કંપારી છૂટતી.

બુધવાર એમનો પવિત્ર દિવસ ગણાતો. તે દિવસે રાજારાણી સહકુટુંબ જમવા બેસતાં. હું રાજાસાહેબનો પણ ખૂબ માનીતો થઇ પડયો હતો એટલે આવે પ્રસંગે હું એમના ડાબા હાથ તરફ જમવા બેસતો.

રાજાસાહેબને મારી સાથે વાતો કરવામાં ઘણો રસ પડતો. આપણા દેશના રીતરિવાજ, કાયદા, ધર્મ અને રાજપ્રકરણ વિષે એ મને ઘણુંઘણું પૂછતા. હું પણ યથાશક્તિ એના જવાબ આપતો. એમની સમજશક્તિ એટલી સારી અને ન્યાયશક્તિ એટલી

સમતોલ હતી કે હું કહેતો તેના ઉપર એ વિચારપૂર્વક ટીકા કરતા.

એક વખત આપણા દેશ વિષે મેં ખૂબ લંબાણ ચલાવ્યું. આપણો ઉદ્યોગ, વેપાર, લડાઇઓ, ધર્મના મતમતાંતર, રાજકીય પક્ષો વગેરે પર એવું વિવેચન કર્યું કે રાજા સાહેબથી રહેવાયું નહિ, ને ખૂબ પેટ પકડીને હસવા લાગ્યા. પછી મને એમના જમણા હાથમાં ઊંચકી બીજા હાથે ધીમેથી મારી પીઠ થાબડી પૂછવા લાગ્યા કે હું હિંદુ હતો કે મુસલમાન?

પછી એમના મુખ્ય મંત્રી, જે આપણા વહાણના ડોલ જેટલી લાંબી સફેદ છડી લઈને ઊભા હતા, તેમની તરફ ફરીને બોલ્યા: 'મનુષ્યની મોટાઇ, જો આના જેવાં જંતુઓ પણ એનું અનુકરણ કરી શકે, તો કેવી તુચ્છ હોવી જોઈએ? મારી ખાતરી છે કે આ લોકોમાં પણ ઇલ્કાબો તેમજ માનઅકરામો હશે. એ લોકો પણ એમના માળા કે દરો બાંધી એને ઘરો તથા શહેરો તરીકે ઓળખતા હશે. એ લોકો પણ કપડાં વગેરેમાં ઠાઠમાઠ કરતા હશે, લડતા હશે, વઢતા હશે, પ્રેમ કરતા હશે, છેતરતા હશે અને દ્રોહ પણ કરતા હશે!'

એમણે તો ખૂબ ચલાવ્યું. આપણા પુણ્યપ્રદેશ, વિશ્વ-વંદનીય ભરતભૂમિ વિષે રાક્ષસ દેશના એ રાજાને આવી રીતે તિર-સ્કારપૂર્વક બોલતા સાંભળી મારો પિત્તો તો ખૂબ ઊકળ્યો. પણ એ અપમાનનો બદલો લેવા જેવી મારી સ્થિતિ જ નહોતી. વળી એના ઉપર ખૂબ વિચારતાં મારું એથી અપમાન થયું છે કે કેમ એ જ પ્રશ્ન ઊઠયા.

આ લોકોના સહવાસમાં ઘણા મહિના ગાળ્યા પછી, દરેક વસ્તુનું મોટું કદ જોવાની મને ટેવ પડી ગઈ હતી, એટલે શરૂઆતમાં પ્રચંડતા જોઈને જે બીક લાગતી તે ધીમેધીમે ઓછી થઈ ગઈ હતી. એટલે આપણા દેશના દરબારીઓને ઠઠેરા કરી આમતેમ ધાંધલ કરતાં જોયા હોત તો, જેમ મને જોઈને રાજાસાહેબ તેમજ એમના ઉમરાવોને હસવું આવતું હતું તેમ મને પણ આવત.

રાણીસાહેબ જ્યારે મને એમની હથેલી ઉપર ઊભો રાખી આયના સામે લઈ જતાં ત્યારે અમારું બંનેનું પ્રતિબિંબ જોઈ મને મારા ઉપર જ હસવું આવતું. મારા હમેશના કદ કરતાં હું બહુ જ નાનો થઈ ગયો હોઉં એવું મને લાગતું.

રાણીસાહેબના વામનજી પર મને બહુ ગુસ્સો આવતો. એ દેશમાં એ સૌથી નાનામાં નાનો હતો, એટલે બીજા કોઈના પર તો એનાથી રૉફ મરાતો નહોતો. પણ મને એનાથી નાનો જોઈ મારી સાથે એ તોછડાઈથી વર્તવા લાગ્યો. જ્યારેજ્યારે રાણીસાહેબના ઓરડાની બાજુના ઓરડામાં મેજ ઉપર ઊભો રહી હું દરબારીઓ સાથે વાત કરતો હોઉં ત્યારેત્યારે ત્યાંથી પસાર થતાં એ મારા કરતાં કેટલો મોટો છે તે વિષે ફિશિયારી મારતો અને મારા ટચૂકડાપણા વિષે મશ્કરી કરતો.

આના જવાબમાં હું પણ 'આવ ભાઈ હરખા, આપણે બે સરખા,' કહી એને કુસ્તી લડવાનું આમંત્રણ કરતો.

એક દિવસે જમતાંજમતાં મારા કંઈ કહેવાથી આ વામ-



રાણીસાહેબ તો એવાં ગભરાઇ ગયાં હતાં કે મને મદદ કરવાનું એમને ભાન સુદ્ધાં નહોતું રહ્યું.

નડાને ગુસ્સો આવ્યો. તેણે રાણીસાહેબની ખુરશી પર ચડીને હું બેઠો હતો ત્યાંથી મને કમરેથી પકડ્યો અને રાણીસાહેબના દાળના વાડકામાં મને નાખી ત્યાંથી દોટ મૂકીને નાસી ગયો.

હું તો ઊંધે માથે અંદર પડ્યો; અને જો મને તરતાં ન આવડતું હોત તો તો મારું આવી જ બનત, કારણકે ગ્લુમડાલક્લિચ ઓરડાને બીજે છેડે હતી, અને રાણીસાહેબ તો એટલાં ગભરાઈ ગયાં હતાં કે મને મદદ કરવાનું એમને ભાન સુદ્ધાં નહોતું રહ્યું.

ગ્લુમડાલક્લિચે ઝટ દોડી આવી મને બહાર કાઢ્યો. શેરેક દાળ મારા પેટમાં ગઈ હશે. પછી મને નવડાવી, મારાં કપડાં બદલી વહેલોવહેલો બિછાનામાં સુવાડી દેવામાં આવ્યો.

મને બીજું તો નુકસાન ન થયું, પણ મારાં પહેરેલાં કપડાં એવાં તો બગડી ગયાં કે ફરીને પહેરાય જ નહિ. પેલા ઠીંગુજીને તો ચાબૂકે ચાબૂકે મારવામાં આવ્યો. તે ઉપરાંત શિક્ષા તરીકે જે વાડકામાં મને નાખ્યો હતો તે વાડકામાંની બધી દાળ પી જવાની એને ફરજ પાડવામાં આવી.

ત્યાર પછી રાણીસાહેબની તો એના પર કમ મહેરબાની જ રહી, કારણકે થોડા વખત પછી કોઇ ઉમરાવની સ્ત્રીને એમણે ભેટ તરીકે એ વામનજીને આપી દીધો, એટલે મારા અકસ્માત પછી મેં એને ફરી જોયો જ નહિ.

રાણીસાહેબ એમ માનતાં કે હું ઘણો જ બીકણ છું. એ મને બીકણ કહી ચીડવતાં ને હસતાં અને વળી પૂછતાં કે આપણા દેશના લોકો પણ બધા મારા જેવા જ બીકણ છે કે કેમ ?

એમની આ માન્યતા બંધાવાનું કારણ આમ હતું. ઉનાળામાં એ દેશમાં માખીઓ ખૂબ ઊભરાતી. આપણા કાગડા જેવડું આ ગલીચ જંતુ, હું જમવા બેસતો ત્યારે મારા કાન આગળ ગણુગણાટ કરી મને ખૂબ કાયર કરતું. મારી ખાવાની ચીજ પર તે આવીને બેસતું કે મારા નાક કે કપાળ પર આવીને બેસતું.

એની વાસ એવી ખરાબ આવતી કે મને કમકમાં આવતાં. આવા ગંદા પ્રાણીની મને ખૂબ સૂગ ચડતી. અને મારી પાસેથી તેને હાંકી કાઢવામાં મને બહુ મુશ્કેલી પડતી, એટલે જ્યારે જ્યારે એ મારા મોં પાસે આવતું ત્યારે હું ચમકતો.

પેલો વામનજી, આપણા દેશમાં જેમ છોકરાંઓ હાથમાં સામટી માખીઓ પકડી ઉડાડે તેમ માખીઓ પકડી મારા નાક આગળ ઉડાડતો! આથી મને થતી ગભરામણ જોઈ રાણીસાહેબને મજા પડે એટલા માટે એ આવું તોફાન કરતો. હું તો એ માખીઓ હવામાં ઊડતી હોય ત્યાં તલવાર કાઢી એના બે કટકા કરતો. મારી આ ચાલાકીનાં બધાં ખૂબ વખાણ કરતાં.

એક દિવસ સવારે ગ્લુમડાલકિલચે મારી પેટી બારીમાં મૂકી હતી. હવા સારી હોય ત્યારે ઘણુંખરું એવી રીતે પેટી બારીમાં મૂકાતી. આપણે પોપટનાં પાંજરાં બારીએ લટકાવીએ છીએ એવી રીતે લટકવાનું તો મને પસંદ નહોતું.

હું પણ મારી પેટીની એક બારી ઉઘાડી રાખીને નાસ્તો કરવા બેઠો. નાસ્તામાં મીઠાઈ હતી. આ મીઠાઈથી આકર્ષાઈ વીસેક ભમરાઓ એકદમ અંદર ધસી આવ્યા.

આપણી હજારો પીપૂડીઓ જેવો એમના ગણગણાટનો અવાજ હતો. કેટલાએકે તો મારી મીઠાઈ પર તરાપ મારી અને કટકે કટકે લઈ જવા લાગ્યા. બીજા મારી આસપાસ, મારા કાન આગળ અને મોં આગળ ઊડવા લાગ્યા, અને એમના અવાજથી મને ગભરાવી દીધો.

મને તો એટલી બીક લાગવા માંડી કે રખેને એ મને ડંખે. છતાં મારામાં તલવાર ખેંચવા જેટલી તો હિંમત હતી જ. મેં ચારેકને તો ઠાર કર્યા, પણ બીજા નાસી ગયા. મેં પણ પછી ઝટ ઊઠીને બારી બંધ કરી દીધી.

એ ભમરાઓ આપણી સમડી કરતાં પણ મોટા હતા. મેં એમના ડંખ કાપી લીધા. લગભગ દોઢેક ઈંચ લાંબા અને સોયા જેવા એ અણીદાર હતા. મેં કાળજીથી એ સાચવી રાખ્યા અને હિંદુસ્તાન પાછા ફર્યા પછી ઘણી જગ્યાએ એક અજાયબ ચીજ તરીકે એનું પ્રદર્શન કર્યું. એમાંના ત્રણેક તો મેં દિલ્હીના સંગ્રહ-સ્થાનમાં મોકલી આપ્યા હતા.

પ્રકરણ ચોથું

રાક્ષસ ખંડ

આ પ્રકરણમાં, આ દેશમાં મુસાફરી કરી એના વિષે જે કંઈ જાણવામાં આવ્યું તે, તથા એના પાટનગરનો કંઈક ખ્યાલ આપવાનો મારો ઈરાદો છે.

હું તો રાણીસાહેબની જ સવારીમાં હતો. રાજાસાહેબ છેક સરહદ લગી મુસાફરી કરી આવતા, પરંતુ રાણીસાહેબ એ હજાર કોસથી દૂર કોઈ દિવસ જતાં નહિ. આ રાજ્યનો ઘેરાવો છ હજાર કોસ લંબાઈમાં અને ચારપાંચ હજાર કોસ પહોળાઈમાં છે.

આ દેશ એક મોટી ભૂશિર છે. એની ઉત્તરમાં ત્રીસત્રીસ કોસ ઊંચાં શિખરોની પર્વતમાળ આવેલી છે. આ પહાડોમાંના ઘણા તો જ્વાળામુખી છે, એટલે એની ઉપર કોઈ જઈ શકતું જ નથી. ત્યાંના વિદ્વાનમાં વિદ્વાન માણસો પણ જાણતા નથી કે એ પર્વતમાળની ઉત્તરમાં કોઈ મનુષ્યો વસે છે કે નહિ.

આ ખંડની ત્રણ બાજુઓ મહાસાગરથી વીંટાએલી છે, તે છતાં ત્યાં એકે બંદર નથી. જ્યાં નદીઓ સમુદ્રને મળે છે ત્યાં આગળ કિનારો અણિયાળા ખડકોથી એટલો ભરપૂર છે અને દરિયો પણ એટલો તોફાની છે, કે નાનામાં નાની હોડીમાં પણ ત્યાં જવું સહીસલામત નથી. એ કારણથી દુનિયાના બીજા

ભાગોથી આ લોકો તદ્દન છૂટા પડી ગયા છે. બહારની દુનિયાની સાથે એમને કોઈ પણ જાતનો વ્યવહાર નથી.

ત્યાંની મોટી નદીઓમાં વહાણો ચાલે છે. નદીમાં માછલાં પણ પુષ્કળ હોય છે. દરિયાઈ માછલાંનું કદ તો આપણા દેશનાં માછલાંના જેવું જ હોય છે, એટલે આ લોકોને મન તો તુચ્છ. આથી આ દેશના લોકો મીઠાં પાણીનાં માછલાં જ મોટે ભાગે ખાય છે. આ ઉપરથી લાગે છે કે ઝાડ, પાન, જાનવરો વગેરેની પ્રચંડતા માત્ર આ ખંડમાં જ જોવામાં આવે છે. એનું શું કારણ હશે તે તો પંડિતો જાણે.

આપણા દેશ તરફની વ્હેલ માછલી કેટલીએક વાર અહીંના ખડકો આગળ મળી આવે છે. ગરીબ લોકો એને હોંસે હોંસે ખાય છે. આ વ્હેલ કેટલીએક વાર તો એટલી મોટી હોય છે કે એક માણસ મહામહેનતે એને ખભા ઉપર ઊંચકી શકે. એક અજાયબી તરીકે એને લોરબ્રલગ્રુડમાં મચ્છીમારના ટોપલામાં મૂકી લાવવામાં આવે છે. એક વખત રાજાસાહેબના ખાણા વખતે મેં એને મેજ પર જોઇ હતી. પણ રાજાસાહેબે તો એ ખાસ ખાધી નહિ. એનું રૂપ જોઇને કદાચ કંટાળો આવ્યો હશે.

એ દેશમાં લોકોની વસતી સારી છે. ત્યાં એકાવન મોટાં શહેરો છે; સોએક કોટવાળાં ગામો છે, અને ગામડાંની સંખ્યા તો બહુ જ મોટી છે. ત્યાંનું પાટનગર લોરબ્રલગ્રુડ નદીના બંને તટ પર વસેલું છે. ત્યાં એંશી હજાર ઘરો છે અને છ લાખની વસતી છે. લંબાઈમાં એ ત્રણ ગ્લોમગ્લંગ્સ—એટલે ચોપન કોસ

છે. એની પહોળાઈ અઢી ગ્લોમગ્લંગ્સ છે.

રાજાજીનો મહેલ એક પ્રકારનો બનેલો નથી, પરંતુ સાત કોસના ઘેરાવામાં ખૂબ બધાં મકાનોને જોડી બનાવવામાં આવ્યો છે. રાજાજીના ખાસ ઓરડા બસો ચાળીસ હાથ ઊંચા અને એ જ પ્રમાણમાં લાંબા પહોળા છે.

ગ્લુમડાલકિલચને તથા મને ફરવા માટે બે ઘોડાની એક બગી આપવામાં આવી હતી. ગ્લુમડાલકિલચ એની શિક્ષિકાને સાથે લઇ શહેર જોવા અથવા બજારમાં ખરીદી કરવા નીકળતી. હું પણ એમની સાથે જતો. મારી પેટી ગાડીમાં મૂકાતી, પણ ઘણુંખરું તો રસ્તા પરનાં ઘરો તથા લોકોને સારી રીતે જોઇ શકું, એટલા માટે ગ્લુમડાલકિલચ મને બહાર એના હાથમાં જ રાખતી.

એક દિવસ અમારી ગાડી કોઈ દુકાન આગળ ઊભી રહી. અહીં ભિખારીઓ પુષ્કળ હતા. એ બધા અમારી ગાડીની આસપાસ વીંટળાઈ વળ્યા. એવો કમકમાટી ભરેલો એ દેખાવ હતો! એક માણસના ગળે ઘેંઘા જેવું હતું. પાંચેક કોથળાઓ જેવડો મોટો એ ઘેંઘો હતો. એક લંગડાના બંને પગ લાકડાના હતા, તે વીસ હાથ ઊંચા હશે!

પણ સૌથી સૂગ ચડે એવું તો, એ લોકોનાં કપડાંમાં જૂઓ ખદબદતી હતી તે હતું. હું તો નરી આંખે આ ગંદા જંતુનો દરેક અવયવ જોઇ શકતો. આ દૃશ્ય જોઈ મારો તો એટલો જીવ ચૂંથાઇ આવ્યો કે ન પૂછો વાત!

મુસાફરીમાં લઇ જવા માટે હું હમેશાં વાપરતો તેના

કરતાં નાની પેટી મારે માટે કરાવી હતી. એ બાર બાર હાથ ચોરસ અને દસ હાથ ઊંચી હતી. આ પેટી ગાડીમાં સહેલાઈથી રહી શકતી, અને ગ્લુમડાલકિલચના ખોળામાં રહેતી તોપણ એને ભાર ન લાગતો. આ પેટી પણ પેલા જ સુતારે બનાવી હતી. તેની ત્રણ બાજુએ સળિયાવાળી બારીઓ રાખવામાં આવી હતી. ચોથી બાજુએ બહારના ભાગમાં લોખંડનાં બે કડાં જડવામાં આવ્યાં હતાં; એટલે મુસાફરી વખતે જે નોકર મારી પેટીને લઈ ઘોડા ઉપર બેસતો તે ચામડાનો પટો આ કડાંમાંથી સેરવી પોતાની કમરે બાંધતો. ગાડીમાં બેસી જ્યારે હું કંટાળતો ત્યારે આવી રીતે મને ઘોડા પર લેવામાં આવતો.

આ પેટીમાં છત પર મેં ઝોળી બંધાવી હતી તેમાં હું સૂતો, એટલે ઘોડો કૂદે તોપણ મને આંચકા ન આવે. ખુરશીઓ તથા મેજ પણ જમીન સાથે જડી લીધાં હતાં, કે જેથી ઘોડા અથવા ગાડીના હાલવાથી પડે નહિ.

ત્યાં એક પ્રખ્યાત મંદિર હતું તે જોવાની મારી ઘણી ઇચ્છા હતી. મેં સાંભળ્યું હતું કે એનું શિખર ત્રણ હજાર હાથ ઊંચું છે. પણ એ જોયા પછી તો હું નિરાશ થયો, કેમકે આપણા દેશમાં મનુષ્યની ઊંચાઈના પ્રમાણમાં આપણે ઘણાં ઊંચાં મકાનો બાંધી શકીએ છીએ. આ લોકોની ઊંચાઇના પ્રમાણમાં ત્રણ હજાર હાથની ઊંચાઇનું મંદિર કંઈ બહુ અજાયબ જેવું ગણાય નહિ.

આ કરતાં તો રાજાસાહેબનું રસોડું જોઇ મને બહુ નવાઇ લાગી. રસોડાના ચૂલા તો આપણે ત્યાંના કુંભારોની ઈંટ પકા-

વવાના ભઠ્ઠા કરતાં યે મોટા. અને એના પરનાં વાસણો તો જોઈને છક જ થઈ જવાય.

રાજાસાહેબના તબેલામાં છસોથી વધારે ઘોડા રાખવામાં આવતા નહિ. એ ઘોડાઓની ઊંચાઈ લગભગ ચોગનથી સાઠ હાથ જેટલી હશે. જ્યારે ખાસ પ્રસંગોએ એ સવારીમાં જતા ત્યારે એમની સાથે પાંચસો ઘોડેસવારો આગળપાછળ ચાલતા. એ દૃશ્ય અદ્‌ભુત લાગતું.

પ્રકરણ પાંચમું

રણવાસમાં હોડી!

મારા નાનકડા કદને લીધે અનેક હસવા જેવી આપદાઓ મારે માથે ન પડી હોત અને પડવાનો સંભવ ન હોત, તો આ દેશમાં હું સુખ-ચેનથી રહી શકત.

ત્યાં એક વિશાળ બાગ હતો. ગ્લુમડાલક્લિચ મને ઘણું-ખરું નાની પેટીમાં મૂકી ત્યાં ફરવા લઈ જતી. બાગમાં ખુલ્લી હવા મળે માટે મને બહાર કાઢી એની હથેલી પર ઊભો રાખતી. કોઇ વાર કોઈ સુરક્ષિત જગ્યાએ નીચે જમીન પર પણ મૂકતી.

રાણીસાહેબનો વામનજી, એને કાઢી મૂક્યો તે પહેલાં એક વખત અમારી પાછળ બાગમાં આવ્યો. ગ્લુમડાલક્લિચ મને જમીન પર મૂકી આમતેમ કંઇ ફરતી હશે તે તકનો લાભ લઇ એ મારી પાસે આવ્યો. તે વખતે અમે પ્રમાણમાં નીચા એક સફરજનના ઝાડ નીચે ઊભા હતા. મેં હસવામાં ઠીંગુજીને એ નીચા કઢંગા કદના ઝાડ સાથે સરખાવ્યો. એણે તો ગુસ્સામાં આવી ઝાડને એવું હલાવ્યું કે મોટાં ગાગર જેવડાં સફરજન નીચે પડવા લાગ્યાં.

હું વાંકો વળી મારા માથાનો બચાવ કરવા ગયો ત્યાં તો એક મારી પીઠ પર જોરથી પડ્યું અને મને જમીન પર

ઊંધો પાડી નાખ્યો. એટલામાં ગ્લુમડાલક્લિચ દોડતી આવી પહોંચી અને હું બચી ગયો. વામનજી પર રાણી સાહેબ ખૂબ ગુસ્સે થયાં, અને એને શિક્ષા પણ થાત; પણ મશ્કરીની શરૂઆત મેં કરી હતી એટલે મેં એને માફી અપાવી.

એક દિવસ બાગમાં ઘાસના લીલાછમ ગલીચા પર મને મૂકી ગ્લુમડાલક્લિચ એની શિક્ષિકા સાથે આમતેમ ફરવા નીકળી પડી. થોડી વારમાં તો ત્યાં જોરથી કરાનો વરસાદ પડવા માંડ્યો. કરા એટલા જોરથી પડતા હતા કે એના જોરે હું જમીન પર પડ્યો. પડ્યો પડ્યો પણ કરાના મારથી હું ખૂબ ગભરાઈ ગયો. હજારો દડા વતી કોઈ મને તડાતડ જોરથી મારતું હોય એમ જ લાગ્યું. તોપણ ચોપગે દોડીને હું એક ઝાડની ઘટામાં જઈ ઊંધે મોંએ સૂતો. થોડી વારમાં ગ્લુમડાલક્લિચ આવી પહોંચી અને હું બચ્યો. તોપણ કરાના મારથી શરીર પર એટલાં લીલજામાં પડ્યાં હતાં કે દસેક દિવસ સુધી મારાથી ઘરની બહાર નીકળાયું નહિ.

એથી યે વધારે ભયાનક અકસ્માત મને થયો હતો. એક દિવસ બાગના એક એકાંત ખૂણામાં મને મૂકી ગ્લુમડાલક્લિચ એની બહેનપણી સાથે ફરવા નીકળી હતી. ગ્લુમડાલક્લિચ હજી નજરની બહાર પણ નહિ ગઈ હોય એટલામાં એ બાગના માળીનો કૂતરો ત્યાં આવી ચડ્યો અને જમીન સૂંઘતો સૂંઘતો છેક મારી પાસે આવી પહોંચ્યો. મારા જેવી વિચિત્ર ચીજને જોઈ પોતાના શેઠને આ નવતરી ચીજ બતાવવા મને મોંમાં પકડી એ દોડ્યો અને પોતાના શેઠ આગળ પહોંચી મને જમીન પર મૂકી, શેઠ



પોતાનાં શેઠને આ નવતરી ચીજ બતાવવા મને મોંમાં પકડી દોડ્યો.

શું કહે છે તેની રાહ જોતો પૂંછડી હલાવતો ઊભો રહ્યો !

સારે નસીબે કુતરાએ મને ઘણી જ નરમાશથી પકડ્યો હતો એટલે મને કોઈ જાતની ઈજા થઈ નહિ. માળી મને ઓળખતો હતો એટલે મને આવી સ્થિતિમાં જોઈને બિચારો ગભરાઈ ગયો. એણે ધીમેથી મને ઉપાડી લીધો અને કૂતરાના મોંમાં કેવી રીતે આવી પડ્યો તે પૂછવા લાગ્યો. અચંબાથી અને બીકથી મારો તો

શ્વાસ જ રૂંધાઈ ગયો હતો એટલે ક્યાં ય સુધી હું એક શબ્દ પણ બોલી શક્યો નહિ.

ગ્લુમડાલકિલચ જ્યારે પેલી જગ્યાએ પાછી ફરી ત્યારે મને જોયો નહિ અને મને બૂમો પાડવા છતાં જ્યારે જવાબ પણ મળ્યો નહિ ત્યારે ખૂબ ગભરાઈ ગઈ. એ પણ ગાભરી-ગાભરી મને શોધતી માળી ઊભો હતો ત્યાં આવી પહોંચી.

મારી હકીકત સાંભળી એણે તો બાગમાં કુતરાને છૂટો રાખવા માટે માળીને ખૂબ ધમકાવ્યો. પરંતુ આ વાત રાણી-સાહેબ જાણે તો ખૂબ ગુસ્સે થાય એ બીકે છાની જ રાખવામાં આવી. આવી બહાદુરીની વાત બહાર ન ફેલાય તેમાં મને પણ ફાયદો હતો.

આ બનાવ પછી તો ગ્લુમડાલકિલચ મને કોઈ દિવસ નજર બહાર થવા દેતી નહિ. આ બનાવ પહેલાં પણ એવા કેટલાએક બનાવો બન્યા હતા જે મેં એનાથી છાના રાખ્યા હતા.

એક દિવસ એક સમડી મારા પર તરાપ મારવાની તૈયારી કરતી હતી. મેં સમયસૂચકતા વાપરી મારી તલવાર ખેંચી કાઢી ના હોત અને એક ઝાડી નીચે ભરાઈ ગયો ના હોત તો જરૂર એના પંજામાં મને પકડી જાત. એક વખત ફરતાં ફરતાં એક છછુંદર-ના દરમાં ગળા સુધી હું ઊતરી ગયો હતો. મારા કપડાં ધૂળથી ઠીક બગડ્યાં હતાં! તેને માટે મારે ખોટું કારણ આપવું પડયું હતું.

હું જ્યારે આવી રીતે એકલો ફરતો ત્યારે ત્યાંનાં નાનાં પક્ષીઓ મારાથી જરા પણ બીતાં નહિ. જાણે હું છું જ નહિ

એમ માની મારાથી એક વારને છેટે નિરાંતે કૂદતાં કૂદતાં ખાવાનું શોધતાં ! આથી ખુશ થવું કે મને તુચ્છ ગણી મારું અપમાન કરવા માટે દિલગીર થવું તેની મને સમજ પડતી નહોતી !

એક દિવસ એક ચકલીબાઈએ નિરાંતે ચાંચ વડે મારા હાથમાંથી ગોળપાપડીનો ટુકડો ઝૂંટવી લીધો. હું એને પકડવા જતો હતો ત્યાં તો એ મારી સામે થઈ મને ચાંચ મારવા આવી !

એક દહાડો મને ચીડ ચડી તે એક ડંડૂકો લઇ મેં એક નાની દેવચકલી પર ફેંક્યો. એ જમીન પર પડી એટલે મેં દોડીને એને ગરદનમાંથી પકડી લીધી અને મોટું પરાક્રમ કર્યું હોય તેમ ગ્લુમડાલકિલચને બતાવવા દોડ્યો. પણ હું જઇ પહોંચું તે પહેલાં તો ચકલી શુદ્ધિમાં આવી અને એની પાંખો ફફડાવી મારા માથા પર ને શરીર પર જોરથી મારવા લાગી.

એની પાંખોનો મારો જબરો હતો અને હું તો એને છોડી દેવાની અણી પર હતો ત્યાં ગ્લુમડાલકિલચના નોકરે આવી મારા હાથમાંથી એને લઇ લીધી અને એનું ડોકું મરડી મારી નાખી. આ ત્યાંના નાનામાં નાના ગણાતા પંખીડાનું કદ પણ આપણા મોટા હંસના જેટલું હતું !

રાણીસાહેબે મારી પાસેથી દરિયાની સફર વિષે ઘણી વાતો સાંભળી હતી. હું આનંદમાં રહું અને મારી તબિયત કસરત વગેરેથી સારી રહે તેને માટે એ હમેશાં કાળજી રાખતાં. એક દિવસ એમણે મને પૂછ્યું કે મને હોડી ચલાવતાં આવડે છે કે કેમ. અને જો આવડતું હોય અને એ કસરતથી મારી તંદુ-

રસ્તીને ફાયદો થાય એમ હોય તો મારે કરવી જોઇએ.

મેં જવાબ દીધો કે જોકે હું તો વહાણમાં દાકતર તરીકે હતો, છતાં જરૂર પડયે ખલાસીનું કામ પણ મેં કર્યું હતું, એટલે હલેસાં મારવાં, સઢ ચઢાવવા વગેરે કામ હું જાણતો હતો.

પરંતુ આ રાક્ષસદેશમાં જ્યાં નાનામાં નાની હોડી પણ મનવારજેવડી હોય ત્યાં હું હોડી ચલાવવાનો વિચાર સરખો પણ શી રીતે કરી શકું? જો એવડી હોડી બનાવવામાં આવે તો પણ ત્યાંની મોટીમોટી નદીઓમાં તો એનો પત્તો જ ન લાગે. જોતજોતામાં એ ઊથલી જાય.

પછી રાણીસાહેબે મને કેવી હોડી જોઇએ તેનો ખ્યાલ આપવા કહ્યું અને સુતારને મારે જોઇતી હોડી બનાવવાનો હુકમ કર્યો.

સુતાર હોશિયાર હતો. એણે તો દસ દિવસમાં મારે માટે એક મજાનો નાનો મછવો તૈયાર કર્યો. એમાં આપણા દેશના આઠેક જણ માઈ શકે.

રાણીસાહેબને તો આ મછવો એવો ગમ્યો કે દોડતાં દોડતાં એ લઇને રાજાસાહેબને બતાવવા ગયાં. રાજાસાહેબે હુકમ કર્યો કે મને અંદર બેસાડી એને પાણીના પીપમાં તરવા મૂકવો.

પણ એટલી સાંકડી જગ્યામાં તો હું હલેસાં શી રીતે મારી શકત? રાણીસાહેબે એ માટે બીજી જ ગોઠવણ કરી. એમણે સુતાર પાસે એક ત્રણસો હાથ લાંબો, પચાસ હાથ પહોળો અને આઠ હાથ ઊંડો લાકડાનો હોજ બનાવડાવ્યો.

રાજમહેલના એક બહારના ઓરડામાં આ હોજને મૂકવામાં આવ્યો હતો. પાણી વાસી થઈ જાય ત્યારે એને બહાર કાઢી નાખવા માટે અંદર એક કાણું રાખવામાં આવ્યું હતું. અંદર પાણી હોય ત્યારે એમાં દાટો બેસાડવામાં આવતો. હોજનો અંદરનો ભાગ ડામરથી રંગી દેવામાં આવ્યો. ત્રણત્રણ દિવસે હોજને ખાલી કરી એમાં તાજું પાણી ભરવામાં આવતું.

બે નોકરો અરધા કલાકની અંદર હોજને સહેલાઈથી ભરી શકતા. આ હોજમાં હું ઘણી વાર મારી હોડી ચલાવતો. રાણીસાહેબ તેમજ દરબારની સ્ત્રીઓ પણ મારી મછવા હાંકવાની ચતુરાઈ જોઈ આનંદ આનંદ પામતી. કોઈ વાર સઢ ચડાવી હું સુકાન આગળ બેસતો અને દરબારી સ્ત્રીઓ એમના પંખા વડે મારા સઢમાં હવા પૂરતી. તેઓ થાકે ત્યારે તેમના નોકર છોકરાઓ ફૂંક મારી હવા પૂરતા. હું થાકી જતો ત્યારે ગ્લુમડાલક્લિચ મને હોડીમાંથી બહાર કાઢતી, અને હોડીને પણ સાથે ઉપાડી એના ઓરડાની ભીંતે ખીલા પર ટાંગી દેતી.

આ મજામાં મને એકબે વખત ઠીક અકસ્માત નડેલા. એક દિવસ નોકરે પાણી ભરતાં એની ડોલમાં દેડકો આવી ગયો હતો તે પણ હોજમાં નાખ્યો. દેડકો કોઈ ઠેકાણે છુપાઈને બેઠેલો એટલે કોઈની નજર એના પર પડી નહિ. જેવી મારી હોડી પાણીમાં તરવા લાગી તેવો જ કોણ જાણે કયા ખૂણામાંથી એ બહાર નીકળી હોડીમાં કૂદી આવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. જે બાજુથી એ ઉપર ચડતો હતો તે બાજુ હોડી એના ભારથી એટલી



દરબારી સ્ત્રીઓ એમના પંખા વડે મારા સઢમાં હવા પૂરતી

નીચે નમી ગઇ કે મારે બીજી બાજુ પર ખૂબ ભાર દેવો પડ્યો, નહિતર હોડી ઊંધી વળત. અંદર આવ્યા પછી દેડકો એક છેડેથી બીજે છેડે કૂદવા લાગ્યો. કલ્પનામાં પણ ન આવે એવું બદ-સૂરત એ પ્રાણી જણાતું હતું. ગ્લુમડાલકિલચ એને પકડવા જતી હતી પણ મેં એને વારી, અને કહ્યું કે હું એની ખબર લઇશ. પછી મારાં હલેસાંવડે એને ખૂબ માર્યો અને હોડીમાંથી હાંકી કાઢ્યો.

સૌથી ખરાબમાં ખરાબ અનુભવ મને ત્યાંના રસોઇયાના એક નોકરની વાંદરીનો થયો. એક વાર ગ્લુમડાલકિલચ મને ઓરડામાં રાખી ઓરડાને તાળું મારી કંઈ કામસર બહાર ગઈ હતી. ગરમીને લીધે એણે ઓરડાની બારી ઉઘાડી રાખી હતી. મારી મોટી પેટીનું બારણું પણ મેં ઉઘાડું રાખ્યું હતું. હું મારી પેટીમાં આરામખુરશી પર પડ્યો પડ્યો સુખદુઃખના વિચાર કરતો હતો ત્યાં બારીમાંથી કૂદકો મારી કોઇ અંદર આવ્યું હોય એમ મને લાગ્યું. હું જરા ગભરાયો તો ખરો. પછી બેઠો હતો ત્યાંથી વાંકા વળી બહાર જોયું તો એક વાંદરાને આમથી તેમ ઓરડામાં ફરતાં દીઠું.

કૂદતુંકૂદતું આ અટકચાળું પ્રાણી મારી પેટી પાસે આવી પહોંચ્યું અને ઘણા જ કુતૂહલથી પેટીને ચારે બાજુએથી તપા-સીને જોવા લાગ્યું. બારીબારણાં ડોકિયું કરીકરી તપાસ્યાં. હું પણ મારી પેટી કહો કે ઓરડો કહો, તેના એક ખૂણામાં સંતાયો.

વાંદરાને બારીમાંથી ડોકિયું કરતું જોઇને હું યે ખૂબ બીતો હતો. મારા પલંગ તળે હું સહેલાઇથી ભરાઇ ગયો હોત,

પણ એટલું કરવાની યે સમયસૂચકતા મારામાં રહી નહોતી.

પેટી કંઈ નવતરી ચીજ હોય અને એને જોઈને વાંદરું ખુશ થયું હોય તેમ એણે તો બારણામાંથી અંદર ખૂબ ડોકિયાં કર્યાં અને કીકિયારી કરી વાનરહાસ્ય પણ કર્યું!

આખરે એની નજર મારા પર પડી. એણે તો હાથ લાંબો કરી બિલાડી ઊંદર સાથે રમત કરે તેમ મારી સાથે રમવા માંડયું. હું પણ આમતેમ દોડાદોડી કરી મારી જગ્યા બદલવા લાગ્યો. પણ આખરે મારા ડગલાનો છેડો એના હાથમાં આવ્યો, તે વડે એણે મને બહાર ખેંચી કાઢયો. મને એના જમણી બાજુના આગલા પંજામાં પકડયો. મેં છૂટવાનો પ્રયત્ન કર્યો ત્યાં તો મને એવો જોરથી દાબ્યો કે મેં ગરબડ નહિ કરવામાં જ ડહાપણ માન્યું.

વાંદરીને જરૂર એમ લાગ્યું હશે કે હું પણ એક નાનું વાંદરું જ છું, કારણકે એક હાથે એણે મને છાતી સરસું પકડ્યું હતું અને બીજા હાથે મને પંપાળતી હતી.

આ વ્યાપાર ચાલતો હતો ત્યાં તો કોઈ ઓરડાનું બારણું ઉઘાડતું હોય એવો અવાજ એના કાને પડયો. તરત જ કૂદકો મારી એ બારીની સાખ પર જઈ બેઠી, અને ત્યાંથી છાપરા પર છલંગ મારી.

પછી તો એક હાથે છાતી સાથે વળગાડી ત્રણ પગે એ છાપરા પર ચાલતી ચાલતી પાસેના મકાનના છાપરા પર કૂદી. ગ્લુમડાલકિલચે મને આવી રીતે વાંદરીના હાથમાં જોઈ ચીસા-

ચીસ કરી મૂકી. એ તો બાપડી ગાંડા જેવી થઇ ગઇ.

જોતજોતાંમાં તો હોહા થઇ ગઇ. નોકરચાકરો આમતેમ દોડાદોડ કરવા મંડી પડ્યા અને નીસરણી, દોરડાં વગેરે લેવા દોડ્યા.

વાંદરી તો નિરાંતે છાપરાને એક કિનારે મને છાતીએ વળગાડીને બેઠી. દરબારનાં ઘણાં માણસોએ આ દેખાવ જોયો. નાના બાળકને એક હાથે તેડે તેમ તેણે મને તેડ્યો હતો ને બીજા હાથ વડે કોણ જાણે કેવી યે ગંદીગંદી ચીજો મારા મોંમાં મને ખવડાવવા ભરતી હતી, અને હું ના ખાઉં એટલે મને પંપાળતી હતી!

આ દૃશ્ય જોઇને નીચે ઊભેલા લોકો ખૂબ હસવા લાગ્યા. દેખાવ પણ હસવા જેવો તો હશે જ. કેટલાએક નીચેથી પથરા ફેંકવા લાગ્યા. પણ પછી તો પથ્થર ફેંકવાની મનાઈ કરવામાં આવી, કેમકે એમાંનો એકાદ પથ્થર મને વાગે તો મારા તો રામ જ રમી જાય.

નીસરણીઓ આવી પહોંચી એટલે ચારે તરફથી સૌ ઉપર ચડવા લાગ્યા. વાંદરીએ જોયું કે બધી બાજુથી માણસો એની તરફ આવતાં હતાં, અને મને લઇને ત્રણ પગે જલદી દોડાય નહિ, એટલે મને ત્યાં જ પડતો મૂકી એ તો ત્યાંથી નાસી છૂટી.

પાંચસો વાર ઊંચે એ છાપરાની કોર પર બેઠાંબેઠાં મને તો એમ જ લાગ્યું કે કાં તો પવનના ઝપાટાથી હું નીચે ઊડી પડીશ કે કાં તો આટલી ઊંચાઇને લીધે મને તમ્મર આવશે ને હું નીચે ગબડી પડીશ. પણ એટલામાં તો ગ્લુમડાલકિલચનો નોકર વહેલોવહેલો મારી પાસે આવ્યો ને મને ઉપાડીને એના

ગજવામાં મૂકી સહીસલામત નીચે લઈ ગયો.

કોણ જાણે કેવી ગંદી ચીજો વાંદરીએ મારા મોંમાં ઠાંસી હતી કે હું અરધો ગૂંગળાઈ જ ગયો હતો. મારી નાનકડી સેવિકાએ મારું મોં અંદરથી પણ સાફ કર્યું; પણ જ્યારે મને એક ઉલટી થઈ ત્યારે જ મારો જીવ કંઈક શાંત થયો.

વાંદરીએ મને એવો દબાવ્યો હતો, અને કેટલેક ઠેકાણે એના નહોર એવા વાગ્યા હતા કે પંદર દિવસ સુધી હું પથારીવશ રહ્યો. રાજારાણી તેમજ બીજા અમીર ઉમરાવો મારી દરરોજ ખબર પુછાવતા. રાજાસાહેબ તો કેટલીયે વાર મને મળવા પણ આવી ગયા.

હું સારો થયા પછી રાજાસાહેબને જ્યારે મળવા ગયો ત્યારે મારા પરાક્રમ બાબત તેઓ મને ખૂબ ચીડવવા લાગ્યા. વાંદરીની ગોદમાં સૂતાંસૂતાં મને કેવા કેવા વિચારો આવતા હતા, એનું ખાવાનું મને ભાવ્યું કે નહિ, વગેરે વગેરે. હું મારા દેશમાં હોત તો આવે વખતે શું કરત એમ પણ પૂછવા લાગ્યા.

મેં જવાબ આપ્યો કે મારા દેશના પ્રમાણમાં ત્યાં વાંદરાં નાનાં જ હોય, અને તેઓ આવું કરવાની હિંમત જ ન કરે. વળી આ રાક્ષસી જંગી વાંદરીને પણ—એનું કદ આપણા હાથી જેવડું મોટું હતું—જ્યારે એણે મારા ઓરડામાં હાથ લાંબો કર્યો ત્યારે જો બીકથી હું ભાન ભૂલ્યો ન હોત તો, મારી તલવાર કાઢી એવો તો ઘા કરત કે એની ખો ભૂલી જાત.' આ ભાષણ મેં જુસ્સાથી હાથ તલવારની મૂઠ પર નાખીને કર્યું. રાજાજી

ને બીજા હજુરિયા તો એ સાંભળી ખડખડાટ હસી પડ્યા.

આવા હસવા જેવા બનાવો—એ લોકોને મન હસવા જેવા પણ મારે મન તો જીવ જાય એવા—ખૂબ બન્યા. લુચ્ચો ગ્લુમ-ડાલક્લિચ પણ એવો જરા પણ હસવાનો બનાવ બને કે રાણી-સાહેબને રીઝવવા એમને કહી દે. રાણીસાહેબને એવું એવું સાંભળવાની ખૂબ મજા પડતી અને ખૂબ હસતાં. આ રીતે હું એમનું રમકડું બનીને રાક્ષસદેશમાં રહ્યો.

પ્રકરણ છઠ્ઠું

આપણા દેશની સમાજરચના

હું રાજાસાહેબ પાસે અઠવાડિયામાં બે વખત તો જતો જ. એમને હજામ પાસે હજામત કરાવતા પણ જોયા હતા. શરૂઆતમાં તો એ દેખાવ ખૂબ ભયંકર લાગેલો, કારણકે હજામનો અસ્તરો આપણાં દાતરડાં કરતાં પણ ઘણો મોટો હતો. એક દિવસ મેં હજામ પાસેથી રાજાસાહેબના હજામત કરેલા સાબુ સાથેના જ વાળ માગી લીધા. પછી એક ખૂબ પાતળા લાકડાની ચીપ લઈ તેને કાંસકીના આકારમાં કાપી. ગ્લુમડાલક્લિચ પાસેથી ઝીણામાં ઝીણી સોય લઈ મેં એ ચીપમાં કાણાં પાડ્યાં. પછી પેલા વાળને સરખા કાપી એ કાણાંમાં પરોવી એના દાંતા બનાવ્યા. મારી કાંસકી લગભગ આવી રહી હતી અને મારે માટે કાંસકી જેવી સૂક્ષ્મ ચીજ બનાવે એવો કારીગર આ દેશમાં નહોતો, એટલે મેં આ રીતે જાતે બનાવેલી વાળનાં ઠૂંઠાંની કામચલાઉ કાંસકી મને ઠીક ઉપયોગી થઈ પડી.

એ જ પ્રમાણે રાણીસાહેબની દાસી પાસેથી, એમના વાળ હોળતાં વાળ ઊતરતા તે હું માગી લેતો. મારા સુતાર પાસે

મારા લાયક ખુરશીનાં બે ખોખાં તૈયાર કરાવ્યાં અને એની પીઠનાં તેમજ બેઠકનાં ચોકઠાંમાં ઝીણાં કાણાં પડાવ્યાં. પછી રાણીસાહેબના ઊતરેલા વાળમાંથી મજબૂતમાં મજબૂત વાળ વીણી કાઢી, આપણા દેશમાં નેતર ભરે છે તેમ ખુરશીમાં ભર્યા. બંને ખુરશીઓ તૈયાર થઇ એટલે એ મેં રાણીસાહેબને ભેટ કરી. રાણીસાહેબ તો ખૂબ પ્રસન્ન થયાં અને મને એના પર બેસવા ફરમાવ્યું. પરંતુ મેં ચોખ્ખી ના કહી. રાણીસાહેબના પવિત્ર વાળને મારી પૃઠ અડાડું ત્યાં તો એમનું અપમાન કર્યા બરોબર ગણાય. આ જવાબથી રાણીસાહેબ વધારે રાજી થયાં. એમણે પોતાના કબાટમાં એક નવતરી ચીજ તરીકે એ ખુરશીઓ મૂકી અને જે આવે તેને બતાવવા લાગ્યા.

આમાંથી થોડા વાળ બચ્યા તેમાંથી મેં એક કોથળી બનાવી અને કોથળીની વચમાં સોનેરી કસબથી રાણીસાહેબનું નામ પણ લખ્યું આ કોથળી રાણીસાહેબની ઇચ્છાથી મેં ગ્લુમડાલકિલચને ભેટ આપી. ત્યાંના સોનાના સિક્કા વગેરે તો એવડા મોટા કે આ નાજુક કોથળીમાં રાખી શકાય જ નહિ, એટલે એક યાદગીરી તરીકે જ એ કોથળી ગ્લુમડાલકિલચે પોતાની પાસે રાખી મૂકી.

રાજાસાહેબને સંગીતનો બહુ શોખ હતો એટલે ઘણું-ખરું સંગીતના જલસા કરાવતા. આવે વખતે મને પણ હાજર રહેવાનું આમંત્રણ આપતા. મારી પેટી સાથે જ મને લઇ જવામાં આવતો અને એમની નજીક મેજ પર મારી પેટી મૂકાતી.

એમનાં વાજિંત્રોનો અવાજ એટલો મોટો નીકળતો કે મારા તો કાન ફૂટી જતા. એટલે એમના સંગીતની ખૂબી હું સમજીજ નહોતો શકતો. મારે મન તો એ મોટા ભેંસાસૂરનો અવાજ જ લાગતો. આપણા દેશનાં નગારાં અને ઢોલક છેક કાન પાસે લાવી વગાડચાં હોય તેના કરતાં પણ આ રાક્ષસી વાજિંત્રોનો સૂર મોટો નીકળતો.

આથી હું તો મારી પેટી બંધ કરી, દૂરદૂર મૂકાવી, તેનાં બધાં બારીબારણાં બંધ કરાવી મારા કાનમાં આંગળાં ખોસી બેસતો. આમ આટલો અવાજ રોકયા પછી જ એમના સંગીતનો રસ હું કંઇક ચાખી શકતો!

રાજાસાહેબને આપણા દેશ વિષે જાણવાનું બહુ ગમતું, એટલે મને ઘણુંખરું એમની પાસે બોલાવતા અને મારી પેટી એમના મેજ પર મૂકાવી, પેટી ઉપર મારી ખુરશી મૂકાવી મારી સાથે જાતજાતની વાતો કરતા.

એક દિવસ તો વાતમાં ને વાતમાં મેં એમને જણાવી દીધું કે 'જે તિરસ્કારની દૃષ્ટિથી અમારા દેશને તેમજ દુનિયાના બીજા ભાગોને આપ જુઓ છો તે આપના જેવા વિદ્વાન માણસને છાજતું નથી. માણસની બુદ્ધિને શરીરના પ્રમાણ સાથે કશો સંબધ નથી. રાક્ષસી શરીરવાળા વધારે બુદ્ધિમાન એવું કોઇ ઠેકાણે સાબિત થયું નથી. અમારા દેશમાં તો કહેવત છે કે, "બહોત લંબા સો બેવકૂફ." જંતુઓમાં પણ કીડી તેમજ મધમાખી અક્કલ-માં તો મોટાં મોટાં પ્રાણીને હઠાવે એવાં હોય છે. એ ઝીણાં જંતુઓ તો કેટલાંએક મોટાં પ્રાણીઓ કરતાં પણ વધારે ઉદ્યોગી,

ડહાપણવાળાં અને કાર્યકુશળ હોય છે. હું જો કે આ દેશના લોકોના પ્રમાણમાં એક નજીવું જ પ્રાણી છું, છતાં કોઈક દિવસ આપને ઉપયોગી થઈ હું આ વાત સાબિત કરી આપીશ.'

રાજાસાહેબે મારું આ ભાષણ બહુ ધ્યાનથી સાંભળ્યું. એમના ઉપર એની સારી અસર થઈ અને મારે વિષે એમને કંઈક માન પણ ઉત્પન્ન થયું.

આપણા દેશ વિષે પણ હું જે કહેતો તેની ખૂબ નોંધ એ પોતાની નોંધપોથીમાં કરી લેતા અને તે વિષે કંઈ ટીકા કરવી હોય તે છૂટથી કરતા. પહેલાં તો મેં આપણા દેશનું વર્ણન કર્યું અને ઇતિહાસની રૂપરેખા કહી બતાવી.

ભરતખંડ એક નાનો ખંડ જ છે. એને માથે હિમાલયનો તાજ છે. એની ત્રણે બાજુ સાગરની મેખલા છે. એ પુણ્યપ્રદેશમાં અઢારે વર્ણો વસે છે; પણ મુખ્ય તો ચાર જ વર્ણ ગણાય.

પહેલો વર્ણ બ્રાહ્મણનો. એ સરસ્વતીપૂજકો દેશની જ્ઞાન-સમૃદ્ધિ વધારનારા છે. દરેક શાસ્ત્રને એ રચનારા છે. સમાજના કાયદાકાનૂનો એમને હાથે ઘડાય છે. રાજાને સલાહ આપવાનું કામ આ વિદ્વાન બ્રાહ્મણો જ કરે છે.

બીજો વર્ણ ક્ષત્રિયનો. દેશનું રક્ષણ કરનાર એ શૂરવીર યોદ્ધાઓ છે. આ વર્ગમાંથી રાજાઓ ઉત્પન્ન થાય છે. દેશનું બહારના શત્રુઓથી રક્ષણ કરવા ઉપરાંત અંદરની વ્યવસ્થા ચલાવવાનું કામ પણ એમનું હોય છે. વિદ્વાનો, કવિઓ, કલાધરો, કારીગરો વગેરેને રાજ્યમાં આશ્રય આપી દરેક રીતે દેશને

આબાદ કરવાનો ધર્મ એમનો છે. દેશ આબાદ હોય તો ગરીબમાં ગરીબને પણ અન્નનાં સાંસાં પડતાં નથી. એટલા માટે રાજાઓ અન્નદાતા પણ કહેવાય છે.

ત્રીજો વૈશ્યનો વર્ગ. આ લોકો દેશપરદેશ વેપાર કરી, જમીન ખેડી, જમીનમાંથી દ્રવ્ય ઉત્પન્ન કરી દેશની સમૃદ્ધિ વધારનારા છે. એ વર્ગ મહાજનના નામે ઓળખાય છે. મહાજન એટલે મોટું પેટ વધારી જાણનારા કે મોટા શરીરના નહિ, પરંતુ મોટા દિલના. એ લોકો ધન પેદા કરી તે રાજા અને પ્રજાના લાભ માટે વાપરનારા છે.

છેલ્લો વર્ણ શૂદ્રનો. જે પહેલા ત્રણમાં ન હોય તેનો સમાવેશ આ ચોથામાં થઈ જાય. આ વર્ગનો ધર્મ ઉપલા ત્રણ વર્ગોની સેવા કરવાનો. દુનિયામાં હલકું કામ કોઈએ તો કરવું જ જોઈએ. અમારા શાસ્ત્રજ્ઞોએ આ કામ શૂદ્રોને સોંપ્યું છે.

રાજાસાહેબે આપણી આદર્શ સામાજિક રચનાનું વર્ણન ધ્યાનથી સાંભળી ખૂબ વિચારપૂર્વક ટીકાઓ કરી.

એમના શબ્દોમાં કહું તોઃ 'જે આદર્શ દુનિયામાં આદર્શ મનુષ્યો હોય ત્યાં આવી આદર્શ રચના ચાલે. પરંતુ જ્યાં મનુષ્ય-સ્વભાવ પોતાનું જ ભલું શી રીતે થાય એને માટે જ પ્રયત્ન કરવાવાળો હોય ત્યાં આવી રચના લાંબો વખત ટકી શકે નહિ. બળથી કે છળથી જ આ રચના લાંબો વખત ટકે. કાળે કરીને એમાં સડો પેસે જ. પહેલું તો ચાર વર્ણનું વર્ગીકરણ શા ધોરણ પર? માણસ જન્મથી બ્રાહ્મણ હોય તે બ્રાહ્મણ ગણાય કે પોતાના

કર્મથી? જો માણસ જન્મથી જ બ્રાહ્મણ ગણાતો હોય ને શૂદ્રનું હલકું કામ કરતો હોય તોપણ બ્રાહ્મણ કુળમાં જન્મેલો બ્રાહ્મણ જ ગણાય. આવું થાય તો એમાં તો સમાજને નુકસાન છે. તલવાર પકડતાં પણ ન આવડતી હોય તે ક્ષત્રિય ગણાય અને નિરક્ષર માણસ પણ બ્રાહ્મણ તરીકે પૂજાય!

બીજું, એ જ્ઞાન મેળવવાનું કામ બ્રાહ્મણોને જ સોંપવામાં આવે તો આગળ જતાં બ્રાહ્મણો ડોળઘાલુ અને દાંભિક થઈ જવાના. શાસ્ત્રો લખાશે તે પણ સ્વાર્થદૃષ્ટિએ, અને લખેલાં શાસ્ત્રોનો અર્થ પણ પોતાની સ્વાર્થદૃષ્ટિએ જ લોકો કરશે. એ ખરાં છે કે ખોટાં એ જાણવાનું અને સુધારવાનું જ્ઞાન બીજાનેકયાંથી રહેશે? અને બીજાને અજ્ઞાન રાખવામાં જ એમની મોટાઈ જળવાતી હોય તો એ બીજાને જ્ઞાન આપે જ શું કામ? તમે જ મને કહ્યું હતું કે શૂદ્રોથી તો વેદોચ્ચાર પણ કરાય નહિ કે સાંભળી શકાય નહિ! જ્યાં વેદોચ્ચાર સંભળાતો હોય ત્યાં કાનમાં પૂમડાં ખોસવાં પડે!!

તે જ પ્રમાણે રક્ષણ કરવાનો અધિકાર માત્ર ક્ષત્રિયોને જ આપ્યો છે તેથી પણ તમારા દેશને હાનિ છે. સારા શૂરવીર ક્ષત્રિયો લડાઈમાં ખપી જાય તો પછી દેશમાં કોઈ વીર નર રહે નહિ એવો પણ વખત આવે. વળી તમે મને તમારા દેશનો ઇતિહાસ કહ્યો તે પરથી લાગે છે કે તમારા દેશ પર થતા પરદેશીના વારંવાર હુમલા, તથા આખરે એ પરદેશીઓનું તમારા દેશમાં ભરાઈ જવું અને દેશનું સમ્રાટપદ લેવું, એ બધાનું કારણ પણ એ જ છે કે દેશના રક્ષણનું કાર્ય તમે થોડાના હાથમાં સોંપ્યું.

મારા વિચાર પ્રમાણે તો દેશના દરેક પુરુષે યુદ્ધવિદ્યા શીખવી જોઈએ. વળી તમારા અન્નદાતા અન્નહર્તાઓ થઇ પડે તો તેની સામે તમે શો ઉપાય કરી શકો? ક્ષત્રિય સૈનિકો તો રાજા તરફ જ જાય, તો પછી શસ્ત્ર ન વાપરી જાણનારી રાંક નિ:શસ્ત્ર પ્રજાનું કોણ ?'

આના જવાબમાં મેં કહ્યું કે 'જુલમથી પ્રજાનું ધન હરી લે એવા જુલમગારોને પણ લોકોક્તિનો ડર હોય છે. રામચંદ્ર જેવા મોટા અવતારી પુરુષ પણ લોકોક્તિથી બીતા હતા.'

રાજાજી હસ્યા ને બોલ્યા: 'લોકમતનું બળ તો જ્યારે એની પાછળ કાર્યબળ હોય ત્યારે જ અસર કરે. જે પ્રજા માત્ર બોલબોલ કરી બેસી રહે તે પ્રજાની ઉક્તિને કોણ ગણકારે ? હાથીની પાછળ સો કૂતરાં ભલેને ભસવું હોય તેટલું ભસે? લોકોક્તિનો ડર ક્યારે લાગે કે પ્રજા પોતાના સંઘબળથી જુલમ-ગારને પદભ્રષ્ટ કરી શકે ત્યારે જ.'

'અમારાં મહાજન એક થાય તો શું ન કરી શકે ?' મેં કહ્યું: 'તેઓ રાજાની તિજોરી ભરનારા. એ જ તિજોરીને તેઓ ધારે તો પોતાના સંઘબળે ખાલી પણ રાખી શકે. પછી રાજા એની મેળે નમતો આવે. માટે જ અમારા મહાજન સમાજના સ્થંભ જેવા ગણાય છે. એ રાજા તેમજ પ્રજા બંનેને ટેકા રૂપ છે. જ્યાં મહાજન નબળા ત્યાંનો સમાજ પણ એવો નબળો જ માની લેવો.'

રાજાસાહેબને મહાજનના બળ બાબત કંઇક ખાતરી થઈ, પણ સાથે ઉમેર્યું કે 'પણ તમારા એ મહાજનો જો રાજદરબારમાં

માનપાનની ખાતર પોતાનો ધર્મ ભૂલે અને રાજાને જુલમ કરવામાં મદદ કરે તો બીચારી રાંકડી પ્રજાનું આવી જ બને. અને છેલ્લે, બીચારા શૂદ્રોનો તો તમારી આદર્શ સમાજરચનામાં મરો જ ને?'

આ બધી સમાજરચનાની વાત કર્યા પછી મેં એમને હિંદુસ્તાનનો છેલ્લાં સો બસો વર્ષનો મોગલ સામ્રાજ્યની સ્થાપના વગેરેનો ઇતિહાસ કહ્યો. એ સાંભળીને એમને બહુ જ નવાઈ લાગી. આવડો મોટો દેશ, જેનો ઇતિહાસ વીરોનાં પરાક્રમોથી ભરપૂર, તે પરદેશીઓના હાથમાં જાય, પરદેશીઓ પોતાનું રાજ્ય સ્થાપે, અને દેશના રાજાઓ અદેખાઇને લીધે કે આપસ આપસના લડાઇટંટાને લીધે માંહોમાંહ્ય લડી પરદેશીને એનું રાજ્ય સ્થાપવામાં મદદ કરે વગેરે સાંભળી રાજાજીએ આપણા લોકો વિષે જરા યે સારો અભિપ્રાય બાંધ્યો નહિ. બધું સાંભળી છેવટે એમણે નિર્ણય આપ્યો કે 'દુનિયાની સપાટી પર ચાલતા નાનામાં નાના કીડા કરતાં પણ તમે અધમ હોવા જોઇએ!'

પ્રકરણ સાતમું

રાક્ષસદેશની રાજ્યવ્યવસ્થા

આપણા લોકો વિષે રાજાસાહેબનો આવો મત જાણી મને બહુ લાગી આવતું. હું ઘણી વાર આપણા દેશની મોટાઇ વિષે વાતો કરી આપણો બચાવ કરતો. એક દિવસે એ મોટાઈમાં તણાઇને મેં એમને દારૂગોળાના ઉપયોગ વિષે કહ્યું કે 'અમારા દેશમાં અમે એક એવી ભૂકી વાપરીએ છીએ કે જો એના પર અગ્નિની જરા જેટલી ચિનગારી પડે તો ભયંકર અવાજ સાથે મોટો ભડકો થાય. એ ભૂકીમાં એવી શક્તિ છે કે પહાડોના પહાડો હવામાં ઉડાડી દે. એને જો એક સાંકડી નળીમાં ભરી સળગાવી હોય તો એના બળે લોખંડના ગોળાઓ દૂર લગી ફેંકે. એ લોખંડના ગોળાના પ્રહારે મોટાંમોટાં લશ્કરો નાશ પામે. કિલ્લાની મજબૂતમાં મજબૂત દીવાલના પણ ભાંગીને ચૂરા થઈ જાય. લડાઈમાં અમે આ દારૂગોળાનો ઉપયોગ છૂટથી કરીએ છીએ. આ દારૂગોળો મને બનાવતાં આવડે છે. આપની જો ઇચ્છા હોય તો આપના કારીગરોને એ બનાવતાં શીખવું.'

રાજાજીને તો આ ભયંકર શસ્ત્રનું વર્ણન સાંભળી શરીરે કમકમાં આવ્યાં. એ બોલ્યા: 'મને નવાઇ લાગે છે કે તારા જેવા

એક નજીવા દુર્બળ પ્રાણીને આવા રાક્ષસી વિચારો શી રીતે આવે છે અને આવી ભયાનક વિનાશની વાતો જરા પણ અચકયા વિના બેધડક શી રીતે કરી શકે છે! આ દારૂગોળાની શોધ કરનાર જરૂર કોઈ અસૂર હોવો જોઇએ. નવીનવી શોધખોળોનો મને શોખ છે; પણ આવી શોધ તો તને જ મુબારક! મારે તે જાણુ-વાની જરા યે ઇચ્છા નથી. અને તને જો તારી જિંદગી વહાલી હોય તો આ વિષે બીજા કોઈને જરા અણુસારો પણ કરતો નહિ.' મને તો રાજાજીના સાંકડા મનનું જ આ પરિણામ લાગ્યું.

પરંતુ આ દેશના લોકોનું શિક્ષણ જ એવું છે. અહીં નીતિ, ઇતિહાસ, કવિતા અને ગણિત, એ ચાર જ શિક્ષણના વિષયો ગણાય છે. ગણિત પણ ખેતી તેમજ યાંત્રિક વિદ્યામાં ઉપયોગી થાય તેટલું જ. 'જ્યાં ઘાસનું એક તણખલું ઊગતું હોય ત્યાં બે ઉગાડે, જ્યાં એક દાણો પેદા થતો હોય ત્યાં બે દાણા પેદા કરે એવો ખેડૂત મારે મન તમારા હજારો રાજનીતિજ્ઞ પુરુષો કરતાં વધારે' એમ મારી ટીકાના જવાબમાં રાજાજીએ કહ્યું. જ્યાં આવા વિચારો હોય ત્યાં તત્ત્વજ્ઞાન કે એવાજ પારલૌકિક વિચારોનો ખ્યાલ એમના જડ મગજમાં શી રીતે ઘુસાડી શકું?

એ લોકોના કાયદાની વ્યાખ્યાના શબ્દો પણ બારાખડીના અક્ષરો કરતાં વધારે હોવા જોઈએ નહિ. બાવીસ અક્ષરની એ-મની બારાખડી, એટલે કાયદાની વ્યાખ્યામાં વધારેમાં વધારે બાવીસ અક્ષરો હોઈ શકે. આ કારણથી સરળ અને સ્પષ્ટ ભાષામાં તેમજ ટૂંકાણમાં એમના કાનૂનો લખાય. જે વ્યાખ્યા આપવામાં

આવી હોય તેનો એક જ અર્થ થાય. કાયદા પર ટીકા કે ટીપની જરૂર જ ન પડે. અને છતાં જો કોઈ લખે તો તેને દેહાંતદંડની શિક્ષા કરવામાં આવે.

છાપવાની કળા પણ ચીન દેશની માફક અહીં ઘણાં વર્ષોથી જાણીતી છે. પરંતુ એમનાં પુસ્તકાલયો ખાસ મોટાં નથી. રાજાસાહેબનું ખાનગી પુસ્તકાલય જે સૌથી મોટામાં મોટું ગણાય છે તેમાં હજારથી વધારે પુસ્તકો નથી. આ પુસ્તકાલયનો છૂટથી ઉપયોગ કરવાની મને પરવાનગી આપવામાં આવી હતી.

રાણીસાહેબના સુતારે મારે માટે એક પચીસ હાથ ઊંચો પગથિયાંનો ઘોડો બનાવ્યો હતો. આ ઘોડાનું દરેક પગથિયું પચાસ હાથ લાંબું રાખવામાં આવ્યું હતું. મારે પુસ્તક વાંચવું હોય તે ગ્લુમડાલકિલચના ઓરડામાં આણવામાં આવતું ને એને ભીંતને અઢેલી ઊભું રાખવામાં આવતું. પછી પુસ્તકથી દસ હાથને છેટે પેલો ઘોડો મૂકવામાં આવતો. હું છેક એની ટોચ પર ચડી મથાળેથી પુસ્તકને વાંચવાનું શરૂ કરતો. એની લીટીઓ વાંચવા માટે મારે એના પગથિયા ઉપર આગળપાછળ ચાલવું પડતું. આમ કરતાં છેક નીચલા પગથિયા પર આવી હું પુસ્તકનું પાનું પૂરું કરતો. અને પાનાને ફેરવી વળી પાછું ઉપર ચડી વાંચવાનું શરૂ કરતો. પાનાની જાડાઈ પણ ખાસ્સા આપણા કાગળના પાટિયા જેવી. મોટામાં મોટા પુસ્તકની લંબાઈ અઢારથી વીસ હાથ જેટલી હશે.

એમની લખવાની ભાષા સચોટ, જોરદાર, સરળ અને અલંકાર વિનાની છે. નકામા શબ્દો કે વાક્યો વાપરતાં એમને

આવડતું જ નથી. મેં એમનાં પુસ્તકો—ખાસ કરીને ઐતિહાસિક અને નીતિને લગતાં—ઠીક સંખ્યામાં વાંચ્યાં હતાં. નીતિનાં પુસ્તકો વાંચવાનો મને ખાસ રસ પડતો. આપણા લેખકોની માફક ત્યાંના લેખકો પણ મનુષ્યની નિર્બળતા ઉપર શોક કરે છે. મનુષ્ય કદમાં તેમજ બીજી રીતે પણ દહાડે દહાડે નિર્બળ થતાં જાય છે, દુનિયા બગડતી જાય છે, એ એમનું ખાસ સૂત્ર હતું!

રાજાનું સ્થાનિક લશ્કર એક લાખ છોંતેર હજાર પાયદળ અને બત્રીસ હજાર ઘોડેસવારોનું બનેલું છે. એમના લશ્કરમાં વેપારી વર્ગના, ખેડૂત વર્ગના તેમજ બીજા વર્ગનાં માણસોને સૈનિક તરીકે જોડાવું પડે છે.

લોરબ્રલગ્રુડના રક્ષણ માટે જે લશ્કર છે તેને શહેર બહાર વીસ કોસના ઘેરાવાવાળા ચોગાનમાં ઘણી વાર કવાયત કરતાં મેં જોયું હતું. એ લશ્કરમાં આશરે છવ્વીસ હજાર પાયદળ અને છ હજાર ઘોડેસવાર છે. એ વિશાળ ચોગાનમાં એમની સંખ્યા ગણવી મારે માટે તો અશક્ય હતી. એક ઘોડેસવાર ઘોડા પર બેસતો ત્યારે નેવું હાથ ઊંચો લાગતો. સેનાપતિનો હુકમ છૂટતાં જ્યારે સૈનિકો સામટા પોતાના મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી આમતેમ ઘુમાવતા, ત્યારે કલ્પનામાં પણ ન આવે એવું અદ્ભુત દૃશ્ય દેખાતું. વીજળીના હજારો ચમકારા આકાશમાં ચારે બાજુએથી થતા હોય એવો ભાસ થતો!

મને નવાઈ તો એ લાગતી કે આવા દેશને લશ્કરની શી જરૂર હશે? એ દેશમાં કોઈપણ પરદેશી આવી શકે એવું નહોતું.

પરંતુ મનુષ્યસ્વભાવ બધે સરખો જ છે. સત્તાનો લોભ મનુષ્યમાત્રને છે. એમની વાતચીત પરથી અને એમના ઇતિહાસનાં પુસ્તકો વાંચ્યા પછી મને જણાયું કે બીજા દેશોમાં જેવું બને છે તેવું ત્યાં પણ બને છે.

એક બાજુ સત્તાના ભૂખ્યા ઉમરાવો, બીજી બાજુ સ્વતંત્રતા ચાહતી પ્રજા અને ત્રીજી બાજુ પોતાના એકલાના જ હાથમાં હકૂમત રાખવાની ઇચ્છાવાળા તથા પોતાને ઈશ્વરનો અંશ માનનારા રાજાઓ,—આ ત્રણ બળ જ્યાં લગી રાજ્યના કાયદાઓને અનુસરી સમતોલ રહે ત્યાં લગી સારું; પણ ભોગજોગે એક પક્ષ બળવાન બની કાયદાનો ભંગ કરી ખેંચતાણ કરે એટલે ઝગડાઓ થાય જ. આ રાજ્યમાં છેલ્લો ઝગડો આ રાજાના દાદાના વખતમાં થયો હતો. ત્યારથી આ સ્થાનિક લશ્કર રાખવામાં આવ્યું છે અને હવે ઝગડા થતા નથી.

પ્રકરણ આઠમું

ઉપર આભ ને તળે પાણી!

કોઈક દિવસ તો અહીંથી મારો છૂટકારો થશે જ એમ મારું મન મને હમેશાં કહેતું. પણ ક્યારે અને શી રીતે, એની મને જરા પણ કલ્પના નહોતી.

આ દેશના કિનારા પર કદી એકે વહાણ જોવામાં આવતું નહોતું. અમારું જે વહાણ ભાંગી ગયું તે જ આ બાજુ આવવામાં પહેલું હશે. તે છતાં રાજાસાહેબે હુકમ કર્યો હતો કે બીજું કોઇ વહાણ આવી ચડે તો તેની તપાસમાં રહેવું, અને જેવું આવે કે તરત આખું ને આખું જ,—સરસામાન, ખલાસીઓ, ઉતારુઓ વગેરે સાથે—ઉપાડીને કિનારા પર લાવવું.

રાજાસાહેબને હોંસ હતી કે મારા કદની સ્ત્રી એવા કોઇ વહાણ પરથી મળી આવે તો તેની સાથે પરણી એ દેશમાં જ હું ઠરીઠામ થઇને રહું!

પણ પાળેલાં જાનવરની માફક મારો પરિવાર પાંજરામાં રહે, અથવા તો નવતરી ચીજ તરીકે લોકો એને વેચાતો લઈ પોતાને ત્યાં પાળે, તે જોવા કરતાં તો હું મરવું વધારે પસંદ કરું.

એ દેશમાં મને ખાસ દુઃખ નહોતું. બધાં જ મારી તરફ

માયા રાખતાં. રાજારાણીની તેમજ મોટા અમીરઉમરાવોની મારા તરફ ખૂબ મહેરબાની હતી. પણ આખરે તો હું એમનું રમકડું જ ને? આપણે કોઇ પાળેલા જાનવર પર પ્રીતિ રાખીએ તેમ મારા પર સૌ પ્રીતિ રાખતાં. એક મનુષ્ય તરીકે તો મારું સ્વમાન ખૂબ ઘવાતું.

તે ઉપરાંત મારાં સ્ત્રીબાળકોને હું કેમ જ ભૂલી શકું? મારા જેવડા મનુષ્યોની સાથે હરવાફરવામાં કે વાતચીત કરવામાં જે આનંદ આવે, તે અહીં રહી એક દેડકાની માફક કે નાના કુરકુરિયાની માફક દર પળે કોઇના પગ નીચે છુંદાઇ જવાની જે ધાસ્તી રહે, તેવી જિંદગીમાં શી રીતે આવી શકે?

પણ ઈશ્વરેચ્છાએ મારો છુટકારો ધાર્યા કરતાં વહેલો આવ્યો અને તે પણ ઘણી વિચિત્ર રીતે.

મને આ દેશમાં આવ્યાને બે વર્ષ થયાં હશે. ત્રીજા વર્ષની શરૂઆતમાં રાજાસાહેબ તેમજ રાણીસાહેબ એમના રાજ્યના પ્રવાસે નીકળ્યાં. તેમની સાથે હું પણ ગ્લુમડાલકિલચને લઇને ગયો. મને હમેશની માફક મારી મુસાફરીની પેટીમાં જ લઈ જવામાં આવ્યો હતો.

આ પેટીનું વર્ણન તો મેં આગળ કર્યું જ છે. વિશેષમાં મેં મારી ઓરડીની ઉપર બરોબર વચ્ચોવચ એક હાથ ચોરસ બાકોરું હવાને માટે પડાવ્યું હતું. આ બાકોરાનું ઢાંકણ અંદર તેમ જ બહાર ઊઘડતું. જ્યારે બારીબારણાં બંધ કરવામાં આવતાં ત્યારે અંદર હવા આવે તે માટે આ બાકોરું હું ખુલ્લું મૂકતો.

અમારો પ્રવાસ પૂરો થતાં રાજાસાહેબને થોડા દિવસ

માટે દરિયાકિનારાથી અઢાર કોસ દૂર આવેલા ફ્લૅમફ્લૅમસીક નામના શહેરમાં એમનો રાજમહેલ હતો ત્યાં રહેવાનું મન થયું.

મુસાફરીથી ગ્લુમડાલકિલચ તેમજ હું બંને જણાં થાકી ગયાં હતાં. થાકની અસરથી મને તો જરા શરદી જ થઈ હતી, પણ ગ્લુમડાલકિલચ તો બીચારી માંદી જ પડી ગઈ અને એને થોડા દિવસ પથારીવશ રહેવું પડયું.

મને દરિયાનાં દર્શન કરવાનું ખૂબ મન થયું હતું. વળી આ દેશમાંથી છૂટવાનું પણ એ જ રસ્તે હતું. એટલે મારી તબિયત હતી તેના કરતાં વધારે ખરાબ હોવાનો મેં ઢોંગ કર્યો અને દરિયાની હવાથી તબિયત સુધરશે એમ કહી એક બે વિશ્વાસુ નોકર સાથે કિનારા પર ફરવા જવાની મેં માગણી કરી.

ગ્લુમડાલકિલચને મારાથી છૂટા પડતાં ખૂબ રડવું આવ્યું. કદાચ ભવિષ્યની એને આગાહી પણ થઈ હોય! નોકર મારી પેટી લઈ દરિયા તરફ ચાલી નીકળ્યો. અરધા કલાકની અંદર તો અમે મોટા મોટા ખડકોથી ભરપૂર કિનારા પર આવી પહોંચ્યા.

ત્યાં પહોંચી મેં પેટી જમીન પર મૂકાવી. પછી દરિયા તરફની બારી ઉઘાડી હું એકીટસે આતુરતાથી દરિયા તરફ જોઈ રહ્યો. નોકરને મેં કહ્યું કે મારા જીવને ઠીક નથી લાગતું, માટે હમણાં હું અહીં જ ઝોળીમાં સૂઈ રહીશ.

મને ઝોળીમાં સુવાડી નોકરે પેટીનાં બધાં બારીબારણાં બંધ કરી દીધાં કે મને ઠંડી ન લાગે.

થોડીવારમાં હું ઊંઘી ગયો. પછી શું થયું તે તો કોણ

જાણે, પણ મને લાગે છે કે મને ઊંઘતો જોઇ પેલો નોકર આમ-તેમ ફરવા નીકળી પડ્યો હશે.

ઊંઘમાં જ મને લાગ્યું કે મારી પેટી કોઈ તાણે છે. તેની સાથે જ હું તો ઝબકીને ઊઠ્યો. પેટીને ઊંચકી અદ્ધર આકાશમાં કોઈ ઉપાડી જતું હોય એમ મને લાગ્યું. મેં બારીની બહાર જોવાનો પ્રયત્ન કર્યો પણ આકાશ અને વાદળાં સિવાય કંઇ જણાયું નહિ.


મેં પડાય તેટલા જોરથી બૂમો પાડી; પણ કોણ સાંભળે? મારા માથા પર પાંખો ફફડવાનો અવાજ આવ્યો એટલે મને લાગ્યું કે કોઈ જબરદસ્ત ગરુડ પક્ષી મારી પેટી લઇને ઊડતું હશે.

કાચબા વગેરે પ્રાણીને ગરુડો આમ જ ઊંચે ઉપાડી પછી ખડક પર ફેંકી દે છે કે જેથી એનું કોટલું ભાંગી જાય અને અંદરનું માંસ ખાવાનું મળે. મારી પેટીને પણ એવું જ પ્રાણી ધારી ગરુડ પક્ષી ઉપાડી જતું હોય અને ઉપરથી ફેંકી દે તો મારા તો રામ જ રમી જાય!

થોડી વારમાં તો પાંખોનો ફફડાટ ખૂબ વધ્યો અને મારી પેટી હવામાં અદ્ધર આમથી તેમ ઝોલાં ખાવા લાગી. મને ગરુડ પક્ષી જ ઊંચકી જતું હતું તેમાં તો હવે કંઈ સંશય જ નહોતો.

એટલામાં તો મને ઉપાડી જતા પક્ષી સાથે કોઈ બીજું પક્ષી લડતું હોય એમ લાગ્યું. થોડી વારમાં પેટી નીચે પડતી લાગી. એના વેગને લીધે મારું તો હૃદય જ જાણે અટકી ગયું!

એક પળમાં તો હું પેટી સાથે નીચે આવ્યો. નીચે આવતાંની સાથે એક એવો મોટો ધબાકો થયો કે એનો અવાજ



એક પળમાં તો હું પેટી સાથે નીચે આવ્યો.

મોટા પાણીના ધોધના અવાજને પણ હઠાવે.

પેટી એટલા વેગથી પડી હતી કે પહેલાં તો એ પાણીમાં ડૂબી. એક પળ તો બધું અંધારું થઈ ગયું, પણ બીજી જ પળે એ પાણીની સપાટી પર આવી અને પછી વારંવાર ખૂબ

ઊંચે ચડી નીચે પટકાતી વેગમાં ખેંચાતી હોય એમ લાગ્યું.

આ ઉપરથી મારી ખાતરી થઈ કે હું કોઇ મહાસાગરમાં પડ્યો હતો. પેટીમાં મારો સરસામાન ઘણો હતો એટલે તેના ભારથી તથા પેટીના ચારે ખૂણે લોખંડની પટીઓ જડેલી હતી તેથી તેમજ મારા પોતાના ભારથી પેટીનો પાંચ હાથ જેટલો ભાગ પાણીની અંદર ડૂબ્યો હતો.

મને લાગે છે કે જે ગરુડે શિકાર જાણીને મારી પેટી ઉઠાવી હતી તેની સાથે એનો શિકાર છીનવી લેવા બીજાં બેએક ગરુડ પક્ષીઓ લડ્યાં હશે. અને એ ત્રણની લડાઇમાં પોતાનો બચાવ કરવા પેલા ગરુડે પેટી છોડી દીધી હશે.

તળિયે લોખંડની ચીપો જડી હતી તેને લીધે જ આટલા જોરથી પડવા છતાં પેટી ભાંગી નહિ. બારીબારણાં સખત બંધ હતાં એટલે પાણી તો અંદર આવી શકે એવી ધાસ્તી જ નહોતી. જેમતેમ કરી હું ઝોળીમાંથી નીચે ઊતર્યો. આ દુઃખમાં મને મારી ગ્લુમડાલકિલચ ખૂબ યાદ આવી. એ બીચારીનું શું થશે તેના જ વિચારો મને આવવા લાગ્યા. રાણી ગુસ્સે થશે અને એને દરબારમાંથી રજા આપશે એવાએવા વિચારો મને આવવા માંડ્યા.

હું તો મરવાની રાહ જોઈને જ બેઠો હતો. કોઇપણ પળે મારી પેટી એકાદ ખડક સાથે અથડાઇ એના ટુકડેટુકડા થઈ જશે એ બીક મને રહેતી હતી. વળી એકાદ મોજું જોરથી આવી બારીના કાચ ભાંગી નાખે ને અંદર પાણી ભરાઇ જઈ પેટી ડૂબી જાય એ પણ ધાસ્તી દરેક પળે રહેતી.

સારે નસીબે બારીઓને લોખંડની જાળીઓ હતી એટલે કાચનું રક્ષણ સારી રીતે થતું; તોપણ એનો ભરોસો શો? કેટલીક ઝીણીઝીણી તરડમાંથી પાણી અંદર આવવા પણ માંડેલું, પણ તેનો તો મેં ઝટ ઉપાય કર્યો અને પાણી આવતું બંધ થયું.

પેટી સહીસલામત રહે તોપણ ભૂખમરો તો સામે જ ઊભો હતો. ખાધા વિના કેટલાક દિવસ સુધી ચલાવી શકાય? આમ પળે પળે મૃત્યુની રાહ જોતાં મેં ચારેક કલાક ગાળ્યા હશે. એવામાં મારી પેટીનાં બહારનાં બે કડાં હતાં ત્યાં એકાએક કંઇક ઘસાતું હોય એવો અવાજ મેં સાંભળ્યો. એ શું થતું હશે એનો વિચાર કરું છું ત્યાં તો પેટી ઘસડાતી હોય એમ લાગ્યું. મારા હૃદયમાં જીવવાની આશાનાં કંઇક અંકુરો ફૂટ્યાં.

મારી ખુરશી પેટીની ભોંય સાથે જડેલી હતી. તેના ખીલા કાઢી તેને વચ્ચોવચ પેલા બાકોરા નીચે લાવ્યો, અને ત્યાં એ પડી ન જાય માટે ખીલા મારી પાછી જડી દીધી. પછી ખુરશી પર ઊભા થઈ મેં પેલું બાકોરું ઉઘાડ્યું અને મારું મોં તેની પાસે લઈ જવાય તેટલું લઈ જઇ મને આવડતી હતી તેટલી ભાષામાં બૂમો પાડવા માંડી. આમ છતાં કોઈ નજરે પડ્યું નહિ એટલે લાકડીને છેડે મારો રૂમાલ બાંધી બાકોરામાંથી બહાર કાઢી ઉડાડવા માંડ્યો,—એ આશાએ કે કોઇ બહાર હોય તો જાણે કે અંદર કોઈ કમનસીબ મનુષ્ય છે.

પણ આ બધાંની ખાસ અસર થઈ હોય એમ મને લાગ્યું નહિ. મારી પેટી તો વગર અટકયે ઘસડાતી જ હતી. કેટલીક

વારે તે કોઈ કઠણ ચીજ સાથે અથડાઈને અટકી. વળી થોડી વાર થઈ ને પાછી પેટી અદ્ધર ઊંચકાતી હોય એમ લાગ્યું. લગભગ ત્રણ હાથ જેટલી એ અદ્ધર થઈ હશે.

આ બધું શું થાય છે એ નહિ સમજાયાથી મેં ફરીને પેલી લાકડી બાકોરામાંથી ઊંચી કરી મારો રૂમાલ ઉડાડ્યો. આના જવાબમાં કોઈએ ત્રણ વખત બૂમો પાડી.

આ જવાબ સાંભળતાં મારા હર્ષનો પાર ન રહ્યો. પછી છેક બાકોરા પાસે આવી કોઈએ આપણી જ ભાષામાં બૂમ પાડી: 'અંદર કોઈ છે કે?'

એના જવાબમાં મેં ઘાંટો પાડી કહ્યું કે 'સુરત બંદરનો હું રહીશ છું અને કમનસીબે આ સ્થિતિમાં આવી પડ્યો છું. મહેરબાની કરી મને આ જીવતી ઘોરમાંથી બચાવો'.

પેલો અવાજ ફરી સંભળાયો: 'તમે સહીસલામત છો. તમારી પેટીને વહાણ સાથે બાંધી લીધી છે. થોડી વારમાં સુતાર આવી બાકોરું મોટું કરશે એટલે તમને ઉપર ખેંચી લઈશું.'

મેં જવાબ દીધો: 'એમ તો નકામો વખત જશે. ખલાસીને કહો કે પેટીને કડાં આગળથી પકડી વહાણ પર ચડાવી દે અને નાખુદાની કોટડીમાં મૂકે.'

આ સાંભળી ઉપરના લોકોએ હસવા માંડ્યું. કેટલાએકને લાગ્યું કે હું દુઃખનો માર્યો ગાંડો થઇ ગયો હોઈશ અને ગાંડપણમાં જ આવું બકતો હોઈશ.

હું ફરીને મારા કદનાં માણસો પાસે આવ્યો હતો તે

તો હું તદ્દન ભૂલી જ ગયો હતો. જે રાક્ષસી પેટીને ગ્લુમડાલ-ક્લિચનો નોકર એક હાથે ઊંચકે તેને ઊંચકવાને અહીં તો મારા જેવા કેટલા યે માણસો જોઇએ. વળી એને નાખુદાની કોટડીમાં તો લઈ જ શી રીતે જવાય? એટલે મને પેલા લોકોએ ગાંડો ધાર્યો હોય તેમાં શી નવાઈ?

થોડી વારે સુતાર આવ્યો. તેણે પેટીને મથાળે એક મોટું ગાબડું પાડી અંદર નીસરણી ઉતારી એટલે હું ઉપર ગયો. વહાણ પર પહોંચતાં સુધીમાં મારી સ્થિતિ તો લગભગ અધમૂઆ જેવી જ થઈ ગઈ હતી.

ખલાસીઓ મને અનેક જાતના સવાલો પૂછવા લાગ્યા. તેમને જવાબ આપવાની પણ મારામાં શક્તિ નહોતી. એક તો બે વર્ષ લગી રાક્ષસોને જોવાની ટેવ પડી ગઇ હતી એટલે આ બધા મને ઠીંગુજીઓ જ લાગતા! આટલા બધા ઠીંગુજીઓને સામટા જોઇને જ હું તો ગભરાઈ ગયો હતો.

મને લગભગ બેભાન હાલતમાં જોઈ નાખુદો મને એની કોટડીમાં તેડી ગયો. પાણીબાણી પાઈ મને બિછાના પર સુવાડી થોડી વાર આરામ લેવા સમજાવ્યો. નાખુદાને ફરીને મેં મારી પેટી એની કોટડીમાં લાવવા અરજ કરી, કેમકે પેટીમાં મારી ખુરશીઓ, મેજ, પલંગ, ઝોળી વગેરે કિમતી સામાન હતો.

નાખુદાને લાગ્યું કે મેં પાછું બકવા માંડ્યું છે એટલે મને શાંત પાડવા ખાતર બધી ચીજો વહાણ ઉપર લાવવાની કબૂલાત આપી એ ઉપર ગયો ને પેટીની અંદરનો બધો સામાન વહાણ

પર લેવડાવ્યો. પેટીનાં થોડાં પાટિયાં વહાણના ઉપયોગ માટે રાખી લઇ પછી પેટીમાં અંદર ખૂબ ગાબડાં પડાવ્યાં એટલે એ તો પાણીમાં ડૂબી ગઈ. પેટીને ડુબાડી એ તો મને પછીથી ખબર પડી, નહિતર મારો જીવ ખૂબ બળત.

હું માંડ થોડા કલાક ઊંઘ્યો હોઇશ. મને જે ભયાનક અનુભવ થયો હતો તેનાં જ સ્વપ્નાં ઊંઘમાં પણ મને આવવા લાગ્યાં. હું જાગ્યો ત્યારે રાતના આઠેક વાગ્યા હતા. નાખુદો મને જમવા તેડવા આવ્યો. એણે મને ખૂબ માયાથી કહ્યું કે મારે ગાંડુંગાંડું બોલવું નહિ.

વાળુ કરીને અમે એકલા પડ્યા ત્યારે મારી મુસાફરી વિષે તેમજ આવી રાક્ષસી પેટીમાં હું શી રીતે પૂરાયો હતો તે વિષે તે મને પૂછવા લાગ્યો.

એણે જણાવ્યું કે 'બપોરે બારેક વાગ્યે અમે આઘેથી તમારી પેટીને પાણીમાં તરતી જોઇ. પહેલાં તો અમે ધાર્યું કે એ કોઈ સઢ વિનાનું નાનું વહાણ હશે. અમારી પાસે ખોરાક ઓછો થઇ ગયો હતો એટલે તમારી પાસેથી કંઈક મળશે એ આશાએ અમારું વહાણ પેટી તરફ વાળ્યું. પાસે આવ્યા પછી અમારી ભૂલ જણાઇ. પછી તો, જો એ વહાણ ન હોય તો શું હશે તેની તપાસ કરવા અમે એક મછવો પેટી તરફ મોકલ્યો.

મારાં માણસો ગભરાટમાં પાછાં ફર્યા અને મને કહ્યું કે એ વહાણ નથી પણ તરતું ઘર છે! મેં તો આ વાતને હસી કાઢી અને હું પોતે જ મછવામાં બેસી તપાસ કરવા નીકળ્યો.

પેટીની પ્રદક્ષિણા કરતાં મને પેલાં બે કડાં દેખાયાં. કડાંમાં રાંઢવું નાખી તમારી પેટી ઊંચે ચડાવવાનો પ્રયત્ન કર્યો, પણ એ એટલી ભારે હતી કે બધા ખલાસીઓ એકીસાથે ખેંચતા હતા તો પણ એકબે હાથથી વધારે ઊંચે એને ખેંચી શક્યા નહિ. એટલામાં મેં લાકડીને છેડે બાંધેલો રૂમાલ જોયો. મને તરત જ લાગ્યું કે કોઈ કમનસીબ મનુષ્ય અંદર હોવું જોઇએ.'

મેં સવાલ કર્યો કે 'જ્યારે તમે મારી પેટીને તરતી જોઇ ત્યારે ત્યાં આગળ કોઈ રાક્ષસી કદનાં ગરુડ પક્ષીઓ જોવામાં આવ્યાં હતાં ખરાં?'

નાખુદાએ જવાબ દીધો કે 'ત્રણેક ગરુડ પક્ષીને અમે દૂર ઊડી જતાં જોયાં તો હતાં, પણ એ ખાસ રાક્ષસી કદનાં હોય એમ લાગ્યું નહિ.'

કદાચ ખૂબ ઊંચે ઊડતાં હશે એટલે એના કદનો ખ્યાલ ન આવી શકે એમ વિચારી મેં બીજો પ્રશ્ન કર્યો કે 'જમીન અહીંથી કેટલી દૂર હશે?'

નાખુદાએ જણાવ્યું કે 'સોએક યોજન હશે.'

મેં કહ્યુંઃ 'સો કરતાં તો અરધી પણ નહિ હોય, કારણ કે હું જે દેશમાંથી આવ્યો ત્યાંથી નીકળીને દરિયામાં પડ્યા તેટલા વખતમાં બે જ કલાક થયા હતા.'

નાખુદાને લાગ્યું કે વળી પાછું મારું મગજ ચસકવા માંડ્યું છે અને ગાંડુંઘેલું બોલવાની શરૂઆત કરી છે, એટલે એણે મને મારે માટે તૈયાર કરેલી કોટડીમાં જઇ ફરીથી આરામ

લેવા સમજાવ્યો.

મેં એને જણાવ્યું કે 'મેં પૂરતો આરામ લીધો છે અને મારું મગજ પણ બરાબર ઠેકાણે છે.'

આ જવાબથી નાખુદો જરા ગંભીર બની ગયો અને મને ફરી પૂછવા લાગ્યો કે કોઈ ભયંકર ગુનાની શિક્ષા તરીકે કોઈ રાજાએ તો મને આ રાક્ષસી પેટીમાં પૂરી પાણીમાં તરતો મૂકી દીધો નહોતો ને?

કોઈકોઈ દેશોમાં એવો રિવાજ હોય છે કે વહાણ પરના ગુનેગારને ગાબડું પાડેલી હોડીમાં બેસાડી ભરદરિયે ડુબાવી દેવામાં આવે. મારા જેવા ગુનેગારને વહાણ પર રાખવાની એની ઇચ્છા તો નહોતી. એટલા જ માટે પહેલું જે બંદર આવે ત્યાં મને કિનારે ઉતારી દેવાનું તેણે જણાવ્યું.

તેણે કહ્યું: 'ખલાસી સાથેની તમારી ગાંડી ગાંડી અસંબદ્ધ વાતચીત પરથી અને તમારી પેટી જોઇ તે પરથી, તેમજ જમતી વખતની તમારી વિચિત્ર વર્તણૂકથી મને સખત વહેમ આવે છે કે તમે કોઈ ગુનેગાર છો.'

આ વાત સાંભળી પહેલાં તો હું જરા ગભરાયો. પછી મેં નાખુદાને મારી સર્વ હકીકત શાંતિથી સાંભળવા વિનંતિ કરી ને જ્યારથી સુરત છોડ્યું હતું ત્યારથી માંડી હું પાછો વહાણ પર આવ્યો ત્યાં સુધીની તમામ વાત અથથી ઇતિ સુધી કહી સંભળાવી.

એ સાંભળી ભલા નાખુદાને પણ આખરે લાગ્યું કે મારી વાત સાચી હોવી જોઈએ.

આ હકીકતના પુરાવા તરીકે પેટીમાંથી મારો જે સામાન ઉપર લાવવામાં આવ્યો હતો તેમાંથી મારો ઇસકોતરો લાવવા મેં કહ્યું. મારા ગજવામાંથી કંચી કાઢી મેં ઇસકોતરો ઉઘાડયો અને તેમાંથી રાજાજીની દાઢીના વાળની બનાવેલી કાંસકી કાઢી એને બતાવી. બીજી કાંસકી રાણીસાહેબના અંગૂઠાના નખમાં રાજાજીની દાઢીના વાળ ગૂંથીને બનાવી હતી તે પણ બતાવી. વળી એક હાથ લાંબી સોય,ને ટાંકણીઓ તથા મેં કાપી કાઢેલા ભમરાના ચાર ડંખ પણ બતાવ્યા. રાણીસાહેબની ટચલી આંગળીની સોનાની વીંટી બતાવતાં કહ્યું કે 'એક દિવસ રાણીસાહેબે ખુશમિજાજમાં આવી એ વીંટી મારા ગળામાં નાખી હતી, જે મને ગળામાં પટ્ટાની માફક આવી રહી હતી.' આ વીંટી મેં નાખુદાને ભેટ તરીકે આપવા માંડી પણ એ લેવાની એણે ચોખ્ખી ના પાડી.

આ પછી મેં પહેરેલી ત્યાંના ઊંદરના ચામડામાંથી બનાવેલી જોધપુરી સુરવાલ એને બતાવી. મેં ઘણું કહ્યું ત્યારે મારા આગ્રહને વશ થઈ નાખુદાએ મારા સંગ્રહમાંથી ગ્લુમડાલક્લિચના નોકરનો એક દાંત માગી લીધો. એક હાથ લાંબો અને ચાર આંગળ જાડો એ દાંત જોઈ એને બહુ નવાઇ લાગી.

આ બધા પુરાવા જોઈ નાખુદાની ખાતરી થઈ કે મારી હકીકત સાચી હતી. સુરત પહોંચ્યા પછી આ અદ્ભુત કથાને પુસ્તકરૂપે લખી રાખવાની એણે મને ખાસ ભલામણ કરી.

'એક વસ્તુ મને સમજાતી નથી.' એણે જણાવ્યું. 'તમે આટલા ઘાંટા પાડીને કેમ વાત કરો છો? શું ત્યાંનાં રાજા-

રાણી બહેરાં હતાં?'

મેં જવાબ આપ્યો કે બે વર્ષથી ત્યાં ઘાંટા પાડીને બોલવાની ટેવને લીધે મારાથી ઘાંટો પડાઈ જતો હતો. ખલાસી વગેરે ઘણા જ ધીમા અવાજે બોલતા હોય એમ મને લાગતું હતું,—જોકે એમનું બોલવું હું સ્પષ્ટ સાંભળી શકતો હતો. મેં કહ્યું કે 'રાક્ષસદેશમાં તો હું કોઈ મિનારા સાથે વાત કરતો હોઉં એમ ઊંચું જોઈને ઘાંટો પાડીને વાત કર્યા સિવાય છૂટકો જ નહોતો. ઘણીવાર તો સ્પષ્ટ સાંભળવા માટે એ લોકો મને મેજ પર મૂકતા અને એમના કાન મારા મોંની લગોલગ લાવતા. ત્યાંના લોકોને જોયા પછી મને આરસીમાં જોતાં પણ શરમ લાગતી.'

'તમે જમતી વખતે બધી ચીજો સામે વિચિત્ર રીતે શા માટે જોતા હતા, અને તમને આટલું હસવું કેમ આવતું હતું? અમને બધાને તો એમ જ લાગેલું કે તમારું મગજ ઠેકાણે નહિ હોય.'

'અહીંની થાળી મને પૈસા જેવડી લાગે ત્યારે મને હસવું કેમ ન આવે? આપણું પાણી પીવાનું પવાલું ત્યાંની સીવવાની અંગૂઠી જેવડું અને વાડકો તો જાણે અખરોટનું કાચલું! જોકે હું પોતે તો નાની ચીજો જ વાપરતો, પણ મારી આસપાસ એટલું બધું મોટું મોટું જોવાની ટેવ પડી ગઇ હતી કે આ બધી હવે વામનજીને લાયકની વસ્તુઓ લાગે છે. એ જોઈ હસવું કેમ ન આવે?'

આખરે હું સુરત પહોંચ્યો. ઘેર જતાં રસ્તામાં હું ફરી

લીલીપુટમાં હોઉં એવું લાગવા માંડ્યું. બધું જ નાનું નાનું લાગે. ઘેર પહોંચતાં દરવાજામાં મારું માથું ભટકાય એ બીકે હું ખૂબ નીચો વળી અંદર પેઠો.

મારી સ્ત્રી તથા બાળકો મારી પાસે દોડતાં આવ્યાં તે પણ એવાં નાનાં નાનાં લાગે! હું પોતે કોઇ રાક્ષસ હોઉં એવું જ લાગતું, જ્યારે આસપાસનું બધું જ નાનું નાનું લાગતું.

શરૂઆતમાં તો મારાં સગાંવહાલાં તેમજ મિત્રોને મારી વર્તણુક બહુ વિચિત્ર લાગી. ઊંચું જોઇને ઘાંટો પાડીને વાતો કરવાની ટેવ વગેરે વિચિત્રતા જોઈ એમને લાગ્યું કે હું ગાંડો થઇ ગયો હોઇશ.

પછી સૌએ જ્યારે મારી સફરનું વર્ણન સાંભળ્યું ત્યારે જ એમને મારું વર્તન સમજાયું. બે વર્ષની ટેવ એકદમ જતી નથી, એટલે થોડા દિવસ તો મને પણ બધું વિચિત્ર જણાયું. પછી તો ટેવાઈ જતાં મારું બાઘાપણું ધીમે ધીમે જતું રહ્યું.

આ સફરની કથની સાંભળ્યા પછી તો બીજી સફર પર જવાની મારી સ્ત્રીએ મને ચોખ્ખી મનાઈ કરી.

સૌ. હંસાબહેન મહેતા કૃત પુસ્તકો

બાળવાર્તાવલિ
(ચોથી આવૃત્તિ છપાય છે)

બાળવાર્તાવલિ ભાગ ૨ જો

બાવલાનાં પરાક્રમ
(ત્રીજી આવૃત્તિ કુમાર પ્રિન્ટરીમાં છપાય છે)

ગોળીબારની મુસાફરી ભાગ ૧ લો અને ૨ જો

રુકિમણી
(અ[illegible] પુસ્તકમાળા)

[illegible] અદ્‌ભુત સ્વપ્ન

ત્રણ નાટકો

